

ઈડર રાજ્યમાંની શામળાજીની ટેકરીઓ પાસેના દેવની ઝરા આગળથી મળેલી શુમારે છઠ્ઠા સૈકાની પ્રાચીન મૂર્તિ **વીરભદ્ર-શિવ** વિશેષ નોંધ આ અંકમાં વાંચો

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક ૧૫૪

આસો ૧૯૯૮ · તંત્રી રવિશંકર રાવળ સંપાદક બચુભાઈ રાવત

કુમાર

આસો ૧૯૯૨

અંક ૧૫૪

મુદ્રક • ખચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના; મુંબઇના એજન્ટો • આર.આર. શેઠની કંપની, અને સી જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ; જાહેર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ



નવધાન્ય
ચિત્રકાર • રસિકલાલ પરીખ

કુમાર



ગરવાં સપનાં

(ભજન)

એ . . . સપનાં ગરવાં જી,
અમને સપનાં ગરવાં જી.

ગરવાં સપનાં નિતનિત સરજી
ગીત નિરંતર ગાશું,
સપનાંનાં સૌ સત પારખવા
વ્યોમપાર પણ જાશું: અમને૦

દાવાનળની કૂદડી આળી
ઝાળ ધસી કર રહાશું,
ગરવાં સપનાં સાચાં કરવા
મરવાને પણ ધાશું: અમને૦

અગનભઠ્ઠીમાં જળીજળી જાતાં
મગન મગન થૈ ન્હાશું,
મરી જીવીને જીવી મરીને
સપનાં સરખા થાશું: અમને૦

ચન્દ્રવદન મહેતા

આવતી કાલનાં નાગરિકોનું માસિક· વર્ષ તેરમું· અંક દસમો· આસો· ઓગણીસ સો બાણુ

મારી નજરે

ક્યોતોના કલાકારોની મુલાકાત

● જાપાનના કલાજીવનનો ને કલાકારોનો સાક્ષાત પરિચય મેળવવો એ તો મારા જાપાનના પ્રવાસનું મુખ્ય ધ્યેય હતું; એટલે જતાંવેંત મેં એ જ તજવીજ માંડી કે ત્યાંના કલાકારોને જાણનારા કે પિછાનનારા કેટલા હિંદી ગૃહસ્થો છે. પહેલા બેચાર દિવસ તો મેં ગમે તે સંગાથમાં ગમે તે જોવામાં વીતાવ્યા. દરેક હિંદી મિત્રની ઑફિસમાં મારો એ જ પ્રશ્ન રહેતો કે જાપાનના કલાકારોનો સમાગમ કરાવે એવું કોઇ છે? મિ. સહાયે ટોકિયોમાં એવા સંજોગો મેળવી આપવા વચન આપેલું પણ તે તો ઘણો લાંબો વાયદો હતો. મિ. બોઝ બાબુ કરીને એક ગૃહસ્થ કોબેમાં હતા. તેમને ચિત્રો કરવાનો શોખ છે એમ કોઇએ જણાવ્યું, એટલે મારા મિત્ર ગિધુભાઇ દવેની સાથે તેમને ઘેર ગયો. તે બોઝ પ્રખ્યાત ક્રાંતિવાદી નહિ, પણ વેપારી લાઇનના એક વિદ્યાકળાવ્યાસંગી રંગીલા ગૃહસ્થ હતા. તેમણે જાપાની રીતે ખાખીમોનો કરવાની હથોટી મેળવેલી, પણ તેમાં હિંદી ચિત્રોના નકલો અને શેઇડ-લાઇટ વાળા દીવાળી અંકોના ફોટોગ્રાફોની નકલોજ મુખ્ય હતી. તેમનો દાવો કલાકાર થવાનો જરા પણ નહોતો. તો યે ધંધા સાથે પીંછી અને રંગનો આવો ઉપાસક પણ છે એ જાણી મને આનંદ થયો. જોકે તેથી મારું કામ કંઇ ન સર્યું.

નાકામુરા સાન

જાપાનમાં વસનારા હિંદીઓમાંથી કોઇ ત્યાંના કલાકારોની સૃષ્ટિમાં રસ લેતા જણાયા નહિ ત્યારે હું લગભગ નિરાશ અને ઓશિયાળો થવા લાગ્યો. એવામાં એક મિત્રે આપેલા સરનામે લખેલા પત્રનો જવાબ જાપાની ભાષામાં શ્રીમતી યોશી મુરાએ આપ્યો કે પોતે ટોકિયોમાં મને મળશે. અને કળાકારોના મંડળમાં મને મેળવી આપશે. ટોકિયો જવાને હજુ દિવસોનું અંતર હતું, એવામાં શ્રીમતી કાશીબેન કોટકનાં ચિત્ર શિક્ષક અને મિત્ર શ્રીમતી નાકામુરા સાન તેમના શનિવારના વારા પ્રમાણે તેમને ઘેર આવ્યાં. એમણે મારી પાસે જે ચિત્રસમૂહ હતો તે જોયો અને પોતાનો મત જણાવ્યો કે એ ચિત્રોનું પ્રદર્શન થવું જોઇએ અને તે દ્વારા ઘણા જાપાની ચિત્રકારોને સહેલાઇથી મળી શકાશે. આવી ગોઠવણ બની શકી હોત તો બેશક મને વધુ જાહેરાત અને ઓળખાણો મળી રહેત, પણ એ બધી વ્યવસ્થા રસપૂર્વક પાર ઉતારી આપનારનો અભાવ હતો; એટલે મેં વ્યક્તિગત પરિચયો મેળવવાનું જ યોગ્ય ધાર્યું. જોકે પાછળથી તો એવું પ્રદર્શન પોતાની મહેનતે કરવા જાપાની કળાકાર મિત્રોએ તત્પરતા બતાવેલી પણ એ વખતે તો જાપાનમાંથી વિદાયની વેળા પાસે આવી ગઇ હતી.

શ્રીમતી નાકામુરા સાને બીજે દિવસે તેમના એક મિત્ર શિક્ષક મિ. હયાશીને મારો સંગ્રહ જોવા આણ્યા. એમણે પણ કલાક સુધી ખૂબ રસપૂર્વક જોઇને અભિપ્રાય આપ્યો કે એ ચિત્રોની કળા ઘણી જૂદી ઢબની હોવા છતાં એ ચિત્રોમાં કેટલું યે પૌર્વાત્ય તત્ત્વ છે; ઉપરાંત કેટલીક નવી પ્રણાલી પણ છે અને જાપાનના મોટા ચિત્રકારો પણ તેમાં રસ લઇ શકશે. એ પછી તેઓ મને એક મોટા સ્ટોરમાં સૌથી ઉપલા મજલા પર એ જ શહેરની કૃતિઓનું પ્રદર્શન હતું તે જોવા લઇ ગયા. આવાં પ્રદર્શનો ડિપાર્ટમેંટલ સ્ટોર ઉપર વખતો વખત કરવાનો જાપાનમાં રિવાજ છે. ખરીદી કરવા આવે તેઓ પ્રદર્શન પણ જુએ અને પ્રદર્શન જોવા આવે તેમાંના કેટલાક સ્ટોરમાંથી ખરીદી પણ કરતા જાય; છતાં પ્રદર્શનમાં તો ધંધાબુદ્ધિનું જરા પણ ભાન થવા ન દે. પ્રદર્શનના સંચાલક સાથે મિ. હયાશીએ મારી મુલાકાત કરાવી એટલે તેણે તુરત પોતાના ખંડમાં લઇ જઇ બરફ નાખેલી ચા મંગાવી સ્વાગત કર્યું અને જણાવ્યું કે જરૂર પડે તો તેઓ મારાં ચિત્રોનું પણ, અહીં હતું તેવું પ્રદર્શન કરશે. મને ભય લાગ્યો કે ચિત્રો એમ સાત આઠ દિવસ રોકાય તો મારો પ્રવાસ થંભી જાય; એટલે મેં એ પસંદ ન કર્યું. બીજું અહીં હું એ શીખ્યો કે અંગ્રેજી નામ કે વર્ણનમાં કોઇ કંઇ સમજે નહિ. ચોક્કસ રીતે જાપાની ભાષામાં જ ચિત્રની વિગતો તૈયાર થવી જોઇએ, કૅટલગ થવું જોઇએ; એવી ઘણી બાબતો હતી કે જેને માટે અગાઉથી યોજના કરી હોવી જોઇએ. એ બધાં માટે મને મારાં સાધનો અને શક્તિની મર્યાદા ખ્યાલમાં હતી એટલે નિરૂપાય બન્યો. આ દરેક પ્રસંગમાં મને વાર્તાલાપ માટે સાથ આપનાર એક હિંદી મિત્રની ગરજ રહેતી. રાજકોટવાળા મારા મિત્ર આર્ટિસ્ટ શ્રીયુત છોટાલાલ તેજપાળના તરુણ પુત્ર રોશનલાલે પહેલેથી જ આવા પ્રસંગોએ મદદ આપવા કબૂલ કરેલું અને તે વચન તેમણે એટલી નિખાલસતાથી ને હૃદયપૂર્વક પાળી બતાવ્યું કે હું તે કદી ભૂલીશ નહિ. તેણે થોડા જ વખતમાં જાપાની ભાષાનો અભ્યાસ કરી એવી તો તાલીમ મેળવી હતી કે જાપાની ચિત્રકારો તેની પ્રશંસા કરતા હતા. જાપાની કળા વિષે વખતોવખત નવાનવા શબ્દોની જરૂર પડતી તે તેઓ નિરાંતે નોંધી લેતા અને બીજી વખત એક બે પાનાં ભરી પોતાનો કળા વિશેનો કોષ તૈયાર કરી લાવતા. આ બાબત બહુ જરૂરની



જાપાનના વસવાટ દરમ્યાનના મારા ત્રણ તરુણ સાથીદારો

મિ બાબુ દવે   મિ. રોશનલાલ   મિ. વિનોદ શાહ

હતી. આથી કેટલાયે ચિત્રપ્રસંગો સમજાવવાનું તેમજ કળાના વિવિધ પ્રકારો વર્ણવવાનું સરળ થતું અને મને પણ એમની વાતચિત અને અનુવાદોમાંથી જોઇતું જાણવાનું મળી રહેતું.

સાતો સાન

● શ્રી નાકામુરા સાને મારી મુલાકાતને બહુ ગંભીર ગણી ક્યોતોના કલાકારો આગળ મારી વાત ચલાવી હશે તે પરથી બીજા રવિવારે ક્યોતો જવાનું ઠરાવ્યું. ભાઇ રોશનલાલ મારી સાથે આવ્યા. અમારો મોટો ચિત્ર પોથો ઉઠાવી અમે સવારે નવ વાગ્યે ક્યોતોના સ્ટેશનમાં ઊતર્યા કે દરવાજા ઉપર જ એ અતિથિપરાયણ કલાકાર બહેન ઊભી હતી. સાથેનો ચિત્ર-પોથો એટલો ભારે હતો કે ટૅક્સી વગર જવાય જ નહિ; એટલે તુરત ટૅક્સીમાં ચડી બેઠા અને નાકામુરા સાન જે લત્તામાં રહેતાં ત્યાં પહોંચ્યા તેમને અમારા વખતની ચિંતા હતી એટલે પહેલાં જ અમને પોતાના ગુરુ અને મિત્ર સમા મિ. સાતો અથવા સાતોસાનને ઘેર લઇ ગયા. ક્યોતો એટલે જાપાનનું પરંપરાની સંસ્કૃતિનું ધામ, અને તેમાંયે અમે ત્યાંના પ્રસિદ્ધ બુદ્ધ મંદિરની ટેકરી પર વસેલા અસલી રીતભાત-વાળા લત્તામાં પેઠા, એટલે જાપાનની ખરેખરી પ્રજા જોવાની તક મળી. મધ્યમ વર્ગના ગૃહસ્થોનાં ઘરો વચ્ચે ચિત્રકારોનાં ઘરો બહારથી પરખાય નહિ. નાકામુરા સાને કહ્યું કે એટલા ભાગમાં ઘણા ચિત્રકારો વસતા હતા. પણ દરેકને મળવા ઘણા દિવસો જોઇએ. સાતોસાનનું ઘર તો તેમને મન સગાનું જ ઘર હોય તેમ લાગ્યું. અમારે મન એ બેઠા ઘાટનાં ઘરોની હળવી જાળીઓ અને બારણાં પર લખેલા નામો કે નંબરો માત્ર ચીતરામણ જેવાં હતાં. સાતો સાનના ઘર આગળ પહોંચતાં નાકામુરા સાન પહેલાં અમારા ખબર આપવા અંદર ગયાં એટલી વારમાં અમે બૂટ ઉતારી બારણા આગળના બાંકડા જેટલા ઊંચાઇના ઉંબરે અટક્યા ત્યાં તો સાતોસાનનાં પત્ની-એ અંદરથી આવી ગોઠણભર બેસી ઝૂકીઝૂકી પ્રણામો કરવા માંડ્યા. હું તો આ વિવેકના પહેલા મોજાથી ક્ષણભર સ્તબ્ધ બની ગયો; પણ તેના દરેક વાક્યનો અર્થ રોશનલાલે કરવા માંડ્યો ત્યારે સમજ્યો કે અમારૂં આવાગમન આજ ઘણા દિનથી આતુરતાથી રાહ જોવડાવી રહ્યું છે અને તેમનું આંગણું પાવન થયું છે વગેરે મધુર વચનોથી તે સ્વાગત શબ્દો ઉચ્ચારી રહ્યાં છે, એટલે અમે પણ ભાવપૂર્વક તેમને નમનો કર્યાં અને ઉંબર ચડી અંદરની સાદડી પર જઇ ગોઠણ ઢાળી બેઠા. થોડી વારે ઉપરના મેડા પરથી ગ્લાન ચહેરાના એક સુકાઈ ગયા છતાં પ્રસન્ન હસતા જાપાની ગૃહસ્થ ઊતર્યા. તેને નાકા-મુરા સાને ખુદ સાતોસાન તરીકે ઓળખાવ્યા. આ શાંત મધુર ગૃહસ્થે એ ક્ષણથી મારા પર જે સુજનતા અને સહૃદયતાની છાપ પાડી તે છેવટ સુધી સાચી ઠરી છે.

તે આવ્યા કે અમે પણ ઊભા થયા અને જેમજેમ તેમણે કેડથી વળી જાપાની રીતે નમનો કર્યાં તેમ અમે પણ ત્રણ ત્રણ વાર તેનો પ્રતિવાદ કર્યો અને બેસતાં બેસતાં ય માથાં નમાવ્યાં.

મારા મિત્ર રોશનલાલે મારી હકીકત ટૂંકમાં જણાવી. નાકામુરા સાને જણાવ્યું કે ચિત્રો પણ સાથે લાવ્યા છે, એટલે બધું ઉપાડી ઉપર તેમના ખાસ ચિત્રખંડ (સ્ટુડિયો)માં લઇ ચાલ્યા. સાંકડા દાદરે ચડી અમે ઉપર ગયા તો ચિત્રખંડની બાજુમાં એક નાનો મુલાકાત ખંડ હતો. આ બધા ખંડોની છત ભાગ્યે જ આઠ કે નવ ફૂટથી વધુ ઊંચી હશે. બધે જ નીચે સાદડીની સપાટ ગાદીઓ પર બેસવાનું. એકએક ફૂટની લાંબી ઝરૂખડીઓવાળા આ ખંડો લાગતા જ ઘોલકી જેવા. તેમાં કોઈથી ધીંગામસ્તી તો શાની જ થાય? તેનાં બારણાં કાગળ મઢેલાં ચોકઠાનાં, પણ બહુ જ સ્વચ્છ અને સુંદર લાગતાં. તેમણે બધાં ચિત્રો એકધ્યાનથી અને ખૂબ રસથી જોયાં. એ દરમિયાન તેમનાં પત્ની ચા, નાસ્તો, ફળ વગેરે લાવતાં જ ગયાં. આટલી બધી આગતાસ્વાગતા માત્ર નાકામુરા સાનની વાત પર જ તેમણે આદરેલી. અમે ત્રણ કલાક તેમના ઘરમાં કેમ પૂરા કર્યા તેનો ખ્યાલ જ ન રહ્યો. તેમનાં ચિત્રો, સાધનો, રંગો વગેરે એકેએક ચીજ જોઇ. સાતો સાન ક્યોતોના બહુ આગળપડતા ચિત્રકાર નહોતા, તોપણ તેમનો અભ્યાસ, કળા અને જીવન જોઇ મને બહુ માન ઉપજ્યું. તે પૂરેપૂરા બુદ્ધધર્મી હતા, અને તેમનાં ચિત્રો માટે કેટલાંક બુદ્ધ ધામો તરફથી તેમને વખતોવખત કામ મળ્યા કરતું. તેમના સ્ટુ-ડિયોમાં આઠ ફૂટ લાંબાં અને છ ફૂટ પહોળાં ચિત્રો, તૈયાર કરેલાં તેમજ અધૂરાં, જોયાં. શાળાઓ માટે તેમણે એક મોટો દરિયા પરનો બાગ ચીતરેલો, તેમાં બાળકો રમતાં બતાવેલાં અને દરિયામાં સ્ટીમર ચાલી જતી બતાવેલી. કદાવર માપનું એ ચિત્ર છતાં પ્રસંગ બાલોચિત મનોહરતાભર્યો અને સ્વસ્થ હથોટીવાળો હતો. બીજું એક ચિત્ર માત્ર નદીકાંઠાની વનસ્પતિ અને થોડો જ દેખાવ બતાવતું હતું. તેમાં યે વનસ્પતિની સચ્ચાઇ અને સફાઇ મુગલ ચિતારા કરતા વધુ ચોકસાઇભરી હતી. ત્રીજું એક મોટું અધૂરૂં ચિત્ર એક કઠેરા પર બેઠેલાં પાંચ સાત કબૂતરોનું હતું. બહાર વરસાદ પડતો હતો, કબૂતરો લપાઈ ડોક સંકોચતાં જુદાજુદા ભાવ ધારણ કરી બેઠાં હતાં. દરેકની મુદ્રા અને ચિત્રકામ એટલી સૂક્ષ્મતાભર્યાં હતાં કે હું તાજ્જૂબ થઇ જોવા લાગ્યો; એટલે એમણે બારી તરફ આંગળી કરી એકબે પીંજરાં બતાવ્યાં તો તેમાં જીવતાં કબૂતરો પાળેલાં હતાં. હવે હું સમજ્યો કે ચિત્ર માટે ખુદ મૂળ વસ્તુનો અભ્યાસ કરવા તેમણે કેવી કાળજી રાખી છે. આવા ચિત્રની કિંમત તેમને શું મળે એમ પૂછ્યું તો કહે, 'ધર્મસ્થાનનું કામ છે એટલે માત્ર ૮૦૦ યેન પોતે લેશે. કામ બેત્રણ માસ ચાલે. કામના પ્રમાણમાં મને કિંમત તદ્દન સાધારણ લાગી. પણ તેમણે કહ્યુ કે કિંમત ભલે મોટી ન હોય પણ એવું કામ બારે માસ ચાલુ રહે છે એટલે જરાયે અસંતોષનું કારણ નહોતું.

તેમનો સ્ટુડિયો પંદર ફૂટ લાંબો પહોળો હતો. એક બાજુ



શ્રીમતી નાકામુરા સાન પોતાની કલાકુટિરમાં

તદ્દન ખુલ્લી હતી ત્યાં મોટી કાચની બારીઓ હતી ને તેનાં બારણાં કબાટની પેઠે ખસેડીને બંધ કરાય તેવાં રાખેલાં હતાં.

તેમણે મને બહુ જ પ્રેમથી દરેક જાતની પીછીઓ, રંગો, ચોપડીઓ બતાવ્યાં. કલાકારોનાં આગેવાન પત્રો બતાવ્યાં જેમાં તેમનાં પોતાનાં ચિત્રો પણ પ્રકટ થએલાં હતાં. જાપાનમાં મેં પહેલવહેલો તેમનો સ્કેચ લીધો. તેમનાં પત્ની હારૂકો સાન (હારૂકો=વસંતબાઇ)નો સ્કેચ પણ દોર્યો. આ પતિપત્નીમાં મને હિંદુસ્તાનના ગૃહસ્થાશ્રમનું બહુ સામ્ય દેખાયું. હારૂકોસાન વખતોવખત નીચે જઇ ઘરનું કામ સંભાળી આવતાં ને પાછાં મહેમાનને માન આપવા બેસી જતાં. ચિત્રો રસથી નીરખતાં. બાળકો રમતાં આવે તો એકને પછવાડે લાગવા દે, એકને ખોળે બેસાડે. સાદાઇ, ગરીબાઈ ને સંતોષથી તેમની ખાનદાની ઝળકતી લાગતી અમે વાતોમાં વખત ભૂલ્યા હતા, પણ એકનો શુમાર થયો એટલે નાકામુરા સાન અમારા માટે સૅન્ડવિચ, ચા વગેરે નાસ્તો લઇ આવ્યાં. આ ભલાં બાઇએ પહેલાં તો નજીકમાં આવેલા પોતાના નિવાસમાં અમને નાસ્તો આપવો ધારેલો, પણ અમને વાતોમાં મશગૂલ જોઇ ત્યાં જ બધું લઇ આવ્યાં ને નમ્રતાપૂર્વક જણાવ્યું કે વખત મળે ત્યારે તેમના ઘરમાં અમારાં પગલાં જરૂર કરવાનાં છે. બે વાગ્યે તો અમને ક્યોતોની આર્ટ સ્કૂલના હેડમાસ્તર મિ. મોરી સાનનો ટેલીફોન મળ્યો કે તે અમારી રાહ જુએ છે. સાતો સાને કહ્યું કે અમારે બધું છોડી ત્યાં પહેલાં જવું જોઇએ. ચિત્રો પણ સાથે રાખવાનું ઠર્યું. ટૅકસી કરી અમે ક્યોતોની આર્ટ સ્કૂલમાં પહોંચ્યા.

મોરી સાન

● આર્ટ સ્કૂલના મકાને તો કાંઇ મારા મન ઉપર બહુ છાપ ન પાડી, પણ અંદર ગયા પછી તેના વર્ગો જોયા, વિદ્યાર્થીઓનાં જૂથ જોયાં ત્યારે લાગ્યું કે શહેરની ગરીબ પ્રજાને આ શાળાનો કેટલો લાભ છે. જાપાનમાં સરકાર તરફથી કળા-શિક્ષણ આપનારી બે જ આર્ટ સ્કૂલ છે. ટોકિયોની ઇમ્પીરીઅલ આર્ટ કૉલેજ અને ક્યોતોની આ આર્ટ સ્કૂલ. ક્યોતોની આર્ટ સ્કૂલમાં મોટેભાગે ધંધાર્થી કળાઓ અને ડિઝાઇનો ઉપર વધુ ધ્યાન આપવામાં આવે છે. અમે ત્યાં પહોંચ્યા કે મોરી સાન અમને મળ્યા અને શિષ્ટાચાર બાદ તુરત વર્ગો જોવા ચાલ્યા. ચાલતા વર્ગો જોયા તો પ્રાથમિક શિક્ષણ પૂરૂં કરી આવેલા વિદ્યાર્થીઓ ચાર વર્ષમાં કેટલું ઉપયોગી અને પાકું કામ કરી શકે છે એ સમજાયું. અહીંનાં વર્ષો પૂરાં કરી વિદ્યાર્થી ટોકિયોની કૉલેજમાં જાય છે અને ત્યાં ત્રણ વર્ષે ગ્રૅજ્યુએટ થાય છે.

આ કળાશાળાઓના વિદ્યાર્થીઓને કામ, ધંધો અને ઘરાકી મળી જ રહે છે આખા જાપાનનાં કારખાનાંમાત્રને ડિઝાઇનરોની જરૂર હોય છે. વાસણો, કપડાં, પદાર્થો દરેક બનાવટ માટે ચિતારો જ રંગ અને માપ સાથેનાં ડિઝાઇન આલેખી આપે છે ને તે પ્રમાણે કારીગરો માલ બનાવે છે. ચિત્રકળા તો પ્રજાજીવનનું અંગ છે, એટલે ચિત્રો કરનારા પ્રદર્શનોમાં કે

નીચેઃ ક્યોતો આર્ટ સ્કૂલના હેડમાસ્તર અને વિખ્યાત કલાકાર મોરી સાન તથા બીજા જાણીતા ચિત્રકાર સાતો સાનની સાથે રવિશંકર રાવળ. સામેને પાને ફીલસુફ ચિત્રકાર મુરાકામી સાન





ક્યોતાના જાણીતા કલાકાર મીકી સાનને ઘેર. તેમના પરિવાર સાથે

ખાનગી રીતે ચિત્રો વેચીને પણ યથેચ્છ જીવનનિર્વાહ મેળવી શકે છે. ક્યોતો આર્ટ સ્કૂલનો અભ્યાસક્રમ જીવનની પરિસ્થિતિમાં માફક આવે તેવી જ રીતે રચાયો છે. આખા દેશમાં ચિત્રશિક્ષકોની પણ મોટી જરૂર રહે છે. આર્ટ સ્કૂલમાં ભરતી ખૂબ જ દેખાઇ. એક કલાસમાં કીમોનો (જાપાની જભ્ભા)નાં ડિઝાઇનો વિદ્યાર્થીઓ કરતા હતા. તે પર મુકાતાં ફૂલપાન અને રંગો તો કોઇ પરીઓ જ પસંદ કરે! આવા કલ્પનાપૂર્ણ પોશાકો ચિત્રકારોને અવનવી ઊર્મિ આપે એમાં શી નવાઇ? મેં એવા એક પોશાકનો નકશો માગ્યો. વર્ગશિક્ષકે તરત હા પાડી અને મેં શાળાની વિદાય લીધી તે વખતે તેનું ભૂંગળું કરી મારા હાથમાં આપ્યું. મેં ચિત્રો અને વિદ્યાર્થીઓની ફિલ્મો પાડી તેમાં પણ કોઇએ અંતરાય ન કર્યો. સરકારી સંસ્થામાં એક પરદેશીને આટલો આદર અને સગવડ મળતાં જોઈ મને બહુ જ આશ્ચર્ય થયું. બધું જોયા પછી મેળાપના ખંડમાં અમે પાછા ગયા ત્યારે મોરી સાને મારો ચિત્રપોથો જોવા માગ્યો. ઉઘાડીને એકાદ ચિત્ર કાઢ્યું ત્યાં એમનો ભાવ બદલાયો અને કહ્યું કે રહો, હું બીજા શિક્ષકોને બોલાવી લાવું.

થોડી વારમાં તો કાળા કીમોનો પહેરેલા પ્રોફેસરોથી એ ખંડ આખો ભરાઇ ગયો અને ચિત્રો એક પછી એક બબ્બે હાથે ફરવા લાગ્યાં. એકદમ વાતાવરણમાં નવી જ ચેતના અને રસ ઊભરાતાં લાગ્યાં. દરેકનો વિનય અને વિવેક વધી ગયાં. મને મોરી સાને સમજાવ્યું કે એ મંડળમાં ક્યોતોના બહુ નામાંકિત ચિત્રકારો છે. પણ હું કોઇ સાથે શું બોલું? જાપાની ભાષાનું અજ્ઞાન મારા હોઠને સીવી રાખતું હતું બહુ વખત ગયો એટલે નાકામુરા સાને સૌને સમજાવી ચિત્રો ભેગાં કર્યાં અને અમે સૌનું ભાવભીનું નમન લેતા દેતા બહાર પડ્યા. એ બધાની અંદર ઇશીઝાકી સાન હતા તેમને મેં એ વખતે ઓળખ્યા નહિ, પણ પછીથી તેમનો કાગળ મળ્યો ત્યારે આ પ્રસંગે જ મને જાપાનના એક અત્યુત્તમ કલાકારની ઓળખાણ સાંધી આપી છે એમ સમજાયું. સાંજે સાત વાગ્યે તો નાકામુરા સાને બીજા એક કલાકાર મીકી સાનને ત્યાં જવાનું ઠરાવી રાખ્યું હતું, એટલે દોડતા ત્યાં પહોંચ્યા.

મીકી સાન

● મીકી સાનનું ઘર તો એ મંદિરના લત્તામાં જ હતું, પણ સવારે એ ઘેર નહોતા, અને અમે તેમને મળ્યા વગર જઇએ તો ખોટું લાગશે એમ નાકામુરા સાને જણાવ્યું, એટલે તેમને ઘેર પણ ગયા. સાતો સાન કરતાં ત્યાં શ્રીમતાઇ વધારે દેખાઈ. તેમાં એક તો તેમનું ગર્ભશ્રીમંતપણું અને બીજું તેમની પોતાની આગળપડતી લોકપ્રિયતા એ બે કારણો હતાં. તેમણે અમને કંઇ ખાવાનું પૂછ્યું, પણ અમારું મન કોબે પહોંચી હિંદી ખાણું ઝાપટવાનો નિશ્ચય કરી બેઠું હતું. પરંતુ કોને ખબર હતી કે એ પણ વસ્લની રાત થવાની હતી! મીકી સાને અમારા જ અનુરોધથી માત્ર ચા કરવા કહ્યું, પણ અમારાં ચિત્રોનું બયાન આપતાં રોશનલાલે એવી મોહની ચલાવી કે તે બહાર જઇ તેમનાં પત્ની, પુત્રી અને વિદ્યાર્થિનીઓને લઇ આવ્યા.



અને પછી તો દાયરો જામ્યો. રોશનલાલ પણ તક સાધી સાથે લાવેલો એક મઝદા બલ્બ તેમના ખંડમાં લગાવીને ફિલ્મો પાડવા લાગ્યા. એમણે છબીઓ લીધી. મેં બધાના સ્કેચ દોર્યા. તેમની નાનકડી પરી જેવી ૧૪ વર્ષની કન્યાનું હાસ્ય તો વચ્ચેવચ્ચે ફૂલ વેરતું. તેમનાં પત્ની ગર્ભશ્રીમંતાઇની છટાથી ગૌરવવંતી બેઠક જાળવતાં. ચિત્રો જોવામાં તેઓ ઘરની નોકરડીને પણ બોલાવવાનું ભૂલ્યાં નહોતાં. મીકી સાનનાં ચિત્રો તો શાહી મહેલોમાં ટંગાયાં હતાં. તે મોટે ભાગે જાપાનનું નારીસૌન્દર્ય ચીતરવામાં એક્કા ગણાતા પણ તે અનુચિત રીતે જરાપણ નહિ. કવિઓ અને સૌંદર્યજ્ઞાતાઓની કસોટીએ ચડે એવી સુકુમાર હવાઇ રંગકળા અને પીંછીનું આલેખન તેમને સુસાધ્ય હતું. લગભગ અસલ માનવ માપનાં પાત્રો તે ખેંચતા. તેમનાં રંગ અને રેખાઓ ગળે એટલાં નરમ લાગતાં. અમેરિકનો તથા યુરોપિયનોને એમનાં ચિત્રો મેળવવા તજવીજ કરવી પડતી અને ભલભલા કોન્સલો અમે બેઠા હતા ત્યાં બેસીને ચિત્રો જોઇ ગએલા એવી તવારીખ તેમની ઑટોગ્રાફ બુકમાંથી મળી. પણ તે જોવાની કિંમત તરીકે મારે પણ તેમાં બે લીટીઓ લખવી પડી. મારી વાતો, મારા વિદ્યાર્થીઓની કળાઓ, મિત્રચિત્રકારોની કળા, ચિત્રપ્રસંગો તેમને બહુ જ ગમ્યા. વાતો કરતાં રાતના અગિયાર વાગ્યા એટલે અમે ચેત્યા કે કોબે જવાની છેલ્લી ટ્રેન પણ ગઇ. માંડ માંડ વિદાયના વિવેક ઝીલતા બહાર પડ્યા તે વખતે પોળ આખી ઊંઘમાં પડી હતી; પણ મિકી સાન, તેમનાં પત્ની અને બાળકી ઝાંપા સુધી આવી અમને ટૅક્સીમાં બેઠેલા જોયા ત્યારે જ પાછાં વળ્યાં. અમારે તો પછી ટૅક્સીવાળા સાથે જ કોબે પહોંચવાની ગોઠવણ ઘડવી પડી.

કોબેના કલાકાર મુરાકામી સાન

● કોબેમાં હિંદી ભાઇઓ સમસ્તની એક ઇન્ડિયા કલબ છે. તેમાં ઇન્ડિયન લેડીઝ કલબનો પણ સમાવેશ થઇ જાય છે. બાનુઓની કલબનાં એક સેક્રેટરી મિસિસ અલીને મળવા નાનાભાઇ ગયા ત્યારે તેમની સાથે તેમને ઘેર જવાનો મને પ્રસંગ મળ્યો. મેં જોયું કે જાપાનના બધા હિંદી ભાઇઓનાં દિવાનખાનાં જ્યારે જાપાનનાં બજારૂ ચિત્રોથી શણગારેલાં હતાં ત્યારે હસનભાઇના ઘરમાં જ મેં હિંદી સજાવટ અને ચિત્રો જોયાં. એ પરથી મને લાગ્યું કે કળા વિષે કંઇક સમજપૂર્વક લાગણી ધરાવતા એક ગૃહસ્થ છે ખરા. એટલે મેં તો મારી ઝંખના પ્રમાણે તેમને જ પૂછ્યું કે તેઓ કોઈ જાપાની કલાકારના સંપર્કમાં છે કે નહિ. મારી વાતમાં તેમને પણ કંઇક મજા પડી હોય તેમ લાગ્યું, એટલે જણાવ્યું કે મુરાકામી કરીને એક ચિત્રકારને તેઓ પિછાને છે. પણ તેની જાપાનમાં શી યોગ્યતા છે તે કહી શકાય નહિ. છતાં એટલું કહ્યું કે આ માણસ બહુશ્રુત અને સંસ્કારી છે; કળા વિષે લેખો પણ લખે છે; દમથી બિમાર રહે છે; જરા મનસ્વી પણ છે, એટલે એકદમ તેમને ઘેર જવા કરતાં અમને પોતાને ઘેર જ ભેગા કરી આપવાની ઇચ્છા દર્શાવી. મેં તે કબૂલ કર્યું. પછીના ત્રીજા દિવસે સાંજે અમારી મુલાકાત ઠરાવ્યાનું તેમણે કહેવડાવ્યું તે વખતે હું તેમને ઘેર મારો ચિત્રોનો થોથો લઇને ગયો. એ વખતે આ મુસ્લીમ દંપતીની નિખાલસતા ને આતિથ્ય જોવાનો સુંદર અવસર મને પ્રાપ્ત થયો. શેઠ હસનભાઇએ તથા તેમનાં પત્નીએ ખૂબ કદરદાનીથી ચિત્રો જોયાં. એવામાં મુરાકામી સાન આવી પહોંચ્યા. જાપાની કલાકારો બહાર નીકળે છે ત્યારે પોતાનો વ્યવસાય સૂચવનારો એક કાળો કીમોનો પહેરે છે અને ઉપર સાટીનનો બીજો ખાસ અડધિયો જભ્ભો પહેરે છે. છાતી આગળથી તે ખુલ્લો રહે છે, પણ વચમાં ચાર છ ઈંચનો ગાળો રાખી તોરાવાળી દોરાની ગાંઠ લગાડે છે. મુરાકામીએ અત્યારે એવો પોશાક સજ્યો હતો, પણ જાપાનવાસીમાં ઊંચાઇથી જુદા પડી આવતા, સામુરાઇ બાંધાના લાંબા હાડના આ કલાકારને જોઇ મને જાણે કોઇ હિંદીવાન લાગ્યા હતા. શેઠ હસનભાઇએ અમારૂં દુભાષિયાપદ સ્વીકાર્યું.


જાપાની શિષ્ટાચારો થયા પછી વાર્તાલાપ ને ચિત્રો જોવાનું ચાલુ થયું. મુરાકામીનો ચહેરો માંદા જેવો, પણ વાતચીતમાં બહુ તાત્ત્વિક અને આદર્શપરાયણ લાગ્યા. તેમને જ્યારે ખબર પડી કે હું તો માંસ, દારૂ, ઇંડાં, સીગારેટ કંઈ જ લેતો નથી ત્યારે તો તેમને લાગ્યું કે હિંદુસ્તાનના બધા માણસો ગાંધી થઇ ગયા છે કે શું ?! તેમણે વાતમાં ખૂબ પ્રેમથી જણાવ્યું કે પોતે હિંદના પ્રેમી છે અને બૌદ્ધ આદર્શોની જ પ્રેરણા પર ચિત્રો કરે છે. તેમની સાથે એકબે કલાનાં માસિકો લાવ્યા હતા તેમાં પોતાના લેખો અને ચિત્રો બતાવ્યાં. લેખો તો હું શી રીતે ઉકેલું ? પણ તેમાં તેમનો અગ્ર ભાગ હતો એટલું તો હું સમજી શક્યો. છૂટા પડતાં તેમણે મને અને હસનભાઇને પોતાને ઘેર આવવા નિમંત્રણ આપ્યું મારી પાસેથી મારી કુટુંબ સાથેની એક છબી માગી લીધી ને તે પર ગુજરાતીમાં નામ લખાવ્યું. સંસ્કૃત જેવી એ લિપિ છે એટલું તો તે પણ સમજ્યા.

ધૂની ચિતારો

● બીજે દિવસે વખતસર હું હસનભાઇને મળ્યો. તેમણે બહાર નીકળીને પહેલાં તો એક ફૂલવાળાની દુકાનમાં જઇ ભેટ માટે ફૂલોનો એક ઝુમખો બંધાવી લીધો. જાપાનમાં ફૂલોનું મહત્ત્વ બહુ છે. તેના પર તો મોટા કલાગ્રન્થો રચાયા છે. લોકો એકબીજાને હળવામળવા જાય ત્યારે પણ ફૂલોની ભેટ બહુ ઊંચી ગણાય છે. હસનભાઇને જાપાની રીતરિવાજની બહુ સમજણ હતી અને જાપાની ગૃહસ્થો સાથે બહુ ઊંચી મિત્રાચારીના હક્કો ભોગવતા હતા એ હું જાણી શક્યો. મુરાકામીનું ઘર કોબેના અસલી ખાનદાનોના લત્તામાં હતું. એ લત્તામાં ફરતાં પણ મને જાપાની જીવનની સ્વસ્થતા, સફાઇ અને વિવેકના નમૂના જોવાના મળ્યા. એકાદ જણને પણ ઘર પૂછીએ એટલે

ધીરજથી ઊભા રહી વિચાર કરી દિશા બતાવે, અથવા બારણા સુધી આવી બતાવી જાય. પરદેશીને તો એ વિનય બહુ આશીર્વાદ સમાન જ લાગે.

મુરાકામીનું ઘર અસલી સામુરાઇ ઢબનું હતું. દાસીએ આવી બારણું ઊઘાડી નમન કરી જણાવ્યું કે શેઠ અતિથિઓની રાહ જુએ છે. તે પછી અંદર ગયા કે બાઇ પોતે લેવા આવ્યાં અને બેસવાના ખંડમાં લઈ ગયાં. ભલા માણસે અમને જમીન પર બેસવું નહિ ફાવે માની બેચાર ખુરશીઓ અને ટેબલ તત્કાળ માટે ગોઠવ્યાં લાગતાં હતાં. પણ એ નાચા ખંડમાં જરા યે ભળે નહિ. મુરાકામી અંદર આવતાં જ ખૂબ કવિતામય સ્વાગત બોલવા લાગ્યા. એ બધું લખુ તો નાટકી લાગે, પણ તેમનો ભાવ સાચો હતો. ત્યાં બીજા એકબે ગૃહસ્થો હતા. મુરાકામીએ જણાવ્યું કે તેઓ અંગ્રેજી બોલશે, પણ જાપાનીઓ બધા છૂટથી સારૂં અંગ્રેજી નથી બોલી શકતા તેમાંના એક તે હતા. એ બે સવાલ પૂછે તે પરથી એટલું જણાય કે તેઓ પોતાનો વિષય સારો સમજે છે. તેઓ એક પ્રસિદ્ધ પત્રના રીપોર્ટરો હતા અને મુરાકામીએ ખબર આપ્યા તેથી હાજર રહ્યા હતા. પરદેશીનું વલણ નોંધવા કેટલી આતુરતા! ઠંડું પીણું, કૉફી, ખાવાનું જે ધર્યું તે નામનું લઇ કલાની વાતચીત પર ઊતર્યા મુરાકામીનાં ચિત્રો જોયાં. જાપાન આખામાં તેમનાં ચિત્રો બહુ માન પામે છે ને તેની કિંમત પણ મોટી અંકાય છે. જોકે મામૂલી કિંમતે કલાકાર ન વેચવા હઠ પકડે છે એ વેળા ઘણી વખત ઘરના ખર્ચમાં તંગી પડે છે એ હું તેમની શાંત અધીન પત્નીની વેદનાથી અટકળી શક્યો, પણ કલાકાર તો ઉલ્લાસમાં હતો. મેં બને તેટલી ઝીણવટથી તેનાં અગોચર અગમ્ય ભાવનાવાળાં ચિત્રોની લક્ષણા બાંધવા પ્રયત્નો કર્યા. આથી રીપોર્ટરો અને મારા મિત્ર હસનભાઇ તો નવાઇ પામ્યા; પણ મને અંતરમાં ચિતારાની ધૂન પર દયા આવી. બજારની રીતો તેને આંગણે ઊભી જ ન રહે એવો તે અણનમ હતો. હસનભાઇએ મિત્રભાવે તેનું એકાદ ચિત્ર ખરીદી લેવા ઇચ્છા કરી, પણ કિંમત બોલવા હિંમત ન થઇ શકી. ચિત્ર ગમ્યું છે એટલું બોલે તો ચિત્રકાર ભેટ ધરી દે એવો, પણ કિંમતની વાતમાં તેનું ધોરણ નમે નહિ એટલે હસનભાઈ રાખી શકે નહિ એવી સ્થિતિ હતી. બહુ વખત વાતો કર્યા પછી મોડેથી રજા લઇ અમે નીકળ્યા, પણ દમમાં મારા સહધર્મી આ ધૂની ચિતારાની યાદ મારા મનમાં અંકાઇ ગઇ (ચાલુ) ર. મ. રા.



આપણી નજરે

ઉપયોગી સંસાર-સમાચાર

◖. અખિલ હિંદ વિદ્યાર્થી પરિષદના પ્રમુખ તરીકે શ્રી શરચ્ચંદ્ર બોઝ નીમાયા છે.

◖. સ્પેનમાં સ્થાપિત સમાજવાદી સરકાર સામે રાજાશાહી બળવાખોરોએ માથું ઉચકવાને અંગે જે ખૂનખાર યુદ્ધ ત્યાં ચાલે છે તેમાં સરકાર પક્ષે મોટે ભાગે રશિયા તથા ફ્રાન્સ અને બળવાખોરો પક્ષે ઈટલી, જર્મની અને પોર્ટુગાલ સહાનુભૂતિ ધરાવતાં હોઇ એ બાબતમાં તેમની વચ્ચે પણ ચકમક ઝરી છે અને યુરોપમાં બીજું મહાયુદ્ધ ફાટી નીકળવાનો ભય રહે છે. બળવાખોરોનો માડ્રિડ પરનો ધસારો બલવાન છે અને આજકાલમાં એ પાટનગર પડશે એમ લાગે છે.

◖. આવતા મહાયુદ્ધના ભયમાં ફ્રાન્સે પોતાનાં લશ્કરી વિમાનોમાં પચાસ ટકાનો વધારો કર્યો છે ને બ્રિટને પાસિફિકના પોતાના કેન્દ્ર હૉંગકૉંગને ગૅસપ્રૂફ બનાવવાનું કાર્ય શરૂ કર્યું છે.

◖. ગઇ તા. ૧૫મી ઓક્ટોબરે મુંબાઈમાં મારુતિ મંડપના વિખવાદને લીધે હિંદુ-મુસ્લિમ રમખાણ ફાટી નીકળ્યું તે પાંચેક દિવસ જોરમાં રહી શાંત તો થયું, પણ તેના પડછાયા હજી પૂરા શમ્યા નથી એમ છેલ્લા સમાચારો કહે છે.

◖. તા ૩૧ ઑક્ટોબર અને ૧-૨ નવેમ્બરે ગુજરાતી સાહિત્ય સંમેલનનું બારમું અધિવેશન અમદાવાદ મુકામે મહાત્મા ગાંધીજીના પ્રમુખપદે ભરાયું. તેમાં થએલા ઠરાવોમાં મુખ્ય ગુજરાતની અસ્મિતા પ્રકટાવવા સ્થળે સ્થળે સાહિત્ય સભાઓ સ્થાપવાનો, વિદ્યાપીઠ જોડણીને સર્વમાન્ય કરવા તથા કોષની ઉણપ પૂરવાનો, પરપ્રાંતીક ઉત્તમ સાહિત્ય કૃતિઓ ગુજરાતીમાં ઉતારવાનો, ગુજરાતી અભ્યાસક્રમનાં પુસ્તકોની તપાસ કરવાનો, વિજ્ઞાનસાહિત્ય માટે મંડળ નીમવાનો, રાષ્ટ્રભાષા હિંદીના પ્રચાર માટે લોકમત કેળવવાનો તથા પરિષદના ચાલુ બંધારણમાં ફેરફાર માટે તપાસ સમિતિ નીમવાનો, એટલા મુખ્ય હતા.

◖. અમેરિકાના પ્રમુખની ચૂંટણીમાં રૂઝવેલ્ટ ફરીવાર પ્રમુખપદે ચૂંટાયા છે એ ઘણી ઇચ્છવાજોગ બીના છે.

◖. ફૈઝપુર ખાતે આ વરસે મળનારી મહાસભા એ ગ્રામસેવાના મોટા ધ્યેયથી અને ગામડામાં મળતી પહેલી મહાસભા છે એમ કહી શકાય તેની બેઠક માટે ડિસેમ્બરની તા ૨૬, ૨૭ અને ૨૮ નક્કી થઇ છે.

◖. અમદાવાદના જૈન યુવક સંમેલનના ઉહાપોહ પછી, એ જ સંમેલનના પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજીના પ્રમુખપદે રાજકોટમાં જૈનોની સમસ્ત શાખાઓના યુવકોનું અધિવેશન ભરાયું એ સૂચક વસ્તુ છે.

◖. રશિયાએ પોતાની ધ્રુવપટની યોજણી પાર પાડી છે.




જાપાનના પ્રજાજીવનમાં
પંખો અસલથી જ કલા અને ઊર્મિ
પ્રકટ કરનારી વસ્તુ ગણાતી આવી છે. ત્યાં પંખા
વાપરવાની વિવિધ છટાઓ સંસ્કાર રૂપે શીખવાય છે; પંખાનાં અનેક નૃત્યો છે; સુંદરીઓ પંખા દ્વારા વિવિધ સંકેતો પ્રકટ કરે છે.
આથી પંખા ઉપરનું ચિત્રકામ પણ પાત્રોની રૂચિ અનુસાર હજારો રૂપાંતરો પામે છે. એવો એક નમૂનો ઉપર આપ્યો છે.

જાપાનની ચિત્રકળા

જાપાનની પ્રજામાં ચિત્રકળા અને ચિત્રો માટે જેવાં આદર અને સમજ છે તેવાં દુનિયામાં બીજે ક્યાં યે નહિ જણાય જાપાનની ઘર બાંધવાની રૂઢિ જ એવી છે કે મુખ્ય ખંડમાં એક મોટો ચોરસ ગોખ રાખવામાં આવે છે. તેની નીચલી ઊંચાઈ જમીનથી માત્ર છ સાત ઇંચ જેટલી જ હોય છે, પણ જાપાનમાં બધાં ઘરોમાં જમીન પર જ બેસવાનો રિવાજ હોવાથી તેટલી ઊંચાઇ એ સ્થાન માટે બહુ જ અનુકૂળ જણાય છે. આ ગોલકમાં દરેક ગૃહસ્થ એકાદ ઊભા પટવાળું ચિત્ર લટકાવે છે અને નીચેના પાટ પર સુંદર રીતે ફૂલપાત્ર મૂકે છે. ઘણીવાર તેની આજુબાજુ રંગછટા વધારવા નાની મૂર્તિ કે નાનાં પૂતળાં ગોઠવે છે. આ ત્રણે વસ્તુની રચના માટે જાપાને સેંકડો વર્ષથી વિવિધ પ્રકારનાં કૌશલ્ય, ભાવના અને કદરદાની સેવ્યા કર્યાં છે અને તેને જ લીધે જાપાનની દરેક પ્રવૃત્તિમાં કળા બહુ સંસ્કારિત અને ઉત્કૃષ્ટ રૂપે વ્યાપી રહેલી જણાય છે. તેમનો આ કલાપ્રેમ એટલો ઉગ્ર છે કે તેને પ્રજાનો શ્વાસ-પ્રાણ કહી શકાય. દરેક ગૃહસ્થ પોતાની સંપત્તિના પ્રમાણમાં કલાગોલકમાં મૂકવાનાં ચિત્રો સંઘરવાનો જ, અને ઘરેણાં જેટલું તેનું જતન કરવાનો. ગમે તેવો ગરીબ માણસ પણ આ હેતુ માટે હાથનું કરેલું જ ચિત્ર રાખશે. જાપાનમાં છાપેલાં ચિત્રો તો કોઇ લટકાવતું જ નથી. ગોલકનાં ચિત્રોને જાપાનમાં 'ખાખીમોનો' કહીને ઓળખાવે છે. આ ખાખીમોનોની કળા એ જ જાપાનની પ્રધાન ચિત્રકળા. પછી બીજી ઘણી રીતે તેનો પ્રયોગ થયો છે, તેમાં બંધ કરવાનાં કાગળ મઢેલાં બારણાં અથવા આડ કરવાના પડદા (screens), પંખા વગેરેનો સમાવેશ થઇ જાય છે. આવાં ચિત્રકામોની કિંમત જાપાનમાં એક આંકડાથી પાંચ આંકડા સુધીની હોય છે, એટલે હિંદુસ્તાન સુધી તેના સર્વોત્તમ નમૂના જોવાની આશા ભાગ્યે જ રાખી શકાય.

જાપાને ચિત્રકળાના પહેલા પાઠ અને ધોરણ ચીન પાસેથી લીધાં છે. ચીન બહુ પ્રાચીન કાળથી ચિત્રકામ ખીલવી રહ્યું હતું. ચીનમાં પણ દરેક માણસ કંઇ ને કંઇ ચિત્રકામ કરી જાણે છે અથવા પોતાના દેશનું ચિત્રકામ પિછાની જાણે છે તેનું કારણ એ દેશમાં લખવાની ક્રિયા પીછીથી જ પ્રચારમાં આવી છે તે છે; અને આજે પણ ચીન જાપાનમાં દરેક બાળક તેના મૂળાક્ષરોથી માંડી હિસાબ, લેખન વગેરે પીછીથી જ કરી શકે છે. તેમની અક્ષરમાળા પણ પીંછીમાંથી નિર્માણ થએલી હોવાથી બહુજ લટકાં-પૂંછડાવાળી અને સુંદર વળાંકોવાળી છે, અને પીંછીના લહેકાથી અનેક લીલા કરી બતાવવાની રૂઢિ એ દેશોમાં સ્વાભાવિક જણાય છે. ઘણા યે લહિયાઓ લખી જાણે તેની સાથે સુંદર ચિત્રકામ કરી જાણે છે તેનું પણ આ જ કારણ છે કે






જાપાનની લાક્ષણિક શૈલીનાં બે ચિત્રો. બગલાને જાપાનમાં બહુ પવિત્ર સંકેત ગણવામાં આવે છે; અને સૂર્ય તો ત્યાંના રાજકુળનું મૂળ સ્થાન હોવાથી તે જાપાનનું રાજચિહ્‌ન બનવા ઉપરાંત પ્રજાજીવન-માં અનેક પ્રતીકો દ્વારા ચિત્રોમાં પદાર્થોના ઘાટમાં તથા રોજિંદી વસ્તુઓમાં સ્થાન પામ્યો છે.

પીંછી પરનો સ્વાભાવિક કાબૂ તેમની મનોગત આકૃતિઓને સહજ અને લાક્ષણિક રીતે આલેખવામાં કુદરતી મદદ કરે છે.

લખવાની પીંછીમાંથી જ ચિત્રકળા વિસ્તાર પામી, તેનું બીજું પરિણામ એ આવ્યું કે ચીન-જાપાનનાં ચિત્રો મોટે ભાગે કાળી શાહીમાં જ નિર્માયાં. કાળી શાહીના લીસોટાથી માંડી પાણીના પટમાં તેની અમ-વર્ણી મિલાવટો જાપાનની કળાને અનેકવિધ પ્રકારોમાં વહેંચી નાખે છે. લગભગ દરેક ચિત્રકાર પોતાની લાક્ષણિક હથોટી અને મિલાવટો માટે પ્રસિદ્ધ થયો છે. એમનું કૌશલ્ય એટલું બધું અદ્‌ભુત પ્રકારનું છે કે દુનિયાના બીજા દેશોમાં તેનું અનુકરણ થવું સર્વથા અશક્ય લાગે છે. જેમ બીન બજાવનાર પોતાની આંગળીઓથી તાર પર અનેક ઝીણવટો અને સુરાવટો ઉપજાવવા મીંડો વાળે છે તેમ જ જાપાની ચિત્રકાર પોતાની કળામાં નવીનવી ઊર્મિઓ ને પ્રભાવ ઉતારવા પીંછીઓ અને રંગપાણીના અનેકવિધ પ્રયોગો કરી જાણે છે. ઘણા યે ચિત્રકારો ઘડપણને આરે પહોંચ્યા હોવા છતાં બીજા આગળ જતા ચિત્રકારને આંગણે વિદ્યાર્થી બની કળાની આરાધના કરવામાં શરમ માનતા નથી.

કયોતો અને તોકિયો જાપાનના ચિત્રકારોનાં બે મોટાં મથકો છે. કયોતો સંપ્રદાય ખાસ કરી પરંપરાગત કલાની હથોટી સાચવીને કૃતિઓ ઉતારે છે ભાવનાઓ અને વિષયમાં પણ તેઓ ઘણે અંશે જૂની પદ્ધતિઓનો સ્વીકાર કરે છે, પણ તે સાથે તેમની અદ્‌ભુત ચિત્રણાનું સાંગોપાંગ રક્ષણ કરી રહ્યા છે. તોકિયોના ચિતારાઓ અવનવાં ક્ષેત્રો ખેડવામાં પાવરધા છે. ચિત્રોમાં આધુનિકતા ઉતારવામાં તેઓ સફળ નીવડ્યા છે એટલી જ જાપાની પરંપરાનું તેમના કામમાં અધઃપતન પણ ઘણાને લાગે છે. આવા ભેદો હોવા છતાં જાપાનના પ્રસિદ્ધ ચિત્રકારો તેમના પૂર્વજોની કીર્તિ સાચવી રહ્યા છે અને આજે ત્યાં યુરોપની કળાઓનો જબરો સંપ્રદાય જામ્યો હોવા છતાં અસલ જાપાની કળાની શ્રેષ્ઠતા એવી ને એવી ટકી રહી છે. યુરોપમાં જાપાનની કળા ઇ.૧૮૭૩માં પહેલી વાર રજુ થઇ અને હવે ધીરેધીરે સર્વત્ર તેનો પ્રભાવ સ્વીકારવામાં આવ્યો છે. કોઇ પણ પ્રજાની કળામાં અમુક જાતની અગોચર મોહિની અને સૌંદર્ય હોય જ છે જે સમજવાને ચાલુ ધોરણો નકામાં નીવડે છે; એટલે માત્ર ચક્ષુગમ્ય આકારોને જ આબેહૂબ ઉતારવામાં સફળતા સમજનાર માણસોને જાપાનની અનોખી નિરૂપણશક્તિ અને અટપટા પીંછીવિહાર તેમજ સૂચક કલાવિધાન રૂચિકર થતાં નથી. એવાઓ તો ચિત્રપટના ચારે ખૂણા ભરચક કરી મૂકેલા જોવા માગે





કલાકાર સાતો સાન અને તેમનાં પત્ની સાતો હારૂકો સાન. આ દંપતીએ જાપાનમાં મને સૌ પહેલું કલાસૃષ્ટિનું આતિથ્ય અર્પ્યું. જમણી બાજુનું ચિત્ર 'ભક્તિ'. શ્રીમતી નાકામુગ સાને મને ભેટ આપેલું રેશમી પટ પર કરેલું ચિત્ર.

છે એકેએક હકીકતની નોંધ માગે છે. અને દરેક આકૃતિમાં ઘનત્વ ઉપસાવેલું જોવા ઇંતેજારી બતાવે છે.

પણ જાપાની ચિત્રકાર તો એવી ફોટોગ્રાફિક છબી-દરકાર પણ્ કરતો નથી. તે તો સ્વાનુભવ અને સંસ્કારથી પ્રેરિત થઈ પદાર્થ, દૃશ્ય કે પ્રસંગનો કાવ્ય-ભાગ રજુ કરે છે. તે ચિત્ર માટે અવકાશનો બહુ જ સફળ ઉપયોગ કરી જાણે છે. મોટી ભીંત પર એકાદ ચંદ્રને બરોબર હિસાબથી ચીતરી હવા બતાવવા પૂરતી રંગની છાંટ આપી એક વાદળી તરતી બતાવે છે અને થોડાં સફેદ પંખીઓની હાર ચીતરી કોઇ કલ્પના-વિહાર રજુ કરે છે. એટલું જ નહિ પણ કદીક તો એ પીછી વાપરવામાં યે અજબ કસર બતાવે છે. પીછીના બે લેહકાથી આકાર રજુ કરી શકાય તો ત્રીજી વાર પીછી લગાડે પણ નહિ. આથી પોતાની પીછીમાથી રેખાઓના હજારો આવિર્ભાવ કરવાની શક્તિ માત્ર જાપાનીઓમાં જ જોવામાં આવશે.

ખાલી રાખેલી જગ્યામાં પણ હિસાબ અને હેતુ હોય છે. તેમાંથી એક રજ ભાર જગ્યા ઓછી ન કરી શકાય એવી ગણત્રીથી જ તેણે એક ખૂણે કે વચમાં મુખ્ય આકાર ખેંચ્યો હોય. નકામી ચપચપ છોડી દઇ માત્ર આવશ્યક અંગો દોરી વસ્તુનો સાક્ષાત્કાર કરાવવામાં જાપાની કળાની સફળતા છે. પીછીથી એક કુંડાળું એવી સીફતથી તે મારે છે કે કલ્પનાના ભાર માત્રથી પીછી મારફત સાચું સફર-જન જ ઉપજાવે છે. એક બે વધારે ચપકા મારતાં ડાળી અને પાંખડાં થઇ જાય છે.


આ કહેવું અને જોવું સહેલું લાગે છે, પણ તે અસર ઉપજાવનારે વર્ષો સુધી બહુ ચિંતન અને અજમાયશથી જ એ સિદ્ધિ મેળવી હોય છે. આવાં ઝડપથી ઉપજાવેલાં ચિત્રો જાપાનમાં બહુ માન પામે છે. તેમાં જીવન, ચેતન અને મોહિની હોવાં જોઇએ. કાગળ ઉપર જ્યારે ચિત્રકારની બુદ્ધિ અને જીગરનું સત્વ નીચોવાય ત્યારે જ એમાં સંપૂર્ણ સફળતા પ્રકટે છે.

કાળા રંગની છીછરી પથ્થરપાટીમાં ચિત્રકાર પાણી ભરેલી અર્ધ નીચોવેલી પીછી બોળે છે, આકૃતિનો મનમાં હિસાબ કરી થોડા વાળ છૂટા પાડે છે અથવા રંગભર્યા બનાવી જમીન પર પાથરેલા કાગળ પર એવા અચૂક હાથે ફેરવે છે કે તેમાંથી ઝાડ પાન કે ડાળી, તેની સુકોમળતા કે કર્કશતા સાથે, નીકળતાં દેખાય છે. પીછી ઉઠાવી લેતાં તો એનો નાનો પ્રવાસ કર્તવ્ય કરી જ ચૂક્યો હોય. એ જાપાની કળાની અદ્ભુતતા છે. આંખે જુઓ છતાં કઇ શક્તિ તે કરી શકી તેને જોવા ન પામો. કળામાં કંઇ નહિ સમજનારને પણ એ ઝડપ અને સરળતા મુગ્ધ કરી દે છે. પવનમાં ઝૂલતો વાંસ, ગર્જન કરતા ધોધ, ઊડતાં પંખેરૂ, કા કા કરતા કાગડા અથવા વનસ્પતિ કે લીલ ઊગેલા પથરા ચીતરવાને લપેટા, વળાંકા ને રેખા, અક્ષર લખવા જેટલી સહેલાઇથી તેઓ ચીતરી આપે

છે ત્યારે લગભગ ચમત્કાર લાગે છે. અનેક ચિત્રકારો સભામાં પ્રેક્ષકોની હાજરીમાં સપાટાબંધ ચપોચપ દસબાર ચિત્રો તો દોરી નાખે છે અને એ દરેકમાં કંઇક ખાસ ખૂબી કે નવી ચાલાકી હોય જ. તોકીઓના ફુકુ કોતે નામના ચિત્રકારે હમણાં થોડાં જ વર્ષો પર એક દિવસમાં ૧૨૨૪ ચિત્રો પોતાના પરોણાઓ માટે ચીતરી દરેકને એક એક ભેટ આપ્યું હતું! સવારના પાંચ વાગ્યે હાથમાં બે જ મોટા પીંછડા અને શાહીનું મોટું પાત્ર લઇ તે બેસી ગયા; સાંજે સાડા સાત વાગ્યે કામ પાર ઉતાર્યું! આ દરેક ચિત્ર એકએક ખાખી-મોનો જ માપનું હતું,—એટલે કે ૧ ફૂટ પહોળું ને ચાર ફૂટ ઊંચું! એ પૈકીનું એક ચિત્ર આ લેખ સાથે રજુ કર્યું છે.

ચિત્રકળાની ચમત્કૃતિઓ બતાવવાનો જાપાની ચિત્રકારોને ભારે શોખ થતો જણાય છે. એક વાર ટોકિયોના ઉવેનો પાર્કની સેગોકેન હૉટેલમાં તારાઝાકી કોગ્યો અને ફૂકી કોતે, આજના બે હયાત ચિતારા, લહેરમાં બેઠા હતા. તેમણે એક સોનેરી પડદાપટ (સ્ક્રીન) ઉપર પોતાના હાથ અજમાવ્યા હતા. સામે આડો ગોઠવેલો ચકચકિત સોનેરી પડદો જોઇ કોતેએ ઊભા થઇને પોતાનો રૂમાલ સુમી (જાપાની શાહી)માં પલાળ્યો અને તે વડે જ એક પડદા પર કઠણો અને વાંસનાં મોટા થડિયાં ચીતરી માર્યાં. પછી આંગળીનાં ટેરવાંથી પાન દોર્યાં. એ પછી કોગ્યોનો વારો આવ્યો. તેણે રૂમાલથી બીજા પડદા પર એક આલુનું વૃક્ષ ખડું કર્યું. તેનાં કેટલાંક ફૂલો ચીતરવાને તેણે છ ખૂણાવાળી મીઠાની રકાબીનો ઉપયોગ કરી બતાવ્યો. આ ચીતરામણ રાખી મૂકવામાં આવ્યાં છે.

આ ચિતારાઓના હાથમાં પીંછીની રેખા કે લસરકા જીવતા વિચારો બની જાય છે. જાપાનીઓમાં વાણી અને વર્તનમાં જે સંયમ, સભ્યતા અને સ્વચ્છતા જણાય છે તેનું આબેહૂબ પ્રતિબિંબ તેમની કલાકૃતિઓમાં ઊતરે છે. પ્રત્યેક જાપાનવાસીને બચપણથી જ પોતાના દેશની કથાઓ, વાર્તાઓ, ઇતિહાસ અને કવિતાનું સુદૃઢ જ્ઞાન આપવામાં આવે છે. બહુ ચૂંટેલી સુપ્રસિદ્ધ ૧૦૦ કવિતાનો સંગ્રહ લગભગ એકેએક જણને સુપરિચિત અને કંઠાગ્ર હોય છે. પ્રખ્યાત સૌંદર્યસ્થાનો, વૃક્ષો, દેવમંદિરો વગેરે સ્થળે ગરીબ કે શ્રીમંત દરેક



ટોકિયોના કલાકાર ફૂકી કોતેએ એક દિવસમાં જે ૧૨૨૪ ખાખીમોનો આલેખ્યા હતા તેમાંનો એક

જણ એકવાર જઇ આવવાની મનોવૃત્તિ સેવે છે; અને જાપાનનાં વસ્ત્રો, પદાર્થો કે દરેક બનાવટ ઉપર તે બધાને લગતું સૂચન કે ચિહ્ન તો ચીતરાએલું હોય જ. વસ્ત્રો પરની છાપ કે રંગ સુદ્ધાંમાં જાપાનનું કવિત ભર્યું હોય. બેચાર પથ્થરો પર ઊગેલા વાંસના ચિત્રમાં પરદેશીને કંઇ જ ન લાગે, પણ જાપાનીને મન તો તેમાં જાપાનની ઉત્પત્તિનો ઉગમકાળ દેખાય છે. પૃથ્વીના પડ ઉપર દેવતાઓએ ભાલું મારી તે ઊંચું કર્યું ત્યારે કાદવના થોડા લચકા પડયા તેમાંથી જાપાન સરજાયું છે એ વાતનું તેમાં સૂચન હોય છે. એ જ પ્રમાણે

દરેક ફૂલ, પાન, રંગ વગેરે જાપાનની ઋતુઓ, ઉત્સવો કે જીવનની રસિકતા પ્રકટ કરવા દોરાયાં હોય છે.

જાપાનમાં સૈંકડો વર્ષોથી ચિત્રકળાની પરંપરા જીવતી ચાલી આવે છે, એટલે ત્યાં કેટલા યે ચિત્રકારોના વંશવેલા આખા દેશ પર છવાઇ રહ્યા છે અને દરેક કલાકાર કોઇ મહાન સંપ્રદાયનું ગૌરવ સાચવવા ઉગ્ર ઉદ્યમ સેવી રહ્યો હોય છે. દરેક જણ કળાના સૂક્ષ્મતમ પ્રકારો સિદ્ધ કરવા જીવનભર ભગીરથ તપ કરતો લાગે છે. એમના ચિત્રવિષયો પણ અજબ લાગે. ટોકિયોના પ્રખ્યાત ચિત્રકાર યોકોયામા તેકાને એક ચિત્ર કર્યું. તેનું નામ 'નિહયાકુ તોકા' (બસો દસમી તિથિ). એ દિનનું માહાત્મ્ય જાપાની ગામડામાં બહુ. ખેતરમાં ડાંગર ખેડી હોય પણ તે જ વેળા વાવાઝોડાનો બહુ ભય હોય. વાદળાં વગરનો દિવસ હોય તો ખેડૂત માને કે ઠીક પાક ઊતરશે. જો વાયરો નીકળે તો બધી ખરાબી થાય. ચિતારાએ એ ચિત્રમાં ખેડુતને ચિંતા થાય એવું જ આકાશ માત્ર મનોસ્મૃતિથી ઉતાર્યું હતું. વિદ્યાખાતા તરફથી ભરાતા પ્રદર્શનમાં તે રજુ થયેલું.

પંચોતેર વર્ષનો કાવાબાતા શાહી ચિતારો છે. એને તો પીંછીની દેવતા વરી હોય એવી શક્તિ એ ધરાવે છે, છતાં હજુ વિકાસ કર્યા જ કરે છે. તેની પીંછી ચાલે એટલે રૂપ, રંગ અને ચેતન એકસરખાં જન્મ પામે. જાપાનમાં ચિત્રકારોની કૃતિઓ પ્રબળ જ્વાળામુખીની જેમ પ્રકટ્યા જ કરે છે, છતાં જાપાની ગૃહમાં જુઓ તો ટોકોનોમા (ચિત્રગોખ)માં તો એક યા બે જ ચિત્ર (ખાખીમોનો) હશે. વધારામાં બહુ તો ગોખના અગ્ર ભાગે છતને લાગીને 'ગાકુ' એટલે એકાદ આકાર અને લખેલી કવિતા કે નીતિસૂત્ર ચોડ્યું હશે. બાકીનો બધો કલાસંગ્રહ ભંડકમાં સાચવીને મૂક્યો હોય. તેનો વારો આવે ત્યારે જ તે બહાર નીકળે. બીજી શોભાની એકબે ચીજો હોય, પણ તે ખસૂસ કરી કલામય હોવાની. પછી બેસવાની ગાદી હોય કે નાસ્તાનું બાજઠ હોય. આ થોડી ચીજોમાં જાપાની 'બ્યોબૂ' એટલે આડપડદો (સ્ક્રીન) શોભા તેમજ કળાના વાહન તરીકે બહુ પ્રધાનપદ પામે છે.


'બ્યો' એટલે આડું ધરવું. 'ફૂ' અથવા 'બુ' એટલે વાયરો. વાયરો કે પવન અટકાવવાનું સાધન તે 'બ્યોબૂ'. બેવડાઇ જાય તેવા હોય એવા પડદાને જ બ્યોબૂ કહે છે; પણ એક જ ચોકઠા પર મઢેલા, પાયાથી ટેકવેલા ઘોડાપડદાને 'સૂઇ તાતે' કહીને ઓળખાવાય છે. સૂઇતાતે હાલ ઘણે ભાગે 'ઝેન્કાવાન' એટલે જાપાની ગૃહની આગલી પ્રવેશ–પરસાળમાં રાખવામાં આવે છે. એ મૂળ ચીન અને કોરીયાનો રિવાજ. આવા ઓથ પડદા ઘણી જાતના હોય છે પણ નવ ફૂટ જેટલા ઊંચા અને

એક અંગત પત્રમાંથી

*** I was indeed pleased to find an artist like you, singing the praise of Japanese Life and Art. The example of Japan should be an object—lesson to us Indians—who have divorced Art from Life, and divorced Life from Art. Unless our educationists can be persuaded to find a place for Art in our educational institutions, art will continue to be neglected by our educated friends; and unless our men of culture and education are qualified to appreciate and honour our artists, artists cannot live, beautify and elevate our Life.

—O.C. Gangoly

તમ સરખા કલાકારને જાપાની જીવન અને કલાનાં ગુણગાન કરતા જોઇને મને ખરેખર આનંદ થયો હતો. આપણે હિંદીઓએ, કલાના જીવનથી અને જીવનના કલાથી છુટાછેડા કરી દીધા છે; અમને માટે તો જાપાનનું ઉદાહરણ પ્રત્યક્ષ પાઠ રૂપ બનવું જોઇએ. આપણી શિક્ષણસંસ્થાઓમાં કલાને યોગ્ય સ્થાન આપવાનું જ્યાં લગી આપણા કેળવણીકારોને ગળે ન ઉતારી શકાય ત્યાં લગી આપણા શિક્ષિત મિત્રો તરફથી કલા અવગણના પામ્યા જ કરવાની છે; અને જ્યાં લગી આપણો કેળવાએલો તથા સંસ્કારી વર્ગ કલાકારોની કદર બૂજતાં તથા તેનો સમાદર કરતાં નહિ શીખે ત્યાં લગી કલાકારો નથી જાતે ટકી શકવાના કે નથી તેઓ આપણાં જીવનને સુંદર ને ઉન્નત કરી શકવાના. —અર્ધેન્દ્રકુમાર ગાંગુલી (તંત્રીઃરૂપમ)



જાપાનની ચિત્રકળા પીંછીના લેખનમાંથી ઉપજી હોવાથી પીંછીના થોડા જ લસરકા વડે
આકૃતિઓ ઉડાવવાની ત્વરિત ચિત્રણા ત્યાં અત્યંત વિકાસ પામી છે. તેના થોડા નમૂના.

આઠ ચોકઠાના બનેલા 'જીન બ્યોબૂ' પર રાજ્યમહેલો-માં જે કળા જળવાઇ છે તે વર્ણનથી સમજવી અશકય છે.

આ પડદા મોટે ભાગે જાપાનના ઠકરાની મહા-લયોમાં મુખ્ય પુરુષની પાછળ ગોઠવામાં આવતા, જેથી બેસનારનો દૂરથી જોર દિમાક લાગે. આવાં ઘરોમાં અને રાજ્યમહેલોમાં સેંકડો 'બ્યોબૂ'નો સંગ્રહ થતો. મંદિરોને તે ભેટ આપવામાં પણ પુણ્ય મનાતું. દીકરીને દાયજામાં પણ બેચાર બ્યોબૂ આપવામાં ઘરનું ગૌરવ ગણાતું.

નારા મંદિરના ખજાનામાં એકસો બાવીસ બ્યોબૂ છે. તેમાંના એકવીસ પર ચિત્રકામ છે, ત્રણ પર પક્ષીઓ-નાં પીછાંના શણગાર છે, એક ઉપર માત્ર પક્ષીઓ ચીતરેલાં છે, ૬૫ ઝાડની છાલોના બનાવેલા છે. ખા-ખીઓનો પ્રચારમાં આવ્યા તે પહેલાંથી આ બ્યોબૂ ચાલુ છે એમ વિદ્વાનો ધારે છે. બ્યોબૂ એકથી વધારે તકતીના બનેલા હોય ત્યારે તે પરના ચિત્રકામમાં આલેખનનાં તાલમાન બહુ સચવાવાં જોઇએ. એમાંની એક જ તકતી ઉઘાડીએ તો તે એક સંપૂર્ણ આચ્છાદિત ચિત્ર દેખાવું જોઇએ અને બીજો પટ ઉઘાડી સાથે મૂકીએ તો બેની જોડથી અખંડ સુશોભન લાગવું જોઇએ. આમ એના બધા પટ ઉપર એકજ ચિત્રાંકન પથરાયું હોય એ છતાં પ્રત્યેક પટમાં તેની સમતોલ ભરણી લાવવી એમાં ચિત્રકારની ખૂબી ગણાય. એક જ પટ ઉઘાડો કે બધા એક પછી એક સાથમાં ખડા કરો, તોપણ તેનાં રેખારંગનાં પ્રમાણો બગડતાં દેખાય નહિ એવું સંવિધાન સરળતાપૂર્વક ઉતારવામાં અસલથી જાપાની કલાકારોએ ઉસ્તાદી સાબિત કરી આપી છે.

જાપાની ચિત્રકારોની ચિત્રસૃષ્ટિમાં માનવી તો એક નજીવું સ્થાન ભોગવે છે. જાપાની પીંછીએ તેમના હાથે ઇતર સૃષ્ટિનાં જેટલા સ્વરૂપ ચીતરાવ્યાં છે તેનો બહુ જ થોડો અંશ માનવમૂર્તિ પાછળ આ-પ્યો હશે. એક ડાળી પર પાંદડું કોતરતી ઇયળ અથવા પાણીમાં ઝૂલતા તણખલાની આસપાસ ભમતા તીડથી માંડી પ્રચંડ પહાડો અને ગર્જના કરતા પડતા ધોધનાં આલેખનો કરતાં તે બ્રહ્માંડ માપી લેતો દેખાય છે. જાપાનનો ગિરિવર 'ફ્યૂજી' તો ચિત્રકારોનું યુગોથી પ્રિય ચિત્ર–કેન્દ્ર બન્યો છે. ચિત્રવસ્તુના પ્રાણનું આવાહન કરવા જાપાની દિવસોના દિવસો પોતાની સૃષ્ટિના ધ્યાનમાં મશગૂલ બને છે અને સૃષ્ટિની પેઠે પોતાનું ચિત્ર પોતે ઉપજાવી શકશે એવી ખાત્રી થાય ત્યારે જ તે ખરા પટ ઉપર અવતારે છે. ત્યાં સુધી અ-સંખ્ય નોંધો, અવલોકનો વગેરે કરીકરીને નાના પ્રયોગો-થી હાથ, આંખ અને સ્મૃતિ કેળવ્યાં કરે છે. છેવટે વસ્તુ સ્વયંભૂ રૂપે નિર્માણ પામે ત્યારે જ તેને સફળતાનો સંતોષ મળે છે. પક્ષીઓના ચિતારા પક્ષીઓનાં પીં-જરાં પાસે દિવસોના દિવસો બેસી તેની ચેષ્ટાઓ નિહાળ્યા જ કરે છે. કાગડો કે વાંદરો ચીતરનારો ચિત્રકાર તેના કુટુંબી જેટલો પરિચય પામ્યા વિના ચિત્ર કરતો જ નથી. એ ચિત્રો રંગના લસરકા નથી હોતા, પણ સાક્ષાત જીવંત પ્રતિમા બને છે.

હવા, ધુમ્મસ, વરસાદ, તોફાન, વાવાઝોડાં વગેરે ચી-તરવામાં જાપાની કલાકારો જગતમાં અદ્વિતીય ગણાય છે. તેમનું કાળા રંગ પરનું પ્રભુત્વ અજબ જ છે. એ ચિત્રો પણ પાણી અને પીંછી ભૂલાવી તત્ત્વોનું જ સાંનિધ્ય કરાવી આપે છે. ચિતારો ભાગ્યે જ નાનકડાં ચિત્રો કરે છે લગભગ વીસ ફૂટ લંબાઇના મોટા પડદા હોય તોપણ તેમાં પાણીના રંગથી ચીતરાયું છે કે હવાના રંગો પૂર્યા છે તેનો આપણને ભ્રમ થાય. એ ચિત્રોની તાજગી, જોમ અને કવિતા સામે ઊભા રહીએ ત્યારે વગર શબ્દે સમજાય એવા અને આપણને લીન કરી નાખે એટલાં પ્રભાવશાળી હોય છે. જાપાનમાં હજારો ચિત્રકારો પોતાની કળા ઉપર જ નિર્ભર રહી શકે છે. ઘણાને તેમનાં ચિત્રો માટે પાંચ આંકડાવાળી રકમો ઉપજે છે. યુરોપ-અમેરિકાના શ્રીમંતો એ ચિત્રો હાથ કરવા ઇંતેજાર હોય છે. પણ જાપાનના શહેનશાહ અને જાપાનના શ્રીમંતો જાપાનનાં સર્વોત્તમ ચિત્રો ઝડપી રાખવા બહુ જ જાગૃત રહે છે. સમસ્ત જા-પાનનાં ચિત્રકારોનું એક મહામંડળ છે. તેના પ્રમુખ ચિત્રકારનો પગાર પ્રાંતના પ્રીફેકટર (સુબા) કરતાં વધારે છે. ચિત્રકારનું માનસન્માન પ્રોફેસરો કે ધર્મગુરુ જેટલું જ હોય છે. સમાજમાં તે જ્યાં જાય ત્યાં આદરમાન અને ઉત્તેજન મેળવે છે. બજારમાં બેસતો કલાકાર પણ ધંધા પર નભી રહે એટલી ઘરાકી તેને માત્ર રાહદારીઓમાંથી જ મળી રહે છે. દરેક યુનિ-વર્સિટી, ધર્મમંદિર તેમજ શ્રીમંત સંસ્થામાં નાગીચા ચિત્રકારોની કૃતિઓ સંઘરવાનાં મોટાં ફંડો હોય છે. આથી પ્રજાજીવનમાં કલાનો એક પ્રકારનો

અનોખો તાલ અને ઉલ્લાસ નજરે પડે છે. દરેક જાતની પ્રવૃત્તિમાં કલાકારનો મત અને સલાહ પ્રધાન સ્થાન લે છે. નાટકો, દૃશ્યો, બગીચાઓ, બનાવટો બધા પર ચિત્રકારની પ્રેરણા કામ કરતી દેખાય છે.


જાપાનીઝ સ્કેચબુકમાંની એક કૃતિ

ચિત્રકળાની તાલીમ માટે ટોકિયો અને ક્યોતોની બે મોટી શાળાઓ ઉપરાંત છોકરીઓની એક મોટી આર્ટ સ્કૂલ ટોકિયોમાં છે. ત્યાં ૭૦૦થી ૧૦૦૦ જેટલી કન્યાઓ કળાની ઊંચી તાલીમ મેળવે છે. આખા દેશમાં સેંકડો મંડળો કળાપ્રવૃત્તિ અર્થે બંધાયાં છે. દરેક મોટા ચિત્રકારને ત્યાં સેંકડો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે.

જાપાનની કળાનો વિગતવાર સવિશેષ પરિચય અને અભ્યાસ પૂર્વના બધા દેશોમાં વધુ આદર અને ગાંભીર્યપૂર્વક જવાની જરૂર છે, કારણ કે તે કળામાં સાચી કળાની વ્યાપકતા છે; રંકથી રાય સુધીનાને આનંદ અને પ્રકાશ આપવાની શક્તિ છે. કળાકાર શું દર્શાવી રહ્યા છે તે સમજવાની કેળવણી મળી હોય તો પૂર્વ કે પશ્ચિમના ભેદ વગર કળાનો આસ્વાદ લઈ શકાય.

રવિશંકર રાવળ

કીધું હરનું થાય, નરનું કીધું થાય નહિ

કીધું હરનું થાય, નરનું કીધું થાય નહિ;
સૌ ખોટો સંસાર, મનના મોદક મોતિયા.
× × ×
માણસ જાણે હું કરું, કરતલ દૂજો કોઈ;
આદર્યાં અધવચ્ચ રહે, ને હર કરે તે હોય.

ब्रह्मकृपा हि केवलम् ।

NON NOBIS

But oars alone can ne'er prevail
To reach the distant coast;
The breath of Heaven must swell the gale,
Or all the toil is lost.

COWPER

ભગવાને દેવો સારુ થઈને અસુર ઉપર વિજય મેળવ્યો અને ભગવાનના વિજયથી દેવોનો મહિમા વધ્યો. પણ દેવોને થયું કે આ વિજય આપણો જ છે, આ મહિમા આપણો જ છે.

ભગવાને દેવોનો અહંકાર જાણ્યો, ને એમની આગળ આવી ઊભા, પણ દેવો કળી ન શક્યા કે આ શું સ્વરૂપ છે.

તેમણે અગ્નિને કહ્યું, હે જાતવેદ! આ જાણી આવો કે આ મહાભૂત શું છે. અગ્નિ કહે, ભલે.

અગ્નિ એ સ્વરૂપ આગળ ગયો તો એણે અગ્નિને પૂછ્યું, 'તું કોણ છો?' અગ્નિએ પ્રતિવાદ કર્યો, 'હું અગ્નિ છું'.

'તે તારામાં શું વીર્ય છે?'

'પૃથ્વી ઉપર જે છે તે સર્વ હું બાળી શકું છું' અગ્નિએ કહ્યું

'આને બાળ' એમ કહીને ભગવાને એની આગળ તરણું મૂક્યું. અગ્નિએ તરણા સમીપે જઈને પોતાની શક્તિમાત્ર લગાડી, પણ તરણાને ઊની આંચ પણ ન આવી. એટલે અગ્નિ એ સ્વરૂપ આગળથી પાછો ગયો ને દેવોને કહ્યું, 'આ યક્ષ શું છે તે હું ન જાણી શક્યો.'

હવે દેવોએ વાયુને કહ્યું કે વાયુ, આ જાણી આવો કે આ યક્ષ શું છે?' વાયુ કહે, ભલે.

વાયુ એ સ્વરૂપ આગળ ગયો તો એણે વાયુને પૂછ્યું, 'તું કોણ છો?' વાયુએ ઉત્તર આપ્યો, 'હું વાયુ છું.'

'તે તારામાં શું વીર્ય છે?'

'પૃથ્વી ઉપર જે છે તે સર્વ હું ઊપાડી શકું છું' વાયુએ કહ્યું.


'આને ઊપાડ' એમ કહીને ભગવાને એની આગળ તરણું મૂક્યું. વાયુએ તરણા પાસે જઈને બહુ બળ કર્યું, પણ તરણું ન ઊપાડી શક્યો એટલે એ સ્વરૂપ આગળથી પાછો ફર્યો ને દેવોને કહ્યું, 'આ યક્ષ શું છે તે હું ન જાણી શક્યો.'

પછી દેવોએ ઈન્દ્રને કહ્યું, 'મઘવન્! આ જાણી આવો કે આ યક્ષ શું છે?' ઠીક કહીને ઇન્દ્ર એની આગળ ગયો તો એ તેની આગળથી અન્તર્ધાન પામ્યું.

ઇન્દ્રે આકાશમાં એ જ સ્થળે બહુ શોભાયમાન ઉમા હૈમવતીને જોઈ ને એને પૂછ્યું, 'આ યક્ષ શું છે?'

હૈમવતી કહે, 'એ ભગવાન છે ને ભગવાનના વિજયથી આ તમારો મહિમા વધ્યો છે.' એ લે મહેન્દ્રે જાણ્યું કે ભગવાન જ સાચા છે ને બીજું બધું ખોટું છે.

(તલવકાર ઉપનિષદ ઉપરથી) **દેસાઇ વાલજી ગોવિન્દજી**



ક્રેકોવ નગરના પાદરે આવેલી પોલૅંડના રાષ્ટ્રવીર કૉશિયુસ્કોના સ્મરણમાં ઊભી કરેલી માટીની ટેકરી

ૡ. પોલૅંડની સંસ્કૃતિનું કેન્દ્ર અને જૂની રાજધાનીનું શહેર ક્રેકોવ (Cracow) નગર છે. એ ક્રેકોવના સીમાડાઉપર ૧૫૦ ફૂટ ઊંચી માટીની એક ટેકરી આવેલી છે. એના મધ્ય ભાગમાં એક વાસણમાં રાકલાવાહસની યુદ્ધભૂમિની માટી રાખેલી છે,—એ પુણ્યક્ષેત્ર, જ્યાં પોલૅંડવાસીઓએ રશિયાના સૈન્યનો સૌથી પહેલો પરાજય કર્યો. એ સિવાય બીજી યુદ્ધભૂમિઓની માટી પણ ત્યાં આણેલી છે. સ્ત્રી, પુરુષ અને બાળકો બધાંએ ટોપલા, ગાડાં અને કોથળા ભરીભરીને પોતાના વતનથી માટી લાવી આ ટેકરી ઊભી કરી છે. પોલૅંડવાસીને પોતાની જન્મભૂમિની માટીથી અધિક પ્રિય કશું નથી. દેશવટો ભોગવતા પોલૅંડવાસીઓ પોતાના માદ્ય વતનની માટી હમેશાં સાથે ને સાથે જ રાખતા અને તેમનું મૃત્યુ થતાં તેમની દેહ ઉપર પહેલાં એ માટી છાંટવામાં આવતી.

કોશિયુસ્કો


પોલૅંડની આઝાદીનો આશક·જેણે મોતના લણનારાઓ સર્જ્યા

My name is Million; because I love millions and for millions suffer torment.

"પાન ટાડેઅસ' મહાકાવ્ય રચનાર આડમ મીક્રીએવિચે પોતાના પિતૃતર્પણ (Forefathers' Eve) નામે નાટકના એક પાત્રને મોંએ આ લેખને મથાળે આપેલા શબ્દો ઉચ્ચારાવ્યા છે. પણ એ વીરોક્તિનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ તો પોલૅંડનો એક જ જણ લઇ શકે એમ છે; અને તે, જેના નામ પરથી એ મહાકાવ્યનું નામકરણ થયું છે, વીરશ્રી ને જ્વલંત દેશપ્રેમથી પોલિશ હૃદયમાં આજ પણ જેનું નામ થનગનાટ ઉપજાવે છે ને પોલિશ સ્વાતંત્ર્યના જંગ સાથે જે વીરનું નામ ચિરકાળ જોડાએલું છે તે 'ટાડે અસ કોશિયુસ્કો.'

ઇસ્લામના આક્રમણ સામે જોન સોલિયસ્કીએ ૧૬૮૩માં વીએનાનું પરિત્રાણ કર્યું હતું. એ જૉન સોલિયસ્કી પોલિશ મહત્તાના અંતિમ શાસક અને 'ઇસાઇ ધર્મના રક્ષક' તરીકે પ્રસિદ્ધ છે. તેના મૃત્યુબાદ ગાદી પર એક પછી એક જર્મન રાજાઓ આવતા ગયા, ને અનાચારો વધતા ગયા. તેમાંના એકે તો પ્રુશિયા તથા ઑસ્ટ્રિયાને પોલૅંડ વહેંચી લેવાની સૂચના પણ કરેલી. અસંતોષ તથા આંતરકલહે પોલૅંડની શક્તિ છિન્નભિન્ન કરી નાખી અને એ જ વખતે, ગીધની નજરે તાકતાં રહેલાં પડોશી રાજ્યોનું તે શિકાર બની પડ્યું. પ્રુશિયા, રશિયા અને ઑસ્ટ્રિયા—સરહદ ઉપરની એ ત્રણે ધીંગી સત્તાઓ એ શિકારને ચાહે તેમ ચૂંથવા મંડી; ને તે એટલી હદ સુધી કે પોલૅંડની કશી નિશ્ચિત સીમાઓ પણ રહેવા ન પામી. છતાં પોલૅંડમાં એક વર્ગ એવો હતો કે જે સ્વાતંત્ર્યને જ જીવનની ઉચ્ચતમ સિદ્ધિ ગણતો; ને એણે દેશમાં સ્વાતંત્ર્યઝંખનાનો આંતરપ્રવાહ વહેવડાવવા માંડ્યો.

આવી દેશસ્થિતિમાં જ્યારે ભવિષ્યના સ્વતંત્ર પોલૅંડનો ગર્ભ બંધાઇ રહ્યો (અનુસંધાન પાન ૫૩૭મે)



મગર



વાંદરો


પ્રાણી અને કીટાદિ સૃષ્ટિ ચીતરવામાં જાપાની કળાકાર જગતમાં શિરોમણિપદ લઈ જાય તેમ છે. જાપાનમાં, બારીક જંતુ તમરાંથી માંડી પ્રચંડ હાથી જેવાં જનાવરો સુધી અવલોકન અને નિરીક્ષણ કરી ચિત્ર કરનારા સેંકડો ચિત્રકાર છે. પ્રાણીના સ્વભાવ અને લક્ષણ ઓળખી તેને સ્વધર્માનુસાર વિહાર કરતાં જે કલામય રેખામાં જાપાનીઓ આલેખી શકે છે તે બીજાને સહજસાધ્ય નથી જ.















સામેના તેમજ આ, બંને પાના પર મથાળે પથરાએલું છે તે 'બ્યોબૂ' એટલે આડપડદા ઉપરનું ડિઝાઇન. જેની તકતીઓ એક ઉપર એક વાળીને ગોઠવી દઇ શકાય એવા પડદાને જ 'બ્યો બૂ' કહે છે. તેનાં ચિત્રોના આલેખનમાં ખુબી એ હોય છે કે તેની બધી તકતીઓ ઉપર એક મોટું સળંગ ચિત્ર આચ્છાદિત કરેલું હોવા છતાં તેની એક જ તકતી ઉઘાડો તોપણ એક સંપૂર્ણ ચિત્ર તે પર દેખાય; અને તે પછી બે ત્રણ કે એમ જેટલી તકતીઓ ઉઘાડો, અથવા કોઇપણ તકતીઓ સાથે લો તો તે પર પણ એ ચિત્રનો એટલો ભાગ એક અતૂટ અને સંપૂર્ણ ચિત્ર લાગે. આવા બ્યોબૂ-આડપડદા-શોભા તેમજ કળાના વાહન તરીકે જાપાનમાં પ્રધાનપદ ભોગવે છે અને તે પરનાં ચિત્રોના પ્રકારો તો જાપાનના ચિત્રકામની વિશિષ્ટતા છે. ઉપયોગના પદાર્થોને સુંદરતા અપવાનું એ પ્રજાનું વલણ કુદરતી હોઈ, આવા પડદાઓ પર કલાનું વર્ષણ કરવામાં કોઈ મણા રાખતું નથી. આ પાના ઉપર બીજું ચિત્ર પણ એવા એક આડપડદાનું છે...... સામેના પાના પર ચિત્રની ઊભી ત્રણ તકતીઓ છે તે 'ખાખીમોનો' અથવા ચિત્રપટ. જાપાનના પ્રત્યેક ઘરમાં મુખ્ય સ્થાને એક મોટો ગોખ હોય છે અને તેમાં એક ખાખીમોનો (એટલે ઊભો ચિત્રપટ) ટાંગેલો હોય છે. મોટા અમીરથી માંડી અદનામાં અદના ગરીબના ઘરમાં પણ આ ખાખીમોનો ઘરનું મુખ્ય સુશોભન હોય છે. તે હાથનું જ ચીતરેલું હોવું જોઇએ એવી ધાર્મિક ચુસ્તતા જેવી પરંપરા જાપાનમાં પ્રવર્તે છે અને તેને લીધે પ્રજાજીવનમાં કળાને અનેકરીતે ટકાવ અને વિકાસ મળે છે. અનેક ચિત્રકારોની તેની પાછળ આજીવિકા ચાલે છે.







ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

(૧) ઊઘડતા પ્રભાતે–જગન્નાથ યાદવ (કરાંચી) પહેલું ઇનામ; (૨) વાંદરાંને નીસરણી–ડી.બી. ખોપકર (અમદાવાદ) બીજું ઇનામ; (૩) Dancer of the Temple–બી.એમ. મિસ્ત્રી (અમદાવાદ) ત્રીજું ઇનામ.



સનાતન ધર્મ

[વગર રજાએ ભજવાય એવી નાટિકા]

પારાયણ

Ⅽ. આ નાટિકા ભજવી જ શકાય એવી છે: કદાચ ભજવવા જેવી ન લાગે તો યે ભજવી જોવી, એવો મારો આગ્રહ છે. ફક્ત એક જ શરત પાળવાની છે; તે એ કે આ લેખકને સહ-અભિનય માટેનો સમત એટલો બધો છે કે આ વગર રજાએ ભજવાય એવી નાટિકામાં પણ સ્ત્રીનો પાઠ પુરુષ ભજવે એ અપવાદ ખાતર પણ કબૂલ રાખવા રાજી નથી વિદ્યાર્થીઓએ તો ખસૂસ ભજવવી. જે મુરબ્બીઓ આ ભજવવા માટે વિદ્યાર્થીઓને રજા ન આપે એમને ભજવનારાઓએ કહેવું કે આમાં સ્ત્રીનો પાઠ તો તદ્દન નિર્દોષ છે; ક્યાંય એમને સૂગ ચઢે એવી 'પેગલા પેગલી'ની વાત નથી, માટે વિદ્યાર્થીઓને ભજવવા દેવામાં વાંધો ન લેવો. Ⅽ. એ સાથે આ લેખકની બીજી એક નાની શરત એ છે કે બાજુએ છાપેલો છાપાનો ફકરો ભજવનારાઓએ કાર્યક્રમમાં આખો કતારી છપાવવો; કારણ આ લેખક આટલી અમસ્થી નાટિકા ખાતર પોતાનાં હાડકાં સનાતનીઓને હાથે અથવા એમની ડાંગે ખોખરાં કરાવવા ઈચ્છા ધરાવતો નથી. એ તારીખવાર છપાએલો ફકરો વાંચીને કેટલાક સનાતની ભાઇઓને ખાત્રી થશે કે આ નાટિકાની વસ્તુ કેવળ ગપગોળો નથી, પણ આપણી પુરાણ-પ્રાચીન, સુજલામ્ સુફલામ્ ધન્ય ભારતભોમમાં જાહેર રસ્તા ઉપર બનેલી વાત છે! ચં



... દેસાઇ કતારગામવાળા ડુબી ગયા હતા ને મરણ પામ્યા છે. ગુજરાત સમાચાર

સનાતનીઓને સમર્પણ

ગુજરાતી તા. ૧૦-મે-૧૯૩૪

નાગપુર, તા. ૮ મી મે—નાગપુરના જરીપટકા નામના પરામાં એક સનાતની બાઇની જીંદગી બચાવવામાં અસ્પૃશ્યતા વચમાં કેવી રીતે આવી તેનો હૃદયદ્રાવક કીસ્સો બહાર આવ્યો છે. એમ જણાય છે એક સનાતની હીંદુ સ્ત્રી કુવામાં પાણી ભરતાં અચાનક કુવામાંથી પડી ગઇ. તેણે કુવામાંથી મદદ માટે બુમો મારવાથી બે હરીજનો (મહાર યુવકો, કુવા તરફ દોડી ગયા અને પેલી બાઇની જીંદગી બચાવવા કુવામાં ઉતરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. તેઓને આગ્રહ કરતાં સવર્ણ હિંદુઓ તરફથી અટકાવવામાં આવ્યા હતા અને જણાવ્યું હતું કે તેમ કરવાથી કુવામાંનું પાણી અપવિત્ર થશે. આ ઝઘડાના પરિણામે તે બાઇ ડુબીને મરણ પામી હતી.

પાત્રો

ગંગા • રૂડકો માવલો • ભુરો તુલસીદાસ • રહેમતખાં શિવશંકર • વિદ્યાર્થી • બે મુસાફરો

[આબુ કે મહાબળેશ્વર કે એવા કોઇ પહાડ ઉપર જવાનો પાકો મોટરનો રસ્તો. એ રસ્તાનો લગભગ અધવચનો એક ભાગ. આરામ લેવાનું મથક ઉપર હવા ખાવાનું સ્થળ છે, યાત્રાનું ધામ છે, જોવાલાયક ઇમારતો છે. રંગભૂમિ પર તો દેખાય છે કોઇ સખી દયાળુ ગૃહસ્થે બેસાડેલી પાણીની પરબ. પાણીનાં બેચાર મોટાં માટલાં, પરબની નાની છાપરી, પાસે એક ગરીબ બાઇ, હાથમાં કળશિયો. . . . બાઈનું નામ ગંગા. પાસે એનો નાનો દીકરો રૂડો ફાટેલી ડગલી અને નહિ જેવી પહેરેલી પોતડીમાં સજ્જ બેઠો છે કે ઊભો છે બીજા ખૂણામાં ઝાડ નીચે જાણે આરામથી એક સુઘડ દેખાતા જુવાન ચોપડી વાંચતા બેઠા છે. પડદો ઊપડ્યા પછી બેત્રણ મિનિટમાં માવલો અને ભુરો ધીમેધીમે ચાલતા આવે છે. માવલો શિખર ઉપરના બંગલામાંનો જાજરૂ સાફ કરનારો ભંગી઼ઓ છે. ભુરો જરા વધારે સ્વચ્છ અને સારાં કપડાંમાં છે, તે શિખર ઉપરની એક વીશીમાં રસોઇઓ છે.]

માવલોઃ કેમ ગંગાબેન, બહુ થાકયાં દેખાઓ છો ? લ્યો, જરા પાણી પાઓ.

ગંગાઃ (વાંસની અરધો ફાટી નળી લઇ તેમાં ઉપરથી પાણી રડે છે, તે ખોબે ઝીલી માવલો પીએ છે. ગંગા બોલતી જાય છેઃ) અરે ભાઈ, આજે તો બહુ થાકી ગઇ ! કોઇ મોટા શેઠીઆ એકનાથ જાય છે—એ જ; પણે જુઓને પલટણ બેઠી છે. ખીચડી રાંધવાના છે, એનું પાણી ખેંચાખેંચીને તો હું આ થાકી.

ભુરોઃ તે એમનાં માણસોને ખેંચતાં શું થાય છે ?

ગંગાઃ અરે ભાઇ ! મેલોને એ વાત. મેં અને રૂડાએ મળીને આવી પંદર ડોલો ખેંચી.

માવલોઃ (પી રહી) બસ બેન, બસ; ભગવાન તમારૂં ભલું કરો. પાણી તો એવું ટંડુ સે ! લ્યો ભુરાભાઇ, ગગું ભીનું કરો.

ભુરોઃ લાવો, (પીએ છે).

માવલોઃ તે આ ભુરાભાઇને વાંસિયું નહિ? પુઇણ્યશાળી!

ગંગાઃ અરે ભઇ, ભગવાનની આંખોમાં તો બધા ય સરખા. પણ ઓલ્યા એ ધરમવાળા લઇ બેઠા છેને— એ તો હું જાણું છું કે તમે બે માજણ્યા ભાઇ છો; પણ દનીઆ કંઇ ઓછી જ જાણવા ગઇ છે ?

ભુરોઃ (પી રહી) અરે અમારી વીશીમાં કેક ધરમાત્મા મારી રસોઇ જમી ગયા. માવલો અહીં રહ્યો ઇમાં, નહિ તો કને, એને પણ હું ભામણ બનાવી દેત. બહારગામ ગયા કે ધરમ સુધર્યો.

માવલોઃ એ ગંગાબેન, ખરૂં પૂછો તો મને એવું ના ગમે! એ ઠીક સે, બે રૂપીઆ વધારે રળી ખાય સે, બાકી એ છેતરવાનું મારાથી તો ના બને.

ભુરોઃ અરે મોટાભાઇ! દુનીઆ એમ જ હાલે. આ તમે હવાર પડે ને લોકોના મેલાં ઢહડતા ઢહડતા ધયડા થયા, અને ઉપરથી આ વાંસિયું—હડધૂત; 'આઘા ખહો' એ કપાળે ચોંટેલું તે જુદું. આ હું પોંસ વરહ મુંબઇ કરી આવ્યો તે જુઓ હું જ ચોકખો રસોઇઓ.

ગંગાઃ હોવે ભાઇ હોવે! લોકને તો દેખ્યાનું ઝેર છે; બાકી ધરમની નિંદા આપણે કાં કરીએ ?

માવલોઃ ખરૂં, ગંગાબા ખરૂં કહ્યું.

ગંગાઃ તે આજે બે ભેગા નીચે ગયા'તા?

ભુરોઃ આ શેઠને માટે સ્તો! કોઇ મોટો શેઠીઓ સે. આ જુઓને, થોડું શાકભાજી, સીધું સામાન વગેરે ગાંઠડો આણ્યો સે અને માવલાભાઇને હંગાથે લીધો. એની આ ડગલી ફાટી ગઇ, તે નવી સીવવા આલી દીધી. ઓણની સાલ ઉપર બહુ લોક આવવું લાગે સે તો?

ગંગાઃ હોવે રે; હવા ખાવા યે આવે, અને ચપટીક ધરમ યે નોંખી જાય; બેઉ કામ.

ભુરોઃ પેલા ભાઇ કોણ બેઠા છે?

ગંગાઃ કોક મૅમઇ તરફના મોટા વહ્યારથી છે. ખટારામાં નથી ગયા, પગે હેંડતા નીકળ્યા સે. અહીં જરા ગમી ગયું લાગે છે, તે બેઠા છે.

ભુરોઃ આમ તો હોંશીઆર લાગે સે.

ગંગાઃ અરે હા રે, હમણાં મારી દીકરીને એક કાગળ લખવો હતો તે તડ દઇને લખી આલ્યો. વળી ઠીકઠીક વાતો પણ કરી. તો જ જણાયું જે એ તો વળી સુધારાવાળા છે.

ભુરોઃ ગેંધીવાળા ?

ગંગાઃ ઇ તો કોણ જાણે, પણ આભડછેટમાં નીં માનતા. ભાઇ, ભણીને એટલું ના હમજે કંઇ?

[અંદર ભૂંગળું વાગે છે.]

ભુરોઃ આ કોકની મોટર આવી.

ગંગાઃ એ જ હશે, શેઠીઆ. હમણાંક ને પાણીની. . .

ભુરોઃ તે જમી કરીને ઉપર જવાના ખરૂં ને ?

રહેમતખાં મોટર ડ્રાઇવરઃ (આવીને) હા હા. લાવ પાણી. (પીએ છે).

[એટલામાં બીજા બે વટેમાર્ગુઓ આવીને પાણી પીએ છે; રહેમત પેટ્રોલનું પીપ લાવી પાણી લે છે.]

૧ મુસાફરઃ હાઆશ! જેણે આ પરબ બેસાડી તેનું કલ્યાણ થજો. કેવું સરસ પાણી !

૨ મુસાફરઃ જગ્યા પણ સરસ છે.

૧ મુસાફરઃ ઘણી સરસ! નીચે જતાં તો તાપ વધવાનો.

માવલોઃ (પડચો પડચો) હારે, ઘણો. અમે હમણાં જ આવ્યાને?

૧ મુસાફરઃ હં હં. દીવાસળી છે?

માવલોઃ એ છે તો ખરી, પણ હું તો ભંગીઓ સું.

૧ મુસાફરઃ અરે? આલને, અદ્ધરથી આલજે!

માવલોઃ (ખોળે છે) અરે! નીકળતાં લીધી હતી ને? પેટી ક્યાં ગઇ–હેં–વાહ ભાઇ? અરે ત્તારી, નથી ભાઈ!

૨ મુસાફરઃ નસીબ જ ફુટેલાંને?

માવલોઃ પણે જાઓ, પેલા ભામણો રસોઇ કરે

વિદ્યાર્થી: પણ તેમાં માર શાનો મરાવો છો?

તુલસીદાસ: અરે કંઇ વાત છે? સાલા બંને એક-બીજાને અડકી અંદર ઊતરવા જાય છે.

[શિવશંકર આવે છે.]

શિવશંકર: ઝીલ્યા ન રહે ને, શેઠ! જુઓને, એ તો આ રહેમતખાં મજબૂત તેમાં...

વિદ્યાર્થી: પણ તેમાં માર શાનો મરાવો છો? આ કઇ જાતનો ન્યાય?

તુલસીદાસ: અરે બસ, તમે પણ જબરા છો. હાં શિવશંકર! જાઓ જાઓ! છે સાળાઓનું જોર? જુઓને, માર મારે છે છતાં દોડવા જાય છે! રહેમતખાં, મારો મારો એ ઢેડાઓને સાળાને.

[શિવશંકર જાય છે.]

અંદરથી અવાજ: અરે કોઈ આવો આવો—કૂવામાં બાઇ પડી ગઈ છે.

વિદ્યાર્થી: અરેરે બિચારી પરબવાળી બાઈ—મને તરતાં આવડતું નથી, નહિ તો હમણાં હું ઊતરત.

તુલસીદાસ: એ બરાબર છે, પણ તેથી કંઇ પાણી અપવિત્ર કરાય?

વિદ્યાર્થી: પણ બાઇનો જીવ તો બચાવવો જોઇએને?

તુલસીદાસ: અરે, એમ આખી દુનિયાના જીવ બચાવવા બેસીએ તો પાર કેમ આવે? એવાં તો સાલાં રોજ કૈંક મરતાં હશે.

વિદ્યાર્થી: (અંદર) એઇ, એમને ઊતરવા દો, છોડી દો, છોડી દો, છો ઊતરે.

તુલસીદાસ: અરે કંઇ વાત છે! ધરમનું સત્યાનાશ કરવા બેઠા છો?

વિદ્યાર્થી: અરે શેઠ, જિંદગી મોટી કે ધરમ મોટો?

તુલસીદાસ: ધરમ મોટો, ધરમ! સત્તર વાર ધરમ મોટો. (અંદર) એઇ! પકડી જ રાખજો—એને નહિ ઊતરવા દેતા.

વિદ્યાર્થી: તમે પણ ખરા છો શેઠ! આમાં પેલી બાઇનો જીવ જશે. લાવો હું જોઉં છું. બને તો કંઇ કરૂં.

[જાય છે]

તુલસીદાસ: હા, પણ પેલા ઢેડાઓને નહિ ઊતરવા દેતા. અરે શિવશંકર! ઓ શિવશંકર! એ લોકોને પકડી અહીં લાવો, અહીં ત્યારે જ ઠેકાણે આવશે.

[શિવશંકર અને રહેમતખાં બંને ઢેડાઓને પકડી લઇ આવે છે.]

શિવશંકર: અરે શેઠ! આપણો રહેમતખાં, એટલે પહોંચી વળાયું; બંનેને દે પગમાં ધડાધડ! ઓ ભગવાન! અંત્યજો કૂપને ભ્રષ્ટ કરે એ તારાથી પણ કેમ દેખ્યું જાય છે?

તુલસીદાસ: ક્યૌં રહેમત?

રહેમતખાં: અરે દોનોં પાજિયોંકી મિટ્ટી પલીદ કર ડાલી મૈંને તો!

માવલો: અરે, બાપજી! મારા પગ ભાંગી નાખ્યા.

[પડીને બેસી જાય છે.]

તુલસીદાસ: ચપ રે સાલા ઢેડા!

ભુરો: પણ મને શા માટે પકડ છ, હું કયાં ઢેડ છું?

તુલસીદાસ: અરે ચપ! તું આ ભંગીને અડકયો કેની—તું યે સાલા લાગે છે તો ઢેડો જ!

માવલો: અરે પણ બિસારી ગંગાને તો કોઇ બસાવો.

તુલસીદાસ: હા, હા... હા, તે હવે એનું કંઇ કરીએ. શિવશંકર! તમે ઊતરશો?

શિવશંકર; દોરડું તો જોઇએને? હું કૃપાશંકરને મોકલું, એ હોશિયાર છે (જાય છે) પણ હું ઢેડાઓને અડચો છું; ન્હાયા વિના કેમ ઊતરૂં?

તુલસીદાસ: હા, હા શિવશંકર! જોજો મને પણ નહિ અડકતા.

[વિદ્યાર્થી દોડતો ધસી આવે છે]

વિદ્યાર્થી: અરે શેઠ! બાઇ બચે એવું નથી લાગતું. પેલો છોકરો બિચારો એકલો ઊભો ત્યાં રડે છે. કંઇ તો કરો?

તુલસીદાસ: અરે, દોરડું હોય તો કોઇ ઊતરે; પણ દોરડું જ નથી ને?

ભુરો: અરે દોરડાની શી જરૂર સે? હમણાં હું ઊતરી પડું.

તુલસીદાસ: (વિદ્યાર્થીને) તમે ઊતરો ને.

વિદ્યાર્થી: મને તરતાં નથી આવડતું, નહિ તો હમણાં જાત; પણ આ એને જવા દોને?

તુલસીદાસ: અરે કંઇ વાત છે? તમે પણ શું ગમે તેમ બોલો છો? હિન્દુ છો કે કોણ છો?

વિદ્યાર્થી: છું તો હિન્દુ.

તુલસીદાસ: આવા હિન્દુ? હેં. આવા હિન્દુ? શરમ નથી આવતી? આખો કૂવો વટાળવા નીકળ્યા છો.

વિદ્યાર્થી: પણ પેલી બાઇ મરી જશે તેનું શું?

તુલસીદાસ: તે એનું કરીએ છીએ. લાવ જોઉં ?

[અંદર જાય છે.]

માવલો: ઓ ભગવાન ! મારી નાખ્યો મને, પગ જરા વળતો નથી.

ભુરો: અરે હેવાનની માફક માર શાનો માર્યો તેમાં?

રહેમતખાં: ઇતનેસે હિ બસ કર; વર્ના જ્યાદા જ્યાં દરાઝી સે મામલા ઔર ભી બિગડ જાયગા.

[દરમિયાન શિવશંકર ગટકામાં પાણી જુએ છે.]

શિવશંકર: અરે પાણી તો બે લોટા પણ પૂરું નથી.

તુલસીદાસ: (આવીને) અરર, બાઇને કાઢવી તો પડવાની.

વિદ્યાર્થી: મને લાગે છે કે બાઇ બિચારી મરી જ ગઈ હશે.

તુલસીદાસ: ખરેખર! ઓ ભગવાન!

શિવશંકર: ચાલો ચાલો હવે તો કાઢવી જ પડશે, નહિ તો નવાશે કેમ.

[રહેમતખાં, તુલસીદાસ અને શિવશંકર જાય છે]

વિદ્યાર્થી: આ તો જુલમ થાય છે.

માવલો: જુલમસ્તો બાપજી! આજે ગરીબનું કોઇ નથી.

ભુરો: અરે ખબર પડહે—ઉપર બંગલામાં જાજરા ભરાયા જહે ત્યારે. આ માવલાથી ઉપર કેમ કરી જવાવાનું હતું જે?

વિદ્યાર્થી: અરે એ તો બીજો માણસ લાવશે.

માવલો: અરે બીજો માણહે આવહે, પણ આ બિસારા રૂડકાની મા કંઇ પાસી આવવાનીસે ? એનું હવે કોણ?

વિદ્યાર્થી: કંઇ નહિ, કંઇ નહિ, ભાઈ! એને હું અનાથાશ્રમમાં મૂકવાની તજવીજ કરીશ.

ભુરો: એ તો મહેરબાની તમારી, પણ આ પરબ ભાંગી તેનું શું ? કેટલા પંથીઓને રાહત હતી! તઇણ કલાકમાં કઇ મોટી ભૂખ લાગી જતી હતી, તે વળી અહીં ખીસડું રંધાવવા બેઠા ?

વિદ્યાર્થી: ભાઇ! ધરમના અવતારો છે બધા.

ભુરો: (ધીમેથી) ભાઇ! તમે તો ભણેલા છો, બને તો આ છાપાંમાં આલજો.

વિદ્યાર્થી: પણ તેથીયે શું વળે? અને આજકાલ તો છાપાવાળા પણ આવું છાપતાં ગભરાય છે.

ભુરો: કેમ ?

વિદ્યાર્થી: એમને પણ સનાતનીઓ માર મારવાની ધમકી આપે છે ને?

માવલો: ઓ ભગવાન મારા !

[નિસાસો નાખે છે.]

[શિવશંકર અને તુલસીદાસ પાછા આવે છે.]

શિવશંકર: ત્યારે શેઠ! રસોઇ ઠંડી થઇ જશે તેનું શું?

તુલસીદાસ: તો જમી લઇએ, પહેલાં. પણ તમારું નહાવાનું શું ?

શિવશંકર: એ તો રહેમતખાંને અડક્યાશ એટલે હું ચોકખો થઇ જઇશ.

તુલસીદાસ: હા, હા, ધરમમાં એ ટુચકો છે ખરો.

[રહેમતખાં આવે છે.]

રહેમતખાં: વહ ઔરત તો મર ગઇ દિખાતી.સાબ!

[રડતોરડતો આંખે હાથ દઈ રૂડકો આવે છે.]

ભુરો: આવ, બેટા! આવ!

વિદ્યાર્થી: શેઠ! આનું કોણ જવાબદાર!


તુલસીદાસ: આપણે શું કરીએ ભાઇ? જેવી ભગવાનની મરજી! ચાલો શિવશંકર! પત્રાળાં માંડો.

[અંદર જાય છે અને પડદો]

ચંદ્રવદન મહેતા

એક સસ્તું કલા-પ્રકાશન

નવ ત્રિરંગી ચિત્રો; સોળ પાનાં ખીચોખીચ ભરીને અનેક એકરંગી ચિત્રો આલેખનો અને ફોટોગ્રાફો; લગભગ ચાળીસ પાનાંમાં, પાનેપાને છુટ્ટે હાથે વેરેલા સ્કેચો સાથે સંપૂર્ણ વિગતવાર માહિતી અને કલાવિવેચના;—આ પ્રકારનું, અજંતાના કલામંડપોનો પરિચય કરાવતું કલા-પ્રકાશન આ પહેલું જ છે; એ અનોખું છે અને અનન્ય છે. મોટી કીમતે મળતી અંગ્રેજી ગાઇડો કરતાં એમાં વધુ સામગ્રી છે, વધુ ચિત્રો છે અને એ કલામાંથી પ્રેરણા પામેલા દીક્ષિતોનો આલેખેલો વધુ નિકટનો પરિચય છે. કુમાર કાર્યાલયનું એ પ્રકાશન છે. અને કીમત જુઓ તો રૂા. ૧-૮-૦ ફરી વિચાર કરો: નવ ત્રિરંગી ચિત્રો; સોળ પાનાં ભરીને એકરંગી આલેખનો. ચિત્રો ને ફોટોગ્રાફો; ચાલીસ પાનામાં છુટ્ટે હાથે વેરેલા સ્કેચિઝ સાથે કલાપરિચય કરાવતા લેખ; બેરંગી પૂઠું. બધું દોઢ રૂપિયામાં!



સા હિ ત્ય નાં અં ગ

૧ · નિબંધ

લેખક · **શ્રી સુરેશ દીક્ષિત** એમ.એ, એમ.એસસી.

સાહિત્યમાં નિબંધનું અંગ નાનું પણ મહત્ત્વનું છે. બહોળા વાચન અને ઊંડા વિચારને અંતે નિબંધનું શરીર ઘડાય. નિબંધ વિષયે એવા ખોટા ખ્યાલ પ્રચલિત છે કે જેથી જાતજાતનાં ને ભાતભાતનાં લખાણોને નિબંધની કોટિમાં બેસાડી દેવાય છે. બાળકોને નિશાળમાં લખતાં વાંચતાં આવડ્યું કે ગાયઘોડાથી માંડી સત્ય અને પ્રમાણિકતા ઉપર નિબંધ લખાવાય છે. નિબંધ લખવાની પદ્ધતિ પાડી અને વિષયની રેખાસૂચિ દોરાવી આખાયે અંગને બાંધી જકડી લેવામાં આવે છે. કળાના કોઈ પણ અંગને પદ્ધતિ ન હોય. પદ્ધતિ અને પ્રણાલિકા સ્વીકાર્યાથી સાહિત્યમાંથી વ્યક્તિત્વ ચાલ્યું જાય. પદ્ધતિ અને પ્રણાલિકા એ વિજ્ઞાનની દોરી છે. નિબંધમાં વિષયના અર્થ અને ઉત્પત્તિથી માંડી કંઈક ઉદાહરણ, દલીલો અને અવતરણ સાથ પુરાવવા આવવાં જોઈએ એવી માન્યતા ઘણાની હોય છે. નિબંધ એ નિર્ણય (Thesis) નથી એ સ્વીકારી લેવું જોઈએ.

ગુજરાતી સાહિત્યમાં નિબંધ અણવિકસિત અંગ છે અને ઘણે અંશે અપ્રિય પણ છે. એનો અર્થ સ્પષ્ટ નથી. કવિતા નહિ, નાટક નહિ, વાર્તા કે નવલકથા નહિ તે નિબંધ, એવો નકાર ભર્યો વિચાર પણ યોગ્ય નથી. નિબંધ એટલે કળા, સર્જન અને શુદ્ધ સાહિત્યનું ઊંચું અંગ એ જ એની સત્ય કક્ષા છે. પદ્યમાં ઊર્મિભરી નાની કવિતાને જેવું સ્થાન છે તેવું જ સ્થાન ગદ્યમાં નિબંધનું હોય. ફેર એટલો જ છે કે કવિતામાં લાગણી અને અનુભવ જેવાં છે તેવાં નિબંધમાં મનન અને ચિંતન હોય. કવિતાના સુંદર ભાવ સમજવા અને પ્રશંસા કરવા વાચકને હૃદયની જરૂર છે તેટલી જ નિબંધની તુલના કરવા બુદ્ધિની યોગ્યતા જોઈએ. નિબંધના લેખકમાં અભ્યાસ અને ઊંચી કલ્પનાનો સંયોગ હોવો જોઈએ.

નિબંધ લખવો એટલે નિશાળીઆની રમત નથી. નિબંધ એટલે એક વિષયને અથથી ઇતિ સુધી ચૂંથી નાખવો કે તેનું પરિપૂર્ણ સમર્થન કરવું એમ નહિ. નિબંધનો ઉદ્દેશ ઉપદેશ કે વિષયનું સમર્થન પણ નથી. જે લખાણથી વાચક કંટાળી જાય તે નિબંધમાં ન ખપે. ઊંચો નિબંધ પહેલેથી તે છેલ્લે સુધી વાચકને મુગ્ધ રસમાં પકડી રાખે. જે લખાણમાં લેખકને હોય તેટલા જ્ઞાન કરતાં વધારે જ્ઞાન હોવાનો ડોળ હોય તે તરત જ કંટાળો આપે. નિબંધમાં વિચારોની પરંપરા હોય પણ એક જ વિચારનું પિષ્ટપેષણ ન હોવું જોઈએ. એક જ વિચાર ઉપર અસમાન ભાર એ સારા નિબંધનું લક્ષણ નથી. શબ્દની ઝાંઝર અને વાક્યોની આંટીઘૂંટી એ આવા સાહિત્યમાં જરા યે ન પાલવે. આપોઆપ સહેલાઈથી ન સમજાય એવું લખાણ સાહિત્યની હદમાં પણ ન આવે. નિબંધની

(અનુસંધાન આગળ પૃ. ૫૨૮ મે)

પરાજિતા નંદાદેવી

તાજેતરમાં જ, વેલ્સ યુનિવર્સિટીના પ્રોફેસર ગ્રૅહામ બ્રાઉનની સરદારી નીચે બ્રિટિશ–અમેરિકન સંયુક્ત ટુકડીએ ૨૫,૬૬૧ ફૂટ ઊંચા નંદાદેવી પર મેળવેલો વિજય પહાડખેડાણના ઇતિહાસનો એક સોનેરી સફો છે. યુક્ત પ્રાંતોમાં આવેલું હિમાલયનું એ બ્રિટિશ સામ્રાજ્યમાં સર્વોચ્ચ શિખર છે. એને પરાજિત કરવાના પ્રયત્નો તો અરધી સદી થયાં અવિરત ચાલુ જ હતા. તેનું એક કારણ તો એ કે પડોશમાં આવેલા એવરેસ્ટ અને મધ્ય એશિયામાંના બીજા કેટલાક ભાગો જેવો પરદેશી સીમાનો રાજકીય અંતરાય તે માટે ન હતો.

દાનવોનું રહેઠાણ મનાતી નેળને પડખે વામન વૃક્ષરાજિમાં ઉન્નત મસ્તકે ઊભેલા આ અદ્દ્ભુત ગિરિશિખરે આજ અરધી સદી થયાં સાહસબાજોને જે છક્કડ ખવડાવી હતી તેનું આ વિજયી ચઢાણ સ્વાભાવિકત: જ માનવ પ્રયાસની એક વધુ નવાજેશ બને છે. એનો અનુલ્લંઘ્ય મનાએલો માર્ગ તો શિપ્ટને ૧૯૩૪થી સહજ લંઘ્ય બનાવી દીધેલો છે.

પાંચ વર્ષ પહેલાં અઠંગ સાહસબાજ એફ. એસ. સ્માઇથ પોતાની ટુકડી સાથે હિંદમાં આવેલો ને કમઠાચળનું આરોહણ તેણે સફળ કરેલું. પણ નંદાદેવી તેથી યે ૧૦૦ ફૂટ ઊંચું આવેલું છે એટલે માનવપ્રગીત ઉચ્ચોચ્ચ સ્થાનની રેકૉર્ડ આ આરોહણથી તૂટી છે. જોકે ઘણા યે પહાડખેડુઓએ એવરેસ્ટ પર એથી વધુ ઊંચાં ચડાણો કરેલાં છે, પણ હજુ સુધી એ ગૌરવોન્નત શિખર અજેય રહ્યું હોઇ એ ગણનામાં લેવાય એમ નથી.

આ બ્રિટિશ–અમેરિકન ટુકડીએ ધાર્યાં કરતાં પણ એક માસ વહેલું પોતાનું કામ ખલાસ કર્યું છે. એનાં વાસ્તવિક કારણો માટે કલ્પનાનો જ સહારો લઈ શકાય. જૂન માસમાં તેઓ મુંબાઇને કિનારે ઊતર્યાં ને સીધો જ હલ્લો લઇ જવાની પોતાની ઉમેદ બર આણી. ૧૯૩૪ની શિપ્ટન–ટિલ્મૅનની ચડાઇનાં તારતમ્યોનો તેમને બહુ સરસ લાભ મળી ગયો.

શિપ્ટનની એ ચડાઇ હિમાલય પરના આક્રમણપ્રયાસોનું પ્રકૃષ્ટ પરાક્રમ છે. નંદાદેવીની વરાંકિતા ખીણ સુધી પહોંચવામાં સફળ થનાર એ પહેલો જ અખતરો હતો. એ આરોહક ટોળીમાંનો ટિલ્મૅન પણ આ વખતે પ્રો. ગ્રૅહામ બ્રાઉન સાથે હતો. પ્રાથમિક તૈયારીઓ



પૂર્ણ કરવા મિ. ડબલ્યુ. લૂમિસ સાથે એ સૌ પહેલાં હિંદ આવેલો.

પોતાના 'નંદાદેવી' નામક પુસ્તકમાં શિપ્ટને એક કાબેલ ને વ્યવસ્થિત ટુકડી હોય તો કેવી સફળતાથી તેનું ચઢાણ કરી શકે તે પૂર્ણત: દર્શાવી દીધું છે; ને શિપ્ટનના એ માર્ગસૂચનને અનુસરીને જ બ્રિટિશ–અમેરિકન ટુકડીએ કાર્ય શરૂ કર્યું હતું. ઉત્તર ધ્રુવની સફરોમાં વપરાતાં હલકાં કૅનૅડિયન કપડાં સૌએ વાપર્યાં હતાં. બરફ માટેના ખાસ જોડા ને ખોરાક પણ બધો સૂકો સાથે લીધેલો. ૧૮,૦૦૦ ફૂટ પર તેમણે પહેલી છાવણી નાખી, ને ત્યાંથી ત્રણ અઠવાડિયે એ ઉન્નત ગિરિશૃંગ સર કર્યું.

આ વિજયે સાહસબાજોના મનમાં ફરી એક નવી આકાંક્ષા જન્માવી છે એને તે, યોગ્ય બંદોબસ્તપૂર્વક જો ચુનંદી ટુકડી ગોઠવાય તો, એવરેસ્ટ સર કરવાની. પણ દુનિયાના કોઇ પણ ભાગ કરતાં વધુ વિષમતાઓ ધરાવતો હિમાલયનો એ મુકુટમણિ એમ થતાં યે નમતું આપશે કે નહિ તે જોવાનું રહે છે.

હિમાલયનાં જુદાંજુદાં શિખરોનું ચઢાણ આજ સુધી તો યુરોપિયનોના જ ઇજારા જેવું રહ્યું હતું. પણ તાજેતરમાં જ હિંદ આવેલી જાપાની ટુકડી અને હિંદમાં યે એ માટે ઊઠેલો શોર બતાવી આપે છે કે હવે વધુ વખત એ ઇજારો ટકી નહિ શકે.

હિમાલયનું ચઢાણ પણ કૈં વર્ષોજૂનું નથી. એવરેસ્ટના આરોહણ માટે પહેલી ટુકડી ૧૯૨૧માં ગઇ હતી. ૧૯૩૬ સુધીમાં પાંચ પ્રયત્નો એ મહાશિખરની વિજય-

પ્રાપ્તિ માટે થએલા છે. છેલ્લી બંને ચડાઇઓ અલ્મોડાના ડેપ્યુટી કમિશનર મિ. હ્યુ રટલેજની સરદારી નીચે થઇ હતી, જે બંને નિષ્ફળ ગઇ છે.

એવી જ રીતે નંગા પર્વત પર પણ જર્મનોએ ત્રણ ત્રણ વાર પ્રયાસ કરી જોયો છે ને તેમને પણ નિષ્ફળતા મળી છે. છેલ્લી ૧૯૩૪ની ચડાઇમાં તો તેમના નેતા હેર વિલી મર્કલનો પોતાની આખી ટુકડી સાથે એના બરફમાં જ નાશ થયો.

K2 તરીકે ઓળખાતુ ગૉડવિન ઑસ્ટિન પણ મનુષ્યના વિજયપ્રયાસોથી બાકી નથી રહ્યું. હિંદી સરકારની મદદ મેળવી આજ વર્ષોથી નેધરલૅંડ્ઝનો કૉન્સલ જનરલ તેની પશ્ચિમ બાજુએથી ચઢાણના પ્રયાસો કરી રહ્યો છે, પણ હજુ સુધી તો સફળતા દૂર જ રહી છે. કાંચનજંઘા પણ ત્રણત્રણ વાર પ્રયાસો થયા છતાં હજુ અપરાજિતા જ રહેલી છે.

ત્યારે ઉન્નત શૈલશૃંગ હિમગિરિનાં આજ સુધી તો માત્ર બે જ શિખરો જિતાયાં છે. ૧૯૩૦માં મિ. સ્માઇથની સરદારી નીચે કમદાચળ (૨૫,૦૦૦ ફૂટ), અને આ સાલ મિ. બ્રાઉનની સરદારી તળે નંદાદેવી (૨૫,૬૬૧ ફૂટ). આટલી નામની સફળતા એ ગિરિરાજના ગૌરવને જરા યે વિકીર્ણ કરી શકે તેમ નથી. હજુ તો એનાં અનેક શિખરો પડ્યાં છે જેની તળેટીએ વિજયેપ્સુઓનો પગસંચાર પણ નથી થયો. એ છે નેપાળમાં આવેલું ધવલગિરિ (૨૮,૦૦૦ ફૂટ), કુમાઉંમાં ૨૫,૦૦૦થીયે વધુ ઊંચાઇનાં પંચચૂલી ને ગુર્લા માંધાતા, તથા હિમાલયની પશ્ચિમ ગોદમાં અને કાશ્મીર તથા નેપાલમાં આવેલાં અનેક અનામી શિખરો.

પણ એ દુષ્કરતાથી માનવ વિજિગિષા દબાઈ જાય એવું કશું નથી. હિંદનું એ પાપ હતું કે આજ સુધી એણે એ પ્રત્યે મૌન સેવ્યું હતું. પણ થોડા વખતથી એ પણ સાહસશોધ ને ભૌગોલિક સંશોધન પ્રત્યે પોતાની આજસુધીની બેપરવાહીના પશ્ચાત્તાપ રૂપે સક્રિયતામાં પગલાં માંડવા તૈયાર થયું છે. ૧૯૩૩માં દિલ્હી ખાતે 'ધી ઇંડિયન હિમાલયન એક્સ્પીડિશન ક્લબ' સ્થપાઇ છે જે દર વર્ષે આરોહણ-પ્રયાસો કરવાની ઉમેદ ધરાવે છે. ગ્રેટબ્રિટનની રૉયલ જીઓગ્રાફિક સોસાએટી અને અમેરિકાની નૅશનલ જીઓગ્રાફિક સોસાએટી મુજબ હિંદની એક આગેવાન સંસ્થા બની રહેવાના એને કોડ છે.

આ કલબ ૧૯૪૦ પહેલાં પોતાનું કાર્ય શરૂ કરવાની છે. એ માટે બ્રિટન સરકારના પાસ અને હિંદી સરકારની પરવાનગી તો અગાઉથી મેળવી લેવાયાં છે. હિંદવાસીઓનો ધર્મ છે કે એ કલબના સભ્ય બની એનાં આશા ને ઉત્સાહ ટકાવી રાખે.

'કુમાર'

સાહિત્યનાં અંગ..નિબંધ (અનુસંધાન પૃ.પ૨૬થી)

યોગ્યતા તેના લંબાણ ઉપર હોય તો ટૂંકું લખાણ સૌમાં સરસ લેખાય.


નિબંધના લેખકને વિષયનું સ્વરૂપ ઘડવાની પૂર્ણ સ્વતંત્રતા હોય. એક જ વિષય ઉપર છૂટાછવાયા વિચાર હોય તો પણ તે બધા ફૂલની માળા માફક એક જ દોરીએ પરોવાએલા હોવા જોઇએ. વિષયાંતર એ નિબંધનો રોગ છે, તેમ જ એકાએક વિચારનો ઉથલો કે પલટો એ બીજો વ્યાધિ છે. પહેલો રોગ ઝટ પરખાઇ આવે, પરંતુ બીજો દોષ તરત પરખાય નહિ.

નિબંધનો ખરો રસ તેની ભાષા ઉપર છે. સચોટ ભાષા, છટાયુક્ત શૈલી અને વહેતી નદી જેવો વિચાર-પ્રવાહ ગમે તેને આકર્ષી શકે. કોઇના ઉછીના લીધેલા વિચારો કે પારકાના ઘસડી આણેલા શબ્દો કદીયે સાહિત્યમાં ઝળકાટ ન આણે. સ્પષ્ટ વિચાર, સાદી ભાષા અને અણસમજને અવકાશ ન રહે એવી શૈલી નિબંધને દીપાવે.

ગંભીર વિષયો ઉપર જ નિબંધ લખાય એ એક વહેમ છે. વિષય ગમે તે હોય, પણ લેખક એને જે સ્વરૂપ આપે તે ઉપર લખાણનું મૂલ્ય અંકાય. ખડખડાવીને હસાવે કે આંસુ આણીને રડાવે એ બળ નિબંધમાં ન હોય. પરંતુ વાચક પ્રેરાય અને લેખકનો સંગરંગ લાગે તો જ નિબંધ સાર્થક ગણાય. જગતના રાજકીય, સામાજિક કે ધાર્મિક ઝગડાઓમાં નિબંધે જ શસ્ત્રની પહેલી ગરજ સારી છે. વર્ણન, ઇતિહાસ, સમીક્ષા કે વિવેચનથી, નિબંધ તેની ભાષા, સ્વરૂપની ઐક્યતા, શૈલી અને વિચારમયતાથી તરત જ જુદો પડી જાય. નિબંધનું સ્વરૂપ સાહિત્યના કોઇ પણ અંગ સાથે ઓતપ્રોત ન થાય.

જે પ્રજાના સાહિત્યમાં તેજસ્વી નિબંધ ન હોય તે પ્રજાનું માનસ ઊંચી કોટિનું ન હોય. નિબંધ સાહિત્યનો અર્ક છે, પ્રજાના માનસનું માપ છે.

જળજંગલની જીવસૃષ્ટિની પરિચયમાળા **વ ન વ ગ ડા નાં વા સી**



હઠીલો વાણિયો

રવિભાઇ જાપાનથી આવ્યા તે દિવસથી આખા ગુજરાતને એમણે જાપાનનો વિવિધરંગી પરિચય કરાવવા માંડ્યો છે. જાપાનમાં આમ અને જાપાનમાં તેમ; જાપાનની કલા આવી અને જાપાનીની કલાપ્રિયતા તેવી. રવિભાઇ રહ્યા કલાનાથ: એટલે બધું અનુભવથી, આત્માના અવાજથી બોલે. એમના સંસર્ગથી સારાસારા માણસો પણ આજે આપણે ત્યાં જાપાનની વાતો કરવા લાગ્યા છે. ઘણા સમજીને, વિચારપૂર્વક: મારા જેવા વળી કોઇ દીધે જ રાખનારા.

પરંતુ જાપાનની કલાની એક વાત રવિભાઇએ કરી હોય એવું મને યાદ નથી. એ હું તમને અહીં કહેવાનો છું. જાપાનની પિછાન કરવા રવિભાઇને ઠેઠ જાપાન જવું પડ્યું. હું વગર જાપાન ગયે અહીં બેઠો બેઠો, કલાનો કક્કોય નથી જાણતો છતાં, જાપાની કળાના, એના લોકસાહિત્યના એક અનિવાર્ય અંગની વાત કરી શકું, એટલી મારી વાતની વિશેષતા જ ને?

આ અપૂર્વ અંગ તે 'હઠીલો વાણિયો.[1]' એક જાતનું જીવડું. આપણે ત્યાં નાનામોટા સહુ એને ઓળખે છે. એરોપ્લેન જેવો એનો દેખાવ[2]. વીજળી વેગે પાંખો ફફડાવવાની એની ટેવ. એક ને એક સ્થળે ફરીફરીને આવવાનો એનો 'હઠીલો' સ્વભાવ—આ બધું અબૂઝ ગામડાવાસીને પણ પરિચિત છે.

છતાં આપણી સૌન્દર્યવૃત્તિ એનાથી નથી સંતોષાઇ. પ્રાચીનો એને ભૂલી ગયા છે. આધુનિકો તો એની સામે જુએ જ શાના?

જાપાનની વાત નોખી છે. ઇતર દેશોમાં જંતુશાસ્ત્રીઓ જ્યારે સાવ અંધારામાં હતા, ત્યારે જાપાનમાં આ જંતુનો અભ્યાસ ઉચ્ચ કોટિએ પહોંચ્યો હતો. ત્યાંની ભાષામાં એ પ્રાણીની પ્રત્યેક જાતનું વિશિષ્ટ નામ પડ્યું છે. આબાલવૃદ્ધ પ્રત્યેક જાપાનીને એનો ગાઢ પરિચય છે. એમની કવિતા, એમની કથા, એમનાં શિલ્પ અને ચિત્ર, એમના સમગ્ર જીવનમાં આ અદ્ભુત અપૂર્વ લોકોત્તર રૂપસંભારવાળું જીવડું કોઇ ને કોઇ રૂપે પ્રતિબિંબિત છે. જાપાનીઓની વિચારસૃષ્ટિ, કલ્પનાસૃષ્ટિ અને સૌન્દર્યભાવના સાથે હઠીલા વાણિયાનો અબાધ્ય સંબંધ છે: હતો અને છે. એમના મનથી પતંગિયાં કરતાંયે ઊંચું સ્થાન હઠીલા વાણિયાનું છે.

સૌન્દર્યપૂજામાંયે સૂક્ષ્મદર્શિતા દાખવનારી જાપાની જેવી વ્યવહારૂ પ્રજાનું ચિત્ત જે હરી શક્યું, તેનો નિકટનો પરિચય આપણને પણ ઉપકારક નીવડશે.

હઠીલા વાણિયાનું શરીર પાતળી સોટી જેવું. નાનામાં નાનું એક ઇંચનું: મોટામાં મોટું ત્રણેક ઇંચ જેવડું. એનું પેટ દસ સાંધાવાળું. પતંગિયાંની પાંખો મોહક પણ એનો દેહ તો જરા યે આકર્ષક નહિ. જ્યારે હઠીલા વાણિયાના દેહની શોભા તો મનોહર છે. એનો રંગ ચળકતો, વિવિધવરણો. કોઇનો પીળો, કોઇનો લાલ; કોઇ લીલા, આસમાની, ગુલાબી, કાળા—એમ અનેક રંગના દેહવાળા વાણિયા જોવામાં આવે છે.

પાંખો: સરખી કે સરખા જેવી, દેહની બંને તરફ

---

૧ અંગ્રેજીમાં Dragonfly; જંતુશાસ્ત્રીઓ એને Odonata કહે છે. જાપાની નામ મને નથી આવડતું.

૨ અંગ્રેજીમાં જેને 'એરોપ્લેન' જંતુ કહે છે, તે વળી જુદું જ. જેની શરીરરચના જોઈ વૈજ્ઞાનિક વિશ્વ મુગ્ધ બન્યું છે એવા એ વિચિત્ર જીવડાનાં દર આપણા ગુજરાતની નદીઓના કાંઠે ઠેરઠેર નજરે પડે છે. એની રસિક કથા વળી કોઇક વખત.

બન્નેના જોડકે. આડીઅવળી નસો ગૂંથીને બનાવેલી ટેનીસ રૅકેટની જાળી જેવી. ઉઘાડી (પતંગિયાંના જેવાં રજકણ વિનાની). આજે તો મોટામાં મોટી ૩ાઇંચની જોવામાં આવે છે.[૩]

સામાન્ય રીતે પાંખો રંગ વિનાની કે ક્વચિત લાલપીળા રંગના છંટ વાળી જ હોય છે. છતાં બેત્રણ જાતોની પાંખો અવર્ણ્ય સુન્દરતાવાળી છે. એમાંની એક[૪]ની ચકચકિત તલવારના રંગની, આસમાની કે લીલા રંગની. બીજી જાતની[૫] પાંખોનો રંગ લીલો, વાદળી કે તાંબાવરણો ભારે જમાવટવાળો હોય છે. પણ આ બધાંને પાણી ભરાવે એવી તો ત્રીજી જાત[૬] છે. એમાં અનેક—ચકચકિત લાલ, બદામી, આસમાની, તાંબાવરણા, લીલા—રંગોનું એવું સપ્રમાણ અને અદ્ભુત મિશ્રણ છે કે એની શોભા કેવળ વર્ણનાતીત જ છે.

મૂછો[૭]: નાની, માથામાં ઢંકાઇ જતી.

સૂંઢ[૮]: નથી; કારણ એ માંસાહારી છે. એટલે કઠણ જીવડાં ચાવવાને દઢ જડબાંવાળું[૯] એનું મોં હોય છે.

આંખો: મોટી, ચણાની દાળના દાણા જેવડી. માથાની બંને બાજુએ આવેલી.

પગ: છ[૧૦]. જીવડાં પકડી શકાય તેવા, પણ ચાલવામાં નકામા. પતંગિયાં ચાલે ખરાં, પણ એમના પગથી જીવડાં પકડવાનાં નથી, એટલે એમની કેટલીક જાતોના આગલા પગ નકામા, સુકાઇ ગએલા હોય છે.

કાતરિયું:[૧૧] કેટલીક જાતોની માદાની પૂછડી નીચે સહજ વાંકું, છરીના ઘાટનું નાનું 'કાતરિયું' હોય છે. એના વડે એ પાણીના છોડમાં ઊભો ચીરો પાડી, અંદર ઈંડાં મૂકી શકે છે.

અવતારલીલા: પતંગિયાંની પેઠે હઠીલા વાણિયાને પણ કેટલાક અવતાર લેવા પડે છે. પણ પતંગિયાંની અને એની રીત જુદી છે. હઠીલા વાણિયાનું બચપણ પાણીમાં જ જાય છે. એની માદા વરસમાં એક જ વખત ઇંડાં મૂકે છે. આ ઇંડાં મૂકવાનાં સ્થળ અને રીત પણ જુદાંજુદાં. એક વર્ગની વાણિયણો પૂછડી પાણીમાં બોળી, છૂટાં ઈંડાં નાખે, જે તળિયે કાદવમાં ચોંટી રહે. બીજા વર્ગની નેતર, બરૂ, પાનો વગેરે પાણી વચ્ચે કે કિનારે ઊગતી વનસ્પતિના થડમાં કાતરિયાથી ચીરો પાડી તેમાં ઇંડાં મૂકે. કોઇનાં ઇંડાં છૂટાંછવાયાં: કોઇનાં માળાના મણકા પેઠે પરસ્પર સંકળાએલાં.

એકવીસ દહાડામાં તો ઇંડું ફાટે અને બીજો[૧૨] અવતાર થાય. પછી બીજામાંથી ત્રીજો[૧૩] એમ અગિયાર (કોઇકોઇના તો પંદર) અવતાર સુધી પહોંચે, એટલે પૂર્ણ અવયવવાળો હઠીલો વાણિયો બને. આ બધો વિકાસ આસ્તે આસ્તે થવાનો: ઈંડામાંથી પૂર્ણ વિકાસ થતાં બેથી પાંચ વરસ લાગે છે. આ સમય દરમિયાન એનો આહાર પાણીમાં રહેતી જીવાત હોય છે.

હઠીલા વાણિયા સ્વભાવે જ માંસાહારી છે. પતંગિયું વનસ્પતિનો રસ પીનારું; વાણિયો જીવાતનો આહાર કરે. નદી, તળાવ, કાદવ કે સરાણમાંથી મચ્છર વગેરેને ખાય એટલે દરજ્જે એની આર્થિક ઉપયોગિતા. રાતે ઘરમાં આવીને નાનાં ફૂદાં ખાતાં પણ મેં એને જોયો છે. મોટા વાણિયા નાનાનો ભક્ષ કરે એ વળી વધારામાં.

આ જંતુનું બચપણ પાણીમાં જ જાય છે, છતાં પુખ્ત ઉમરના વાણિયા પાણી ઉપર ક્વચિત જ ફરતા દેખાશે. માત્ર ભરપૂર વનસ્પતિવાળાં જલાશયોમાં હઠીલા વાણિયાનો પાર નથી હોતો. એક જ દાખલો આપું. ચંડોળા તળાવ ભરાયું હોય છે ત્યારે મોટે ભાગે એમાં વનસ્પતિ નથી હોતી. એ વખતે એમાં આ જંતુ ભાગ્યે જ, બહુ અલ્પ સંખ્યામાં જોવામાં આવે છે. જ્યારે એની પશ્ચિમે, અરધા માઇલ પર 'સૂંઢણ' નામની તળાવડી વનસ્પતિથી ભરપૂર હોવાને લીધે આ જંતુથી ખદબદે છે. ગયે જ રવિવારે હું ત્યાં ગયો હતો: હઠીલા વાણિયા પકડવામાં મારા અઢી ત્રણ કલાક ક્યાં ગયા તેની ખબર જ ન પડી. મ્યુનિસિપલ સૂએજ ફાર્મનાં ખાબોચિયાં તો એમને મન સ્વર્ગ. એમનો પ્રિય

૩ Megaloprepus caerutus

૪ Calopteryx

૫ Rhyothenais

૬ Rhinocypha

૭ ઍન્ટીના

૮ પ્રોબોસીસ

૯ મૅન્ડીબ્યુલેટ

૧૦ તેથી જ તેને 'ઇન્સેક્ટ'—જંતુ કહેવાય

૧૧ Ovipositor

૧૨ Pro-nymph; અવતાર=instar

૧૩ બીજાથી અગિયાર (પંદર) સુધી Free Nymph નામ

વસવાટ તો ભેજવાળાં સ્થળ કે જળાશયની સમીપનો પ્રદેશ છે. ઝાડની ઘટામાં પાન કે ડાળી પર બેસી રહેવાનું પણ એમને ગમે છે. કોઇકોઇ મૂતરડી અને ઉકરડા પર પણ ભમતા હોય છે. સ્વભાવે જ એ સૂર્ય-પ્રકાશના પરમ પૂજારી છે, એટલે સવારે સૂર્યોદય થાય ત્યારથી તે ઠેઠ સંધ્યાકાળ સુધી એમનું ભ્રમણ ચાલુ હોય છે. કોઇકોઇ જાત રાતે પણ આથડતી દેખાય છે. મારા નવા વસવાટમાં મેં અરધી રાતે વીજળીના દીવાથી ફૂદાં શોધવા ખેંચાઇ આવતા કેટલા યે વાણિયા પકડ્યા છે.

એમનો ઊડવાનો વેગ અકલ્પ્ય છે. નાના નાના ક્ષુદ્ર વેગે ઊડનારાઃ જ્યારે કોઇકોઇ જાત[૧૪]ની ગતિ તો કલાકના ૬૦ માઇલ જેટલા વેગવાળી છે! નામ પ્રમાણે જ સ્વભાવવાળો (એક સ્થળ પ્રિય) છતાં, કવચિત્ તીડ, પતંગિયાં વગેરે પેઠે એનાં ટોળેટોળાં સ્થાનાન્તર[૧૫] કરે છે. કયા પ્રકારની સંવેદનવૃત્તિ આવી યાત્રાની પ્રેરક શકિત છે તે તો કોણ જાણી શકે? એ સમસ્યા તો અધૂરી જ છે.

હઠીલા વાણિયાના બે વર્ગ છે: સહેજે ઓળખાય એવા. એકનું નામ Anisoptera. મજબૂત બાંધાના જંતુ. બેસે ત્યારે પાંખો પાથરીને. એની આંખો માથા વચ્ચે જોડાએલી કે અત્યંત પાસેપાસે. પાંખો સરખી નહિ. બીજો વર્ગ Zygoptera. સુન્દરમાં સુન્દર હઠીલા વાણિયા આ જ વર્ગના. પાતળી નમણી દેહ-લતા. અત્યંત રમણીય રંગે રંગાએલી. એના લાવણ્યથી એનું નામ 'દેમ્વાઝેલ'[૧૬] પડ્યું છે. પાંખો સરખીઃ બેસે ત્યારે પીઠ પર ભેગી ઊંચી કરી, પૂછડી તરફ સહેજ ઝુકાવેલી. આંખો વચ્ચેથી છૂટી. એને 'કાતરિયું' હોય છે.

આ વિચિત્ર જંતુની વસતી ઝાઝી નથી. બધી મળીને જગતમાં ૩૦૦૦ જેટલી જાતો જાણવામાં આવી છે. પરંતુ પ્રાચીનતામાં એની તોલે ઝાઝાં પ્રાણી આવી નહિ શકે. એના વંશનો વેલો હજારો વર્ષોથી ચાલતો આવ્યો છે. એનો એક પૂર્વજ[૧૭] સૃષ્ટિના વિકાસક્રમના છેક Carboniferous યુગનો હાથ લાગ્યો છે: જેની પાંખો જ ખાસી દોઢદોઢ ફૂટની છે!

ભારતવર્ષમાં ગીચ ઝાડીવાળાં દુર્ગમ જંગલ, ગાઢ વનરાજીવાળા નદીના તટપ્રદેશ, સૂકાં રેતાળ રણ, હરિયાળાં ખેતર—સર્વ સ્થળે એ વસે છે. ખરે બપોરે અમદાવાદની પોળો અને જાહેર રસ્તામાં ભટકતા તથા ઘરમાં પેસી જતા પણ મેં એને જોયા છે.

દેખાવે બીવડાવનારા છતાં એની ચપળતા, ખુશમિજાજી સ્વભાવ અને વિવિધ રંગે રંગાએલી દેહલતાને લીધે હઠિલા વાણીયા જોનારની આંખો ઠારે છે. એમને શોધવા જવાની ઝાઝી તકલિફ નથી પડતી. ઊલટું એમનો વિચિત્ર દેખાવ અજાણતાં યે આપણી આંખ આકર્ષે છે. છતાં આપણા દેશમાં એ હજુ ઉપેક્ષિત જ રહ્યા છે એટલું એમનું (અને આપણું) દુર્ભાગ્ય.

વનેચર

૧૪ દા.ત. Austrophlebia

૧૫ Migration

૧૬ 'રૂપસુન્દરી'.

૧૭ Miganeura નામનો

સાદીની ફૂલવાડી

'Have you no laws', said I one day to Age Meer, 'but the Koran and the traditions upon that volume?'

'We have', said he gravely, 'the maxim of Sadi.'

Sir John Malcolm (Sketches of Persia)

એક સુલતાનનો નોકર હતો, એની સ્ત્રીએ એને કહ્યું, 'છોકરાં ભૂખ્યાં છે તે બાદશાહને રસોડેથી કંઇક ખાવાનું લઈ આવો.' પતિ કહે, 'આજ તો રસોડું ગાડુંટમ હશે, કેમ જે કાલે રાતે બાદશાહે ઉપવાસની અગડ લીધી છે.' સ્ત્રીએ કહ્યું, 'અરેરે, ઉપવાસ કરીને બાદશાહને વળી શું લેવું છે? એનો ઉપવાસ છૂટે તો મારાં છોકરાંને ઉત્સવ થાય.'

પરોપકારી રોજ મિષ્ટાન્ન ઊડાવે તોપણ તે નિત્યઉપવાસી સ્વાર્થપરાયણ કરતાં સારો.

ટંકનું ભોજન માણસ છોડે તે ભોજન જો ભૂખ્યાંને એ આપે, તો જ એને ઉપવાસ કરવાનો અધિકાર છે. નહિ તો ઉપવાસને કલેશ સહન કરવાથી શું સાર? દે.વા

ચાલતા નથી માટે—

અખાડો શરીરવિકાસનું વિજ્ઞાન ચર્ચતો વિભાગ: જેમાં સુસંહત શરીરનો ઝંખનાથી વ્યાયામની ઉપાસના કરનારા યુવાનો અનુભવની આપલે કરે છે.

❚ માનવામાં ન આવે એવી વાત છે.

સરસ બલવાન સ્નાયુવાળું સુંદર શરીર ઘડવું હોય તો, નિર્બળતા વ્યાધિ ને મૃત્યુ પર વિજય મેળવવો હોય તો—એક જ ઉપાય છે: **ચાલો.**

❚ ખરેખર, માન્યામાં ન આવે એવી વાત છે! શું? ભારેભારે વ્યાયામકરવાથી ખીલેલાં શરીર જેવાં શરીર કેવળ ચાલવાથી તે ઘડાતાં હશે?

❚ શા માટે નહિ?

સિંહ, વાઘ, ઘોડો, કુતરો, હરણ—કયા અખાડામાં વ્યાયામ કરવા જાય છે?

એ બધો પશુવર્ગ નિયમિત કસરત ન કરવા છતાં યાવજ્જીવન સુંદર સૌષ્ઠવપૂર્ણ દેહ સાચવી શકે છે, તો એકલા માનવીએ જ શો ગુનો કર્યો?

❚ ત્યારે?... વાંચી જુઓ આ લેખ.

વારંવાર હું એવા માણસોના પરિચયમાં આવું છું કે જેમને શરીરને સુન્દર કરવું છે, પણ વ્યાયામ કરવો નથી. કસરતની એમને સૂગ નથી હોતી, પણ શરીર કસવામાં કરવા પડતા શ્રમથી એ કંટાળે છે. મને પોતાને પણ વ્યાયામ કરવાની જરૂર નથી લાગતી. જો મનુષ્ય પ્રાકૃતિક જીવન જીવે તો સુન્દર સ્વસ્થ અને સશક્ત શરીર ઘડવામાં, વ્યાયામ જેવાં કૃત્રિમ સાધનો વિના પણ, સફળ થઇ શકે છે એવી મારી દૃઢ શ્રદ્ધા છે.

પ્રકૃતિમાં નજર કરો. જડ મનાતાં પશુઓને વ્યાયામ કરતાં કોઇએ જોયાં? છતાં એમના લોકોત્તર બળ અને ચપળતા, સુન્દર દેહ અને નીરોગી જીવન કેટલાં ઉત્તમ પ્રતિનાં સચવાય છે? અકસ્માત ન થાય તો, આ બધાં અપૂર્વ વીર્યમત્તા, સંપૂર્ણ આયુ, અવ્યાહત જીવનબળ, અદ્ભુત શક્તિથી ઊભરાતું યૌવન અકુંઠિતપણે ભોગવે છે.

તો પછી એકલા મનુષ્યપશુનું જ અકાળે મરણ શા માટે? નિર્બળતા, રોગગ્રસ્ત શરીરસ્થિતિ, અલ્પાયુ, નિર્વીર્યતા—આ બધાંનો ભોગ એકલો મનુષ્ય જ કેમ? મુખ્ય એક જ કારણ છે. તમે માનશો? એ 'ચાલતો' નથી માટે. અરે, 'ચાલવા'ની કયાં વાત કરીએ? એને 'પશુ' તરીકે ઊભા રહેતાં પણ નથી આવડતું. પછી મરે જ ને? ચાલવાના અને ઊભા રહેવાના—પ્રાકૃતિક ગતિ સ્થિતિના જ્ઞાનનો અભાવ જ મનુષ્યની વિકળતા, કુરૂપતા, રોગી દશા અને અકાલ વૃદ્ધત્વનું મૂળ છે.

મનુષ્ય બેપગો પશુ છે. આખી જીવસૃષ્ટિમાં એ એકલો જ 'ટટાર' ચાલે છે. એટલે એનો પરમ શત્રુ ગુરુત્વાકર્ષણ છે. પૃથ્વીનું અદૃશ્ય કઠોર બળ મનુષ્યને સતત પોતાની તરફ અધોમુખ ખેંચે છે. આ ખેંચાણ મનુષ્યના દીર્ઘાયુનું ઘાતક છે.

ચોપગાં પશુઓ પર આ ગુરુત્વાકર્ષણની ઝાઝી અસર નથી થતી. એમનાં શરીર પૂરેપૂરાં સમતોલ છે. ચાર ખૂણે ચાર થાંભલા હોય અને તે ઉપર બાંધેલો માંચડો હોય. એનો ભાર જેમ સરખી રીતે, દરેક થાંભલા ઉપર છૂટો છૂટો છતાં ચારેના સંયુક્ત બળથી સમતોલપણે વહેંચાયો હોય છે, તેવી રીતે પશુઓના શરીરનો ભાર એમના ચાર પગ પર સમતોલ સ્થિતિમાં ઝીલાવાને લીધે, પૃથ્વીનું ખેંચાણ એમની સ્થિરતા ડગાવી શકતું નથી.

જ્યારે મનુષ્યની વાત જુદી છે. એના 'માંચડા'ના બે જ સ્તંભ છે: આખા ઊભા શરીરનો ભાર આ બે પાયા જ વહન કરે છે. એથી જ ગુરુત્વાકર્ષણના બળનો પ્રતિકાર કરવો એને માટે અઘરો છે. એટલી એની દશા નિરાધાર. બે થાંભલા ઉપર, ઊભો ડોલમડોલ થાય એવો ટટાર ભાર સમતોલ રાખવો એ કેટલું કઠિન છે એની કલ્પના અઘરી નથી. માથા ઉપર પાંચસાત માટલાં ઉપાડી બેચાર ડગલાં ચાલી જોવાથી ઝટ સમજાશે.

મનુષ્યનો દેહ 'ટટાર' રહે, એ હેતુથી કુદરતે શરીરની બંને બાજુએ પરસ્પર વિરોધી ક્રિયાશક્તિવાળા

સ્નાયુઓનાં જોડકાં મૂક્યાં છે. પેટ અને સાથળના સ્નાયુઓનો સ્વભાવ (આકુંચન–ધર્મ) દેહને આગળ નમાવવાનો–કમરમાંથી વાળીને માથું પગ ભણી લઇ જવાનો છે. એનાથી ઉલટું, સાથળની પાછળના તથા બરડાના–ખાસ કરીને નીચેના ભાગના, કરોડની બંને બાજુએ દોરડા જેવા દેખાતા સ્નાયુઓનો આકુંચન-સ્વભાવ દેહને કમરમાંથી પાછલી તરફ વાળવાનો અર્થાત્ સીધો ટટાર રાખવાનો છે. એવી જ રીતે ડાબી બાજુએ શરીર કમરમાંથી ન ઝૂકી જાય એ અર્થે જમણા પડખાના સ્નાયુઓનો આકુંચનધર્મ અને જમણી બાજુ તે ન નમી પડે તે અર્થે ડાબા પડખાના સ્નાયુઓનો સ્વભાવ પ્રકૃતિએ નિર્ણીત કર્યો છે. આમ આગળ પાછળ, ડાબી જમણી બાજુએ પરસ્પર વિરોધી ધર્મવાળા સ્નાયુસમૂહથી બંધાએલો દેહ 'ટટાર' રહી શકે છે. આવશ્યક ક્રિયાઓ કરવામાં, મનુષ્ય બુદ્ધિ-પૂર્વક દેહને આડીઅવળી ગમે તેવી સ્થિતિમાં વાળી ફેરવી શકે છે, પરંતુ તે સ્નાયુઓ પરના કાબુને લીધે. આ સ્નાયુઓમાંના એકમાં પણ જો ક્ષતિ આવે તો તેટલે અંશે શરીરના 'ટટાર'પણામાં ખામી આવવાની જ. વૃદ્ધાવસ્થામાં ઘણા મનુષ્યોને કમરમાંથી આગળ વળી ગએલા જોઇએ છીએ તે કમરના (બરડાના) સ્નાયુઓ જીર્ણ, અશક્ત થવાને પરિણામે જ.

સ્નાયુઓ મરી જાય છે, નિરુપયોગી–જીર્ણ થઇ જાય છે એનું કારણ 'ક્રિયાભાવ': ઘણા બાવાઓ હથેળીમાં શિવલિંગ રાખી હાથને અદ્ધર ઊંચકી રાખી સૂકવી નાખે છે તેમ. ફેફસાં ખવાય છે, એનું કારણ પણ કંઇક અંશે નિષ્ક્રિયતા જ: પૂરેપૂરાં ફેફસાં ભરાય અને ઠલવાય એવી શ્વાસોચ્છ્વાસની ક્રિયા નથી થતી તેને લીધે જ. એવી જ રીતે જો માણસ પશુધર્મને અનુસરી 'ચાલતો' નથી તો એના સ્નાયુઓ—જે પરસ્પર સંકળાએલા, સમન્વિતરૂપે શરીરને 'ટટાર' રાખે છે, તેઓની શક્તિનો હ્રાસ જ થાય છે. કારણ શરીરની અસ્વાભાવિક ગતિ–સ્થિતિથી શરીરનો ભાર આ સ્નાયુઓ પર સરખો ન વહેંચાતાં, આડોઅવળો ઓછોવત્તો પડે છે. કોઇને ખૂબ કામ મળે, કોઇને ઓછું. મેળ રહેતો નથી. આવો ક્રિયાભેદ બધાં યે અનિષ્ટ તત્ત્વોનું મૂળ છે. એને પરિણામે અશક્તિ, રુગ્ણતા, અવસાન અનુક્રમે આવે છે.

કલ્પના કરો. સિંહ, વાઘ, હાથી, ઘોડો, કૂતરો, હરણ—બે કે ત્રણ પગે ચાલવા માંડે. ચારે પગનો મેળ ન ખાય એમ ભિન્ન ગતિવાળાં હોય. અકલ્પ્ય છે, નહિ? છતાં 'બુદ્ધિમાન' ગણાતો મનુષ્ય શું કરે છે? દરેક રીતે એની શારીરિક ક્રિયાઓ મૂર્ખતાભરેલી, વિસંવાદી છે. એનો આહાર, એની ઊંઘ, એનો મળત્યાગ—બધું અસ્વાભાવિક, કૃત્રિમ છે. એ ઊભો રહે ત્યારે સહેજ ધક્કો લાગતાં તોલ ગુમાવી જમીન પર પડે, એવી વિષમ સ્થિતિમાં.[1] એની ચાલ જુઓ. કોઈ વાંકા વળી ઝૂકતા ચાલનારા, તો બીજા વળી ઠેકડા મારતા દેડકા પેઠે ચાલે. કોઈની ગતિ તીડગોલ્લાં જેવી, તો અન્ય વળી હલેસાં મારતા, લથડતા પગે, જમીન ઘસતા ચાલે. પૃથ્વીના ગર્ભમાં રહેલાં સત્ત્વને શોધતા હોય એમ, ચાલતાંચાલતાં કેટલાકની આંખો જમીન પર જ જડાએલી, ગરદન ઊંટ પેઠે આગળ નમાવેલી, દાઢી છાતી સાથે ભીડેલી; બીજા વળી શિર પાછળ ઝુકાવી, અદ્ધર આંખે ધોળે દિવસે પણ આકાશના તારા ગણતા ચાલે! ગરીબ ગધેડું પણ આખો વખત પગ વચ્ચે માથું રાખીને ચાલતું નથી. છતાં બુદ્ધિમત્તાનો ગર્વ કરનાર મનુષ્યપશુ આખું જીવન, આવી અનૈસર્ગિક બીભત્સ ચાલે ચાલીને પૂરું કરે છે.

પરિણામ? પૃથ્વીના તળ ઉપર સૌથી નિર્બળ, અલ્પાયુ પ્રજા. રોગનાં ઘર, કહોવાતાં, ગંધાતાં, બેડોળ[2] શરીર.

---

૧ આખું જ્યુજિત્સુ (જ્યુડો)નું વિજ્ઞાન, મનુષ્યના આવા સમતોલપણાના ભાવાભાવના વિચાર પરજ રચાયલું છે. એમાં હરીફના બળની સામે બળનો જ ઉપયોગ ન કરતાં, એના બળને નિષ્ફળ કરનારી એની સમ વિષમ સ્થિતિનો જ લાભ લેવાય છે. એથી ઉલટું, કુસ્તીમાં બળનો ઉપયોગ પ્રધાનપણે થાય છે. જ્યુજિત્સુમાં હરીફને આપણા ઉપર ભાર નાખવા દઇને, તેને આપણી તરફ ખેંચવાનો હોય છે. કુસ્તીમાં હરીફના બળ સામે આપણું બળ અજમાવી એને પાછો હઠાવવાનો પ્રયત્ન મુખ્યત્વે કરાય છે. આ બંનેના ભેદ અને સાદૃશ્યની ચર્ચા આગળ કોઇક વખત કરવાનો વિચાર છે.

૨ શરીરની આવી બેડોળ દશા (=અધુરા વિકાસને લીધે સ્નાયુઓમાં આવેલો વિસંવાદ) દૂર કરવા જ કૃત્રિમ સાધનો દ્વારા વ્યાયામ કરવાની જરૂર છે. અર્થાત્ બધી જાતની વ્યાયામ-પદ્ધતિઓનું રહસ્ય, સ્નાયુઓની મૃત દશા તથા વિષમ સ્થિતિ દૂર કરવા પૂરતું છે. વ્યાયામની કિંમત આ સુધારણા પૂરતી જ છે. આ વાત આવતા અંકમાં હું ચર્ચવાનો છું.

ઉપાય ? 'ટટાર' ઊભા રહો. અન્ય પશુઓ ચાલે છે તેમ, શરીરના આગળપાછળ, બંને બાજુના પ્રત્યેક સ્નાયુને સ્થાનભેદે યોગ્ય શ્રમ મળે તે રીતે 'ચાલો'.

ટટાર એટલે અક્કડ સોટા પેઠે નહિ, પણ શરીરનું સમતોલપણું સાચવીને; સ્થિતિસ્થાપકતાના ભોગે નહિ, પણ બધાં ગાત્રોની સંકળાએલી સ્થિતિનો સંવાદ કેળવીને. બધો ભાર વહેંચીને: એકને ભોગે બીજા સ્નાયુને આરામ ન મળે તેવી રીતે.


આમ કરવાની સહેલી રીત: આંખો સીધી રાખો. દાઢી અંદર ખેંચો. માથું ગરદન ખેંચ્યા વિના સ્થિર રાખો. ખભા નીચા ખેંચો. છાતી અદ્ધર ઉપાડો: પરંતુ કબૂતરની ગરદન પેઠે ફૂલાવેલી નહિ, પણ પાંસળીઓને સ્નાયુના બળે ઊંચી ઊંચકેલી. કરોડ સીધી રાખો.[3] પેટ અંદર હળવેથી ખેંચેલું રાખો. પગ સ્થિર, ઢીંચણથી સીધા અક્કડ. આખા શરીરનો ભાર પગનાં ચાપ્પાં (તળિયાં) ઉપર. પાની જમીનથી કાગળપૂર અદ્ધર ઉપાડેલી. આંગળાં જમીન પર પહોળાં, સપાટ, સરખાં પાથરેલાં.

ચાલવું પણ નૈસર્ગિક રીતે જ. એક પગ ઉઠાવી આગળ મૂકતાં, શરીરનો ભાર આગળપાછળ સરખો વહેંચાય. તોલમાં વાંધો ન આવે. ચાલવાનું પગ વડે છે: શરીરથી નથી. એટલે પગ અને પંજાને જ તેમનું કામ કરવા દો. બીજાનો બોજો નાહક એમના ઉપર ન નાખશો. શરીરનો ભાર એ ભલે વહન કરે, પણ એમની ગતિક્રિયામાં ભંગ ન પડે એવી રીતે. એ ત્યારે જ બને કે જ્યારે આખું શરીર ગતિના ઝોકમાં સમ સ્થિતિમાં ફરતું હોય. એક પગ આગળ: બીજો પગ પાછળ. કેડ જાણે ધરી. કેડ ઉપર આવેલું ધડ, આ ધરીની ઉપર આગળપાછળ આગળપાછળ, અરધા ગોળાકારે ફરતું હોય (ડાબાજમણી, આડા લોલક પેઠે ફૂલા ગોળતાં, પાવૈયા પેઠે નહિ) રવૈયો ફરે તેવી રીતે.[4]

આવું શીખવાનું સહેલું તો નથી જ. જલદી શીખવું હોય તો માથા પર ભારે બોજો ઉપાડીને ચાલવાનો અભ્યાસ કરવો: કૂદાકૂદ કરતા, ડામચિયા પેઠે આમતેમ લચકાતા નહિ, પણ કોઈ પ્રચંડ શરીરવાળી ગામડિયણ કે માછણ વા રબારણ ચાલતી હોય તેમ; જેમ સિંહના પગ પૃથ્વીને દબાવતા ચાલે છે, હરણ અને છીંકારાંના પગ ભૂમિ પર સરે છે, તેવી રીતે.

પરિણામ ? અલૌકિક યૌવન, શાશ્વત યૌવન. પૂર્ણ પુરુષત્વ અને સ્ત્રીત્વવાળાં મનુષ્યોનો વૃદ્ધાવસ્થા પર વિજય. કેવળ શ્વાસોચ્છ્વાસ લેનાર નહિ, પણ જેની નસોમાં વીજળીવેગી લોહી વહે છે એવા મનુષ્ય 'પશુ'નું

૩ કરોડ સીધી રાખવાથી બરડાની બાજુના અને પેટના સ્નાયુઓનો ખૂબ સરસ વિકાસ થાય છે. પુરુષત્વ પણ એથી વધે છે; અને ઊંચાઇમાં ફેર પડે એ તો નફામાં. આવી સીધી કરોડ કરવાની રીત:— ભીંત પાસે ઊભા રહો: માથાનો પાછલો ભાગ, બંને ખભાનાં ચાપ્પાં, ફૂલા અને પાનીઓ ભીંતને અડાડીને. પછી કેવળ સ્નાયુના બળથી કેડનો પાછલો ભાગ ભીંતને અડાડવાનો પ્રયત્ન કરો. શરીરના સ્નાયુઓ પરના કાબુની આ ખરી કસોટી છે. ઊભા રહેતાં શીખવાની આ રીત શરૂમાં અઘરી છે, પણ મહાવરાથી આખું શરીર આપોઆપ ટટાર રહેશે અને ચાલતી વખતે પણ આ જ સ્થિતિને લીધે અદ્દભુત સ્નાયુવિકાસ થવાનો. જુઓ સામેના પાના પરનું ચિત્ર.




૪ જુઓ પડખેનું ચિત્ર ડાબી બાજુની આકૃતિમાં ચાલવાની ખોટી રીત બતાવી છે ડાબો પગ આગળ મૂકતી વખતે- 'આખું' શરીર ડાબી તરફ ઝૂકે છે; જમણો પગ આગળ લેતી વખતે જમણી તરફ એથી શરીરનો ભાર શરીરના મધ્યબિન્દુની રેખાની બહાર પડવાથી સમતોલપણું રહેતું નથી પરિણામે, A અને B માં બતાવ્યા પ્રમાણે કમરનાં હાડકાંનું ચોકઠું મધ્યરેખા પરથી ખસી જાય છે. જમણી બાજુની આકૃતિમાં ચાલવાની નૈસર્ગિક રીત દર્શાવી છે. ડાબો પગ ઉપાડી આગળ મૂકતાં આખું શરીર ડાબા હાથે 'ઝૂકતું' નથી, પણ કમરની ધરી પર, રવૈયાની પેઠે, શરીરનું 'ડાબું પડખું' માત્ર ડાબા પગ ભણી 'આગળ' ફરે છે: અને જમણો પગ આગળ મૂકતાં, 'જમણું પડખું' એ જ ધરી ઉપર, 'આગળ' ફરે છે. આથી, ધડ કમર ઉપર ફરતું રહેતું છતાં C અને D માં દર્શાવ્યા મુજબ કમરનાં હાડકાંનું ચોકઠું મધ્યરેખા ઉપર બરોબર સ્થિર રહે છે. પહેલીમાં 'આખા' શરીરનો ડાબાજમણી 'ઝોક': બીજી પદ્ધતિમાં શરીરનાં 'પડખાં'ની જ 'આગળ પાછળ' ફરવાની ક્રિયા

નૈસર્ગિક જીવન. ડોઘલા જેવાં પેટ નહિ, સપાટ છાતી નહિ, બેઠેલાં હાચાં નહિ; એને સ્થળે પૂર્ણ વિકસેલા, સરળ બલવાન સ્નાયુવાળું સ્વસ્થ ને સશક્ત સુંદર શરીર.

માનવામાં ન આવે એવી વાત છે. ભારે ભારે વ્યાયામ કરવાથી ખીલેલાં સુંદર સુઘટિત અવયવવાળાં શરીર જોડે શોભે એવાં શરીર કેવળ ચાલવાથી તે ઘડાતાં હશે? શા માટે નહિ? સુંદર શરીરનો અર્થ શો? હાડકાંના માળા ફરતું, પરસ્પરના સંબંધે કેળવાએલા સ્નાયુઓનું સુગ્રથિત આવરણ, કે બીજો કાંઇ? આવું આવરણ કરનાર સ્નાયુનો ઉપયોગ શો? કેવળ શરીરને ટટ્ટાર રાખવાનો, શરીરની બધી ક્રિયા સરળતાથી કરવાનો અને તે તે ક્રિયા પ્રસંગે થતી શરીરની સમવિષમ સ્થિતિમાં શરીરનું સમતોલપણું સાચવવાનો. ઊભા રહેવાની અને ચાલવાની ક્રિયાઓ નૈસર્ગિક રીતે થતી હોય તો એ જ સ્નાયુઓ બીજી બધી શારીરિક સ્થિતિઓમાં પણ અનિર્બંધ કાર્ય કરવાના. આમ, કોઇ પણ પ્રસંગે કોઈ પણ સ્થિતિમાં સ્નાયુ ઉપર અણઘટતું દબાણ નહિ આવે. એને લીધે શરીરની અંદરનાં જઠર, આંતરડાં, ફેફસાં આદિ અંગોની પાચન, મલોત્સર્ગ, શ્વાસોચ્છ્વાસ વગેરે ક્રિયાઓ અકુંઠિતરીતે થવાની.

સ્નાયુવિકાસ પણ સાથેસાથે થવાનો. શરીરને ટટાર રાખવાથી આગળપાછળ અને પડખાંના સ્નાયુઓમાંના દરેકને શરીરની સ્થિરતા અર્થે આકુંચન તો કરવું જ પડશે. તેવી જ રીતે ચાલતી વખતે શરીરના બધા સ્નાયુઓ—પાનીથી ગરદન સુધીના બધા યે—ને ક્રમે ક્રમે વારાફરતી આકુંચન કરવું પડશે. આમ ધીમેધીમે સરખા શ્રમ વડે એકધારો વિકાસ થવાથી સમગ્ર સ્નાયુઓ બળવાન અને સુંદર બને છે. જે ફલપ્રાપ્તિ અર્થે (=આખું શરીર કેળવવા) વ્યાયામનાં સાધનોનો ઉપયોગ કરનારને જુદીજુદી અનેક પ્રકારની કસરતો કરવી પડે છે, તે જ ફલપ્રાપ્તિ આ માત્ર 'ચાલવાની' ક્રિયાથી સરળતાથી થઇ શકે છે. કસરતની માથાકૂટ નહિ; અખાડામાં જવાની ઉપાધિ નહિ. કારણ, અન્ય પશુઓ કસરત નથી કરતાં, છતાં યાવજ્જીવન સુંદર સૌષ્ઠવપૂર્ણ સુદૃઢ દેહ સાચવી શકે છે, તો પછી એકલા મનુષ્યે શો ગુનો કર્યો કે જે બીજાં પશુઓ નથી કરતાં તે (વ્યાયામ) તેને કરવો પડે?

'ચાલવા'ની શરૂઆત કરવા માટે આજના જેવો




ઊભા રહેવાની ખોટી રીત અને ખરી રીત

A=ખોટી રીતે ઊભા રહેવામાં કરોડ વાંકી થવાથી પેટ આગળ નીકળે છે અને છાતી બેસી જાય છે. પણ B પ્રમાણે કરોડ ટટાર કરી એટલે પેટ આપોઆપ અંદર ખેંચાય છે અને પાંસળીઓ ઉપડવાથી છાતી ફૂલે છે. વળી, A કરતાં B વાળો આદમી બેત્રણ ઇંચ નીચો હોવા છતાં, કુદરતી રીતે ઊભો રહેવાને લીધે Aના જેવડો જ ઊંચો લાગે છે. Bની સાચી રીતમાં કપાળ, છાતી અને પગના અંગુઠાનો અગ્ર ત્રણે એક જ રેખામાં હોવાથી સમતોલપણું સચવાયું છે. Aમાં એવું કશું જ દેખાતું નથી.

સમય પણ ક્યાં મળશે? વરસની સુંદરતમ ઋતુ વર્ષા હમણાં જ ગઇ છે. ચોપાસ બહોળે હાથે સુંદરતા વેરાઇ છે. સ્વાસ્થ્યની વિધાયક ઠંડી સ્વચ્છ હવા; આંખને ઠારતો લીલોછમ પ્રદેશ; પક્ષીઓનું ઉન્મુક્ત ગાનકૂજન; બીજું શું જોઇએ? ઊઠો, ઊભા થાઓ! થોડું ચાલો. બેચાર ગાઉ. રોજ, અઠવાડિયે. કુદરતે ઊભા રહેવા સર્જ્યા છે, તેમ ઊભા રહેતાં શીખો. ચાલતાં શીખવ્યું છે તેમ ચાલોઃ સિંહ, વાઘ, હરણ ચાલે છે તેમ. એ રસ્તે જ વ્યાધિ, મૃત્યુ, નિર્બળતા, નપુંસકતા, વૃદ્ધાવસ્થા પર વિજય મેળવો. દીર્ઘાયુનો આ જ અમોઘ ઉપાય છે. **હરિનારાયણ આચાર્ય**

ધ્વનિ કાવ્ય વિભાગ



વિમૂઢ ગાયકને

· અંજની ·

ગાનારા! ગાઈ લે ગાણું,
કાલે કે'વું વાશે વ્હાણું?
તે તો તું માનવ શું જાણું?
પામર પરમાણુ!

સૃષ્ટિની સરિતાને તીરે,
જીવનની કમનીય કુટિરે,
સુરતાનું સંગીત ગા ધીરે,
નેન ભીડે નીરે.

ઘણા ઘણા તેં સૂર મિલાવ્યા,
આવી ના કંઠે ગીતધારા,
એવું શું અંતરમાં તારા
છે હો ગાનારા?

પ્રલય પછીની પળ શું ઘેરૂં,
હૈયે હૈયે મૌન હળેલું;
ભરી દેવા ભવભવનું દેણુ
ધર અધરે વેણુ.

ગાનારા! ગાઇ લે ગાણું,
સરકે છે જો સોનાટાણું;
આવેલો કિરણુ બની નાનું
થૈને જા ભાનુ.

રમણિક અરાલવાળા

સરસ્વતી

· પૃથ્વી ·

"વહે કિલકિલાટથી સુખદ સ્વપ્નના ઘેનમાં
નદી અગણિતા, સજી નવલ અંબરો રાનનાં–
સમુદ્ર પ્રતિ–પુષ્પ કૂંપળ ફળે સુશોભા ભર્યાં:
છતાં ક્યમ તું કૃષ્ણુ સર્પ શી કૃષા બની, અંગ પે
ધરી ધવલ વાળુકાપટ તણો ફિકો સાડલો
રણે સરસતી, * વહે? ગરજતો ગમે ના 'દધિ?"

"સમુદ્ર પ્રતિ છો વહે પ્રણયઘેલડી સૌ નદી;
ગમે ગરજતો સમુદ્ર નવ કોણુને? હું ચહું
રણે વહવું, ઠારતાં તરસ જુગની કારમી:
થવુ વિલિન લાહ્યમાં, મરુધરા રસે રેલતાં,
ખપે રસકસો બધા તનતણા મરૂભોમ છો;
અને કૃષય ના રહે તન ભલે અલંકાર કે."

કહે સરસતી: * "મને ઉદધિ-અંકની ના તમા,
તસૂ ય રણુ જો કરી શકું રસાળ આ જીવને."

જેઠાલાલ ત્રિવેદી

* સરસ્વતી, ઉત્તર ગુજરાતની કુમારિકા નદી.

પોઢીશ

· ઈન્દ્રવજ્રા ·

ક્યાં ઊર્મિ ક્યાં સિન્ધુતરંગ ડોલે!
ક્યાં ગીત ક્યાં કોકિલકંઠ બોલે!
ક્યાં વ્યોમ ક્યાં અંતર વિસ્તરેલ!
ક્યાં નેણુ ક્યાં તારલિયા ઝગેલ!

મંડાણ કૈં સાહસઆશચેર્યાં
ઊંચે જતો વામન માનવી ક્યાં?
ક્યાં મૃત્યુ ક્યાં જીવન ક્ષુદ્ર સીમા?
આનન્ત્યમાં માનવવેગ ધીમા!

કલ્યાણના કુંકુમપાદ પાડી,
સૂતેલ આ જીવનને જગાડી,
આનન્ત્યમાં યે પગલાં ભરીને,

ઘેલા બની જીવન વેડફીને,
આ જીવને હું મજને ગુમાવી
પોઢીશ પ્રેમે જગને જગાડી.

વેણીભાઈ જ. પુરોહિત

કારુણ્યમૂર્તિ

ઉન્મત્ત આ માનવમેદિની મહીં
શ્રમિત ધીમાં ડગલાં ભરીને,
ધીરે ધીરે ક્રૂસ ખભે લઇને
ઇશુ પધારે જગદુઃખ શામવા

અનંતની વેળુ મહીં ય શોધવા
પુનિત તારી પગદંડી પ્રોછવા
આવ્યું ન કો' એકલ સાથ દેવા—
કારુણ્યમૂર્તિ પ્રણમું નમું નમું.

હરિશ્ચંદ્ર ભટ્ટ

પોલૅંડનો રાષ્ટ્રવીર કોશિયુસ્કો

(અનુસંધાન પાછળ પાન ૫૨૦થી)



હતો ને પારીસમાંથી ઉદ્દામ વિચારો છૂટથી આવતા હતા તે કાળે, ઇ. ૧૭૪૬ના ફેબ્રુઆરીની ૧૨ગીએ લિથુઆનિયામાં કોશિયુસ્કોનો જન્મ થએલો.

અને એ જન્મેલો પણ જેમને પારતંત્ર્ય, ગરીબી કે હીણપત સાથે કશું લાગતું વળગતું ન હતું એવા એક સાધારણ સ્થિતિના જમીનદારને ત્યાં. પરંતુ તેનું બાળપણ તેના બાપની જાગીરનાં ખેડુત કુટુંબો વચ્ચે વીત્યું હતું ને ત્યારથી જ પોલૅંડને શાની જરૂર છે તે એ શીખી બેઠેલો. પ્રાથમિક કેળવણી તેણે તેના માતા ટેકલા પાસેથી લીધી અને પછી બ્રેશ (Brezese)ની જેસ્યુઇટ કૉલેજમાં દાખલ થયો. ત્યાં તેના કૌશલ્યે પ્રિન્સ ઍડમ ઝારટોસ્કીનું ધ્યાન ખેંચ્યું ને તેણે તેને વૉરસોના કડેટ કોર્પ્સમાં દાખલ કર્યો એ લશ્કરી શાળામાં દાખલ થતાં દરેક કડેટને પૂછવામા આવતું: 'તારાં હથિયારો તું પોલૅંડ ખાતર જ વાપરીશ?' અને કડેટો જવાબ આપતા 'એ સિવાય મને એમનો બીજો કશો જ ઉપયોગ દેખાતો નથી.' ઇ. ૧૭૬૯માં રાજ્યને ખર્ચે લશ્કરી તાલીમ મેળવવા તે વિદેશ ઊપડ્યો. મેઝિએરિસમાં ઇજનેરી ને તોપખાનાનું શિક્ષણ લઇ તે પારીસની લશ્કરી વિદ્યાપીઠમાં જોડાયો.

પારીસમાં તે ચાલુ અભ્યાસ ઉપરાંત સ્થાપત્ય, ચિત્રકળા, કાયદા વગેરે શીખતો હતો એ દરમિયાન જ છેલ્લા પ્રિન્સ સ્ટેનિસ્લાસ ઑગસ્ટસની નબળાઇ જોઇ ઉપર કહેલાં પડોશી રાજ્યોની ત્રિપુટીએ ઇ ૧૭૭૧માં સંધિ કરી અને પોલૅંડની ડાએટના ખૂબ વિરોધ છતાં ૧૭૭૨માં સરહદ પરના પ્રદેશો કબજે લઇ લીધા.

એ જ વખતે કોશિયુસ્કો પોલૅંડ આવ્યો. એ પોલૅંડની સ્થિતિ તો તેણે ગઇ કાલે છોડેલા પોલૅંડથી યે બદતર હતી. કોઇ કબૂતરી પોતાના બચ્ચાને ગીધથી ચૂંથાતું જોઇ જે ભાવ અનુભવે એવા ભાવ કોશિયુસ્કો અનુભવવા લાગ્યો. અને એ ભાવ પણ દિલના ઊંડાણમાં દફનાવી દેવાના જ તેની વરાળ ઝબાન પર લાવવાની પણ મનાઇ હતી.

લશ્કરમાં તેને દાખલ કરવામાં ન આવ્યો, કારણ તે માટે પરવાનો મેળવવા જેટલા પૈસા તેની પાસે ન હતા. માબાપ મરી પરવારેલાં ને મોટાભાઇએ દેવું કરેલું. તેથી જગીનોનું યે લીલામ થઇ ગએલું. આથી તે પોતાની બેનો અગર બીજા સંબંધીઓને ત્યાં પડી રહી દિવસ ગુજારવા લાગ્યો.

એવામાં કોઇક લુડવિકા સાથે તે પ્રેમમાં પડ્યો. બંને વચ્ચે અનેક લાગણીઓનો વિનિમય થયો. પણ લુડવિકાના બાપને એ નાપસંદ પડ્યું. તેણે બીજા એક અમીર સાથે એના લગ્નનું ચોકઠું ગોઠવી નાખ્યું ને આમ, ઘર, કિસ્મત, આશા, લક્ષ્મી, પ્રણય બધાંથી હતાશ બનેલા કોશિયુસ્કોએ ઇ. ૧૭૭૫માં ફરી પોલૅંડ છોડ્યું. હોડીમાં બેસી વિશ્ચૂલા પસાર કરતો તે, હવે પ્રૂશિયન બનેલા એ પરાધીન દેશની ભૂમિ ઠંડા ગુસ્સાથી જોઇ રહ્યો ને બાલ્ટિક ઓળંગી પારીસ પહોંચ્યો.

અમેરિકા એ વખતે ગ્રેટબ્રિટનની નીતિથી ત્રાસી ઊઠેલું ને તેની કબજાગીરીમાંથી છૂટકારો મેળવવા અમેરિકન એલચી એ વેળા સહાય યાચવા પારીસ આવેલો. નવી દુનિયાના સ્વાધીનતાના પ્રયત્ન તરફ પારીસમાં ભારે ઉત્સાહ હતો. ઇ.૧૭૭૬માં એ અમેરિકા ગયો. અમેરિકાની પ્રજા નવજન્મની વેદના અનુભવતી હતી. લોકસાશનને અપનાવી લેવાના અને શહેરી જીવનના છૂટાપણાના ઠરાવો તથા જાહેરનામાં દેવળો અને સભાઓમાં વંચાતાં હતાં. સ્વાધીનતાની એ લડતમાં



ક્રેકોવમાં કોશિયુસ્કોનું પૂતળું

જોડાવા કોશિયુસ્કોએ વિગ્રહ સમિતિને અરજી કરી અને એને ઇજનેરી ખાતામાં દાખલ કરવામાં આવ્યો. ત્યાં બ્રિટિશ નૌકાસૈન્ય સામે એક ફ્રેન્ચ ઇજનેર સાથે ડેલાવેરની તેણે કરેલી કિલ્લેબંધીએ તેને એટલી પ્રશંસા અપાવી કે ત્યાંની કૉંગ્રેસે રાજ્યના લશ્કરમાં એને સ્ટેટ ઈજનેર અને કર્નલ બનાવ્યો.

સ્વાતંત્ર્યનું એ યુદ્ધ જુદા દેશનું—જુદી પ્રજાનું હતું, છતાં કોશિયુસ્કોએ પૂર્ણ વફાદારીથી તેની તરફદારી કરેલી. કશાં સાધનોની તેણે અપેક્ષા ન રાખેલી, અને ઘણીવાર તો બીજાઓની પથારીમાં જ તે સૂઇ રહેતો. તેનો આ વર્તાવ વૉશિંગ્ટનથી પણ અજાણ્યો ન હતો. એક વખત તેણે કહેલું, 'Cosciusco is a gentleman of science and merit.'

કોશિયુસ્કોએ અમેરિકાની અનેક લડાઇઓમાં પણ ભાગ લીધેલો. સારાટોગાનો વિજય અમેરિકાને તેની જ કિલ્લેબંધીથી મળેલો. ચોરીછુપીની ગેરીલા યુદ્ધપદ્ધતિ વખતે તે ઇજનેરી ઊંચી મૂકીને સાધારણ સૈનિક તરીકે યુદ્ધમાં પણ જોડાઇ જતો.

ને સ્વાતંત્ર્ય યુદ્ધ પૂરૂં થયું ત્યારે તેની આ બધી નિખાલસતા, બિરાદરી ને શૌર્યની કદર બૂજવામાં આવી. સિનસિનાટી (Cincinnati) પરગણાની દેશપ્રેમી સભાનો વૉશિંગ્ટન પ્રમુખ હતો. એ સભાએ તેને સન્માનિત સભ્ય બનાવ્યો ને સોનેરી ગરુડવાળી રિબનના લશ્કરી માનથી તેને નવાજ્યો. અમેરિકામાં ઘણા એકર જમીન તેને આપવામાં આવી. વર્ષાસન બાંધી અપાયું ને અમેરિકાના નાગરિકના હક્ક પણ તેને બક્ષવામાં આવ્યા.

પણ સરળ અને સુખી જીવન કોશિયુસ્કોનું જલતું દિલ હારી શક્યું નહિ. નૂતન રાષ્ટ્રની સ્વાધીનતાની લડત પોતાની નજર તળે લડાતી તેણે જોઇ હતી. ફાટેલે કપડે ને ભૂખ્યે પેટે, તાલીમ વિનાના વગર પગારે લડતા પ્રજાજનોની સાથે રહીને એ લડ્યો હતો ને બળવાન રાષ્ટ્રના સુસજ્જિત તાલીમબદ્ધ લશ્કરની સામે તેમને વિજય મેળવતાં તેણે જોયાં હતાં. આ બધાં તેના અંતરમાં સ્વદેશની પરાધીનતાનું દુઃખ વધુ ને વધુ ભોંકી રહ્યાં હતાં. છેવટે તે પોતાની એ નવાજેશોથી વીતરાગ બની ઇ.૧૭૮૪માં સ્વદેશ પાછો ફર્યો.

એ વેળા પોલૅંડનો ત્રીજો ભાગ વિદેશીઓએ લઇ લીધો હતો ને તેની આંતરિક બાબતોમાં યે પરદેશી સત્તાઓ ચાલબાજી રમતી હતી. પણ તેના એકતાના પ્રયાસો ચાલુ જ રહ્યા. આંતરકલહને ભૂલી પોલૅંડ રાષ્ટ્રીય એકતા પ્રાપ્ત કરે એ કોઇ પણ સત્તાભૂખ્યા રાજ્યને પોસાય એમ ન હતું. રશિયામાં તો એ વખતે મહત્ત્વાકાંક્ષી સામ્રાજ્ઞી કૅથેરાઇન બીજીનું શાસન હતું. તેણે પોલૅંડના કેટલાક સ્વાર્થી અમીરોને ફોડ્યા ને ઇ.૧૭૯૨માં તેની સામે યુદ્ધ જાહેર કર્યું.

અમેરિકાથી આવ્યા બાદ કોશિયુસ્કોને મેજર જનરલની પદવી આપવામાં આવી. પ્રિન્સ પોનીઆટોવસ્કીની સરદારી હેઠળ પોલૅંડની સરહદ ઓળંગતા રશિયન લશ્કર સામે તેને મોકલવામાં આવ્યો. એના હાથ નીચેના સેનાનીઓને લડાઇનો અનુભવ ન હતો, છતાં કોશિયુસ્કોએ હિંમત ધરી રાખી. કિલ્લેબંધી સિવાય લશ્કરને પીછેહઠ કરાવવામાં એ કુશળ હતો. રશિયા સાથેની લડાઇમાં હારજીત ઘણી થઇ, પરંતુ પોતાના કરતાં ચારગણા મોટા સૈન્ય સામે પોલૅંડનું લશ્કર ટકી શક્યું નહિ. ડુબીએન્કાના યુદ્ધમાં પોલૅંડ હાર્યું, છતાં વિજેતા જનરલ કાયોવસ્કી કરતાં યે કોશિયુસ્કોની વ્યૂહરચના અને સૈન્ય દોરવાની ખૂબીથી યુરોપભરમાં એની નામના ફેલાઇ ને પારીસની લેજિસ્લેટિવ ઍસૅમ્બ્લીએ એને ફ્રાન્સના નાગરિકનો ખિતાબ આપ્યો.

આ હાર બાદ કોશિયુસ્કો તથા અન્ય દેશપ્રેમીઓએ રાજકારણમાંથી નિવૃત્તિ લીધી. રશિયાનું સૈન્ય આખા દેશમાં ફરી વળ્યું. પોલૅંડના સૈન્યના ભાગલા પાડી તેને દેશના અંદરના ભાગમાં મોકલી દેવામાં આવ્યું ને લશ્કરી અમલ શરૂ થયો. સારી પ્રજા ત્રાસી ઊઠી. રાષ્ટ્રની સ્વાધીનતાના રક્ષણ માટે દરેક શહેરમાં મંડળો



સ્થાપવામાં આવ્યાં. મધ્યરાત્રે મળતી સભાઓમાં રાષ્ટ્રચેતના માટે પ્રયત્ન થવા લાગ્યા; અને રાષ્ટ્રનું કલંક ધોઇ નાખવા માટે દેશે એ જ કોશિયુસ્કોની ફરી વરણી કરી. કોશિયુસ્કો એ વખતે લાઇપઝિગમાં હતો. પોલૅંડના પ્રતિનિધિઓ ત્યાં જઇ તેને મળ્યા. પોટોકી અને બીજા દેશાભિમાની અગ્રણી પુરુષો પણ ત્યાં જ હતા. એમની સાથે મંત્રણા ચાલી ને રાષ્ટ્રના ઉત્થાનની યોજના તૈયાર કરવામાં આવી.

૧૭૯૪ની ૨૩મી માર્ચે કોશિયુસ્કો પ્રાચીન રાજધાની ક્રેકોવમાં દાખલ થયો. ૨૪મી માર્ચનો દિવસ સામાન્ય ઉત્થાન માટે નક્કી કરવામાં આવ્યો. આખી રાત જાગીને ઉત્થાનનું જાહેરનામું (Act of Rising) તેણે તૈયાર કર્યું. અમેરિકન પ્રજાનો સ્વાતંત્ર્યનો ઢંઢેરો (Declaration of Independence) સગે કાને સાંભળનાર કોશિયુસ્કોને તેમાં મરણીઆ પોલૅંડનો આર્તનાદ અને નિરાશામાંથી દેશને નવજીવન ધારણ કરવાનો પોકાર સંભળાયો. ઉત્સાહઘેલા ક્રેકોવના નાગરિકો સમક્ષ દેશના રિવાજ પ્રમાણે તેણે દેવળમાં શસ્ત્રપૂજા કરી ને ધર્મગુરુ પાસેથી તલવાર લેતી વખતે 'વિજય યા મૃત્યુ'ની તેણે પ્રતિજ્ઞા લીધી.

કોશિયુસ્કોના હાથમાં લશ્કરની બધી સત્તા હતી, એટલું જ નહિ પણ રાજ્યની મુલ્કી અને કારોબારી તમામ સત્તાઓ પણ એના હાથમાં હતી. આક્રમણ કરતાં સૈન્યોથી શહેરો અને ગામડાં ચાલુ લશ્કરી છાવણી જેવાં થઇ રહ્યાં હતાં. એકતા વિનાના પોલૅંડના આ ઉત્થાનની ભરતીમાં ઓટ ન આવે એ જોવાનું હતું. દરેક શહેરના નાગરિકોને એ પ્રોત્સાહન મોકલતો અને પ્રજાના દરેક વર્ગને—અમીરો, ખેડૂતો, યાહુદીઓ અને શ્રીમંત શહેરીઓને સાથ આપવા નોતરતો. દેવળોના ધર્મગુરુઓને પૂજામાં જરૂરનાં વાસણો સિવાય તમામ દેશને માટે આપી દેવાની વિનતિ કરતો. અને કોણે એને સાથ નથી આપ્યો? વસ્ત્રો, અનાજ, ધારીઆં અને કોદાળી, બન્યું એટલું બધું લોકો તેને મોકલી આપતા હતા. માતૃભૂમિ પ્રત્યેના પ્રેમ અને આત્મવિશ્વાસથી જ રશિયાના મોટા સૈન્ય સામે લડવાને પ્રજા તૈયાર થઇ હતી,—બહારની કોઇ પણ શક્તિના

સાથની અપેક્ષા સિવાય.

૧૭૯૪ની ચોથી એપ્રિલે રાકલાવાઇસની યુદ્ધભૂમિ પર લડાઇની નોબત વાગી. રાકલાવાઇસનો વિજય હથિયારોના મુકાબલાનો વિજય નથી, પરંતુ પ્રજાના આદર્શોનો વિજય છે. પોલૅંડના ઇતિહાસમાં પહેલી જ વખત અમીરો અને ખેડૂતો ખભેખભો મિલાવીને લડયા. ધારીઆં અને કોદાળી સાથે બે હજાર ખેડૂતો યુદ્ધભૂમિ પર હાજર હતા. એ ટુકડીનું નામ 'મોતના લણનારા' (Reapers of Death) રાખ્યું હતું. રશિયાના મોટા લશ્કર સામે કોશિયુસ્કોનું સૈન્ય કચડાઇ જવાનો પૂરો સંભવ હતો એવા સમયે આ ખેડૂતોએ જ યુદ્ધનો રંગ ફેરવી નાખ્યો. 'ખેડૂતો! પ્રભુ અને દેશને માટે સામેની તોપોનો કબજો મેળવો!' એ હરફો વાતાવરણમાં ફેલાતાં જ કોશિયુસ્કોની સરદારી નીચે એમણે ૧૧ તોપોનો કબજો મેળવ્યો. એ રાત્રે, યુદ્ધભૂમિ પર તોપનો સૌથી પહેલો કબજો મેળવનાર ખેડૂત બારટોસની સાથે વૉરસૉના મોચી કાલીન્સ્કીનું નામ પણ સ્મરણીય છે. ગુડ ફ્રાઇડે પછીના શનિવારે વૉરસૉને ઘેરો ઘાલી નિઃશસ્ત્ર કરવાની યોજના એક રશિયન સૈનિકે દારૂના ઘેનમાં કહી દીધી એ જ વખતે કીલીન્સ્કીએ વૉરસૉના નાગરિકોને રશિયન સૈન્યસામે દોર્યા. ગુરુવારે અને ગુડ ફ્રાઇડેના શુક્રવારે દિવસ રાત યુદ્ધ ચાલ્યું. ઇસ્ટરના સુપ્રભાતે દેવળોના ઘંટનાદ સાથે પરદેશી ધૂંસરીમાંથી પોલૅંડે પોતાની મુક્તિની ઘોષણા કરી. પ્રજાનો આમ વિજય થયો જોઇ પ્રિન્સ સ્ટેન્સિલાસ ઑગસ્ટસે પણ બળવાના જાહેરનામા પર સહી કરી.

પણ પોલૅંડનું આ ઉત્થાન દબાવી દેવા રશિયા અને પ્રુશિયાનાં સંયુક્ત સૈન્યે હવે વૉરસૉને ઘેરો ઘાલ્યો. પોણા બે મહિના સુધી ચાલુ રહેલા એ ઘેરામાં કોશિયુસ્કોએ ઘણી વખત ઊંઘને યે તિલાંજલિ આપેલી. આકરૂં જીવન જીવતો બધા તેને જોઇ રહેતા. તેની હાજરી જ અનેકોમાં ઉત્સાહ પ્રેરતી. સૈનિકો તેને 'ફાધર ટાડેઅસ' કહીને બોલાવતા. પ્રજાએ તેને રહેવા મહેલ આપેલો, પણ તે તો હમેશાં છાવણીમાં જ રહેતો,—સામાન્ય સૈનિકના સરખી જ અદાથી.

કોશિયુસ્કોની જાગૃત કોશેશોએ દુશ્મનોનો એ ઘેરો નિષ્ફળ બનાવ્યો, એટલે ફરીવાર એક તેથી યે મોટું લશ્કર જનરલ સુવેરોવની સરદારી હેઠળ વૉરસૉ મોકલવામાં આવ્યું. બીજા જનરલ ફુરસનનું લશ્કર તેની કુમકે આવી પહોંચે તે પહેલાં જ તેને લડાઇ આપવાનો કોશિયુસ્કોએ નિરધાર કર્યો. વનને કાંઠે કાદવવાળી જમીનમાં મેકિનોવીચ ગામડું આવેલું છે ત્યાં બંને લશ્કરો ભેટયાં. કોશિયુસ્કો જાતે ગોલંદાજો વચ્ચે ઊભો રહ્યો ને તોપોનો મારો ચલાવવા લાગ્યો. પણ રશિયાના અપરિમિત દળ સામે વિજય મેળવવો દુર્લભ હતો. દારૂગોળો પણ છેવટ ખૂટવા આવ્યો, લડતાં લડતાં કોશિયુસ્કોના ત્રણ ઘોડા તો માર્યા ગયા; પણ તેણે અને તેની સાથે જ 'વિજય યા મૃત્યુ'ની પ્રતિજ્ઞાને વરનાર સૈનિકોએ જુવારનાં ડૂંડાં કપાય તેમ વઢાઇ જવાનું કબૂલ રાખ્યું પરંતુ પાછી પાની તો હરગિઝ ન કરવાનો નિશ્ચય કર્યો.

પણ છેવટ ચોથા ઘોડા પર લડતાંલડતાં કોશિયુસ્કો ઘવાઇને પડયો અને તેવો જ તેને કેદ કરી સેંટપીટર્સબર્ગ મોકલી દેવામાં આવ્યો. પછી તો વૉરસૉ યે પડયું ને સુવેરોવની ગાંડી બનેલી રશિયન સેનાએ પ્રાહા નજીક જે હજારો સ્ત્રીપુરુષ અને બાળકોની ખૂનરેજી ચલાવી તે આજ પણ ઇતિહાસની એક ક્રૂર ઘટના તરીકે નામાંકિત બની છે. શહેરને તેમણે જલાવી દીધું ને નાસતા શહેરીઓને વિશ્ચૂલામાં ડુબાડવાનો આનંદ લૂટયો. કોશિયુસ્કોનું ઉત્થાન તદ્દન દબાઇ ગયું ને ઇ.૧૭૯૫માં પોલૅંડનું અંતિમ વિભાજન કરી દેવાયું. યુરોપના નકશામાંથી તેનું નામનિશાન મટી ગયું ને તેની સ્વતંત્રતા સંપૂર્ણતઃ નષ્ટ થઇ.

પોલ ઉત્થાનનો આમ કરુણ અંત આવ્યો, પણ આઝાદીની એની ભાવના નાબુદ ન ગઇ. એ ભાવનાએ અનેક પર મોહિની બિછાવી હતી ને એટલે જ કોશિયુસ્કોએ તૈયાર કરેલી ભૂમિકા પર ઇ. ૧૮૩૦ ૩૧ ને ૧૮૬૩નાં ઉત્થાનો ઊભાં થયાં હતાં.

મહત્ત્વાકાંક્ષી કૅથેરાઇન મૃત્યુ પામતાં રશિયાની ગાદીએ પહેલો પૉલ આવ્યો. કોશિયુસ્કોના દેશપ્રેમ પ્રત્યે તેને માનની નજર હતી ને ફ્રાન્સના રાજ્યવિપ્લવે ઘણા રાજાઓને ઉદાર વિચારના કરી મૂકયા હતા. તેણે કોશિયુસ્કોને મુક્તિ આપવાની ઉદારતા બતાવી; પણ હજુ બાર હજાર પોલો રશિયા—સાઇબીરિયાની કેદોમાં પડયા હતા તેમનું શું ?

કોશિયુસ્કો અને બીજા અગ્રણી રાજદ્વારી કેદીઓ રશિયાને વફાદાર રહેવાના સોગંદ લે તો જ ઝારે એ બધા કેદીઓને મુક્તિ આપવાનું કબૂલ્યું. હજારો કુટુંબો-નો સવાલ હતો, એટલે આવી અપમાનભરી શરત પણ સ્વીકાર્યા વિના છૂટકો ન હતો. વિદાય વખતે ઝારે કોશિયુસ્કોની અનિચ્છા છતાં તેને ઘણી ભેટ-સોગાદ આપેલી જે બધી યે એણે વર્ષો પછી ઝારને પાછી મોકલાવી આપી હતી.

મુક્ત થયા બાદ ફરીથી એ અમેરિકા ગયો. યુરોપ-ની દરેક યુદ્ધભૂમિ પર બીજાં રાજ્યોને પોલૅંડના સૈનિકો અને સરદારો સાથ આપતા હતા,—એ આશાએ કે વિજેતા રાજ્ય પોલૅંડને સ્વાધીનતા મેળવવામાં કોઇ વખતે પણ મદદ કરે. એ આશાએ એણે પણ યુરોપ પાછા ફરવાનો નિશ્ચય કર્યો. અમેરિકાની બધી મિલ્કત હબસી ગુલામોને મુક્ત કરવા અને તેમના શિક્ષણ માટે તેણે જેફરસનને સોંપી દીધી. પોલૅંડમાંની પોતાની જાગીરના ગુલામોને પણ એણે મુક્તિ આપી. ગુલામોની મુક્તિ માટે અમેરિકામાં આંતરવિગ્રહ થવાનો હતો એ જોતાં એના જમાનામાં એના વિચારો ઘણા આગળ-પડતા ગણાય.

પૉલ પછી રશિયાની ગાદીએ આવનાર ઍલેક્ઝાંડર પહેલાએ કોશિયુસ્કોને પટાવવાના ખૂબ પ્રયત્નો અ-જમાવ્યા, પણ આજીવન હુબ્બે વતન એ એક જ માત્ર જેનો સ્વાર્થ હતો એ કોશિયુસ્કોએ તેની કશી પણ લાગવગ સ્વીકારવાની સાફ ના કહી દીધી,-સિવાય કે પોલૅંડની આઝાદીનો લેખિત કરારકરી આપવામાં આવે.

અમેરિકાથી આવી નિવૃત્ત જીવન ગાળવાના ઇરાદા-થી તે સ્વિટ્ઝર્લૅંડના સોલીઅર નામે ગામડામાં વસવા લાગ્યો. હજુયે તે પૂર હોશમાં હતો. હામ પણ પૂરી હતી, ને યુરોપનાં રાજ્યો જો એક વખત સાથ આપે તો પોલૅંડ ખાતર છેલ્લી વખત લડી લેવાની ખ્વાહેશ પણ હતી. પરંતુ એ શક્ય ન બન્યું ને પોતાના દેશને એ જ પરાધીનતામાં જોતાં ૧૮૧૭ની ૧૫મી ઑક્ટોબરે એનું અવસાન થયું.

૧૮૩૧, ૧૮૪૬ ને ૧૮૬૩ના વિપ્લવોની પશ્ચાદ્-ભૂમિ તરીકે પોલૅંડની નજર સમક્ષ એ જ કોશિયુસ્કોની પ્રતિમૂર્તિ રહેલી જેણે અમેરિકા જેવા પરરાષ્ટ્રનું પારતંત્ર્ય મિટાવવા પણ તલવાર બાંધેલી. આજે પણ તેનું બાવલું અમેરિકામાં હડસનના ઉપસાગરની પશ્ચિમ ભૂશિરે ઊભું છે, જેના પર તેને 'બંને ગોળાર્ધોના જવાંમર્દ' તરીકે નવાજતું લખાણ અંકાએલું છે

ક્રેકોવમાં આવેલા વાવેલના કિલ્લામાં પોલૅંડના વીર પૂર્વજો ને શહેનશાહો સાથે આજે કોશિયુસ્કોનો દેહ વિરાજે છે. આજે તો યુરોપના નકશામાંથી પો-લૅંડને કાઢી નાખવા ઇચ્છનાર રોમાનોફ, હૅપ્સબર્ગ અને હોહેનઝોલર્ન રાજવંશજો યે લોકશાસનના મહાસાગરમાં ડૂબી ગયા છે, અને ૧૯૧૮ના નવેમ્બરની ૧૧મીથી પોલૅંડ સ્વાધીન થયું છે.

હરિશ્ચન્દ્ર ભટ્ટ

શરીરની શુદ્ધિ માટે, જીવનશક્તિની વૃદ્ધિ માટે મનના ઉલ્લાસ માટે

ઉપવાસ કરો

તંદુરસ્તીની સાચી કીમત બહુ ઓછા માણસોને હોય છે. ઘણાખરા માણસો તો તંદુરસ્તી ગુમાવ્યા પછી જ એની સાચી કીમત આંકી શકે છે.

આ જાહેરાતના જમાનામાં આરોગ્યને અનેક ચિત્ર-વિચિત્ર વસ્તુઓ સાથે સાંકળી દેવામાં આવ્યું છે. તંદુરસ્તી મેળવવા માટે કાદવસ્નાનથી માંડીને સીરમો-થીરપી સુધીના માર્ગ જનતા આગળ રજુ કરવામાં આવે છે. દરેક જણ પોતાની કરામતથી બધા જ રોગો મટાડવાની ખાત્રી આપે છે. દરેક પોતાની સફળતાનાં સર્ટિફિકેટો રજુ કરે છે.

સંભવ છે કે આ બધામાં સફળતાને જેટલી જાહેરાત અપાય છે; એટલી નિષ્ફળતાને ન અપાતી હોય, અને એટલે જ આવી અટપટી પરિસ્થિતિમાં ઉપવાસની સનાતન પદ્ધતિને ભૂલી ન જવાય એ જરૂરનું છે.

માંદો ઘોડો કે કૂતરો કશું ખાતો નથી, માંદો વનમાનવ ઉપવાસ કરે છે; પણ પોતાને સુધરેલો માનતો આજનો માંદો માનવી ખોરાક ખાય છે ને દવા પીએ છે! પ્રકૃતિમાતાના આ આદેશની અવગણનાને પરિણામે મનુષ્યેતર પ્રાણીઓને અજાણ્યા એવા સેંકડો રોગોથી માનવ જાતિ પીડાય છે.

ખોરાક તરફની અરૂચિ એક જ વસ્તુ બતાવે છે અને તે એ કે શરીરને ખોરાકની જરૂર નથી.

શરીરમાં દાખલ થતો બીનજરૂરી ખોરાક શરીરને નથી પોષતો, પણ રોગોને પોષે છે. માંદગીમાં જીવન-શક્તિનો જથ્થો મર્યાદિત હોય છે અને એવે સમયે લેવામાં આવેલો ખોરાક શરીરયંત્ર પર અસહ્ય બોજો નાખે છે. આ ભૂલને લઇને રોગોનું આયુષ્ય ખૂબ લંબાય છે અને કેટલીક વખત જીવનદોરી અધવચથી કપાઈ જાય છે.

માંદગી એ શરીરને સાફ કરવાનો કુદરતનો પ્રયાસ છે. એવે વખતે ઉપવાસ કુદરતને જોઇતી સહાય આપે છે. કોઇપણ ચાલતું યંત્ર સમારી શકાતું નથી. એને સુધારવા માટે પહેલાં તો બંધ કરવું પડે છે. એ જ મુજબ શરીરયંત્રને સુધારવું હોય તો ખોરાક બંધ કરી શરીરના પાચનયંત્રને આરામ આપવો જોઇએ.

ખોરાક બંધ થતાં જ એને પચાવવામાં રોકાએલી શક્તિ છૂટી થાય છે. આ શક્તિ શરીરમાંથી કચરો બહાર કાઢવાનું કાર્ય કરે છે. કુદરત આ નિરુપયોગી કચરો તાવ વડે બાળે છે. તાવથી શરીર શુદ્ધ થાય છે, પણ સાથેસાથે નિર્બળ બને છે. ઉપવાસ શરીરને નિર્બળ કર્યા વિના નિર્મળ બનાવે છે. એટલા માટે જ એક દિવસનો ઉપવાસ એક દિવસના તાવ કરતાં અનેક ગણો ચઢીઆતો છે. ઉપવાસથી અવારનવાર શુદ્ધ થતા શરીરને તાવની કે માંદગીની પીડા નથી નડતી.

ગંદા માથામાં જૂ પડે એ જેટલું સ્વાભાવિક છે, એટલું જ સ્વાભાવિક અંદરથી મેલું શરીર બીમાર પડે એ છે.

દરેક તીક્ષ્ણ દર્દ (acute disease)માં ઉપવાસ એ અનિવાર્ય આવશ્યક્તા, છે. ગમે તે જાતના તાવમાં ઉપવાસ તાવનો આવરદા ટૂંકો કરે છે, અને તાવને શરીરશુદ્ધિની ક્રિયામાં જોઇતી મદદ કરે છે. માંદા પડવા ન ઇચ્છતા દરેક સાજા માણસે પણ પ્રસંગોપાત પદ્ધતિસર ઉપવાસ કરવા જ જોઇએ.

ઉપવાસનું તત્ત્વજ્ઞાન પચાવ્યા પછી અને એને વિષે વાંચવાયોગ્ય બધાં પુસ્તકો વાંચ્યા પછી, ગમે તે માણસ તે કરી શકે છે. એકથી વધુ ઉપવાસ પ્રકૃતિ-ચિકિત્સા (Nature-cure) ના નિષ્ણાતની દેખરેખ નીચે જ કરવા જોઇએ.

લાંબા ઉપવાસોમાં યોગ્ય દેખરેખ ખૂબ મહત્ત્વની છે. ઢંગધડા વિના કરેલા ઉપવાસોથી શરીરને અને આરોગ્યને કાયમી નુકસાન થયાના દાખલાઓ મોજૂદ છે.

ગઈ પેઢીની દાકતરી કિતાબોમાં ભૂખ્યો માણસ અઠવાડિયાથી વધુ જીવી ન શકે એવી મતલબનાં લખાણો હતાં. પરંતુ ડ્યુવે, પ્યૂરિન્ટન, હૅઝાર્ડ અને મૅકફૅડને છેલ્લાં ત્રીસ વરસમાં હજારો અસાધ્ય રોગીઓને લાંબા ઉપવાસ કરાવી એ માન્યતાની પોકળતા સિદ્ધ કરી આપી છે.

જુદીજુદી જાતના સાધ્ય અને અસાધ્ય રોગો મટાડવા માટે અને આરોગ્ય મેળવવા માટે ૧થી૧૦૧ દિવસ સુધીના ઉપવાસો થયા છે, અને લગભગ બધા

જ દાખલાઓમાં આરોગ્યનો પુનર્જન્મ થયો છે.

ઉપવાસનો સાદામાં સાદો પ્રકાર તો એ છે કે દિવસમાં એકાદ ટંક છોડી દેવો. સવારને બદલે સાંજનો ટંક છોડી દેતાં બીજે દિવસે પથારીમાંથી ઊઠ્યા પછી શરીરમાં અસામાન્ય સ્ફૂર્તિ જણાશે.

બીજો પ્રકાર એક, બે કે ત્રણ દિવસના ઉપવાસ મહિનામાં એકાદ વાર કરવાનો છે.

ત્રીજો પ્રકાર જેટલા ઉપવાસની જરૂર જણાય એટલા એકસામટા કરવાનો છે ને ચોથો પ્રકાર જરૂરી ઉપવાસો ત્રણ કે ચાર ટુકડે કરવાનો છે.

પાંચમો પ્રકાર એક દિવસ ઉપવાસ, બે દિવસ દૂધ ઉપર; બે દિવસ ઉપવાસ, ચાર દિવસ દૂધ ઉપર; ચાર દિવસ ઉપવાસ—એમ ધીમે ધીમે ઉપવાસ વધારવાનો છે. છઠ્ઠો પ્રકાર પાણીના પણ ઉપયોગ સિવાય નકોરડા ઉપવાસ કરવાનો ને સાતમો પ્રકાર પાકાં ફળોનો રસ અથવા તાજી ભાજીનો સૂપ પીને ઉપવાસ કરવાનો છે.

હું તો સાતમા પ્રકારના ઉપવાસને સર્વોત્તમ માનું છું, કારણકે ફળો અને ભાજીમાંથી મળતા ક્ષારો અને પ્રજીવકો શરીરશુદ્ધિના કામમાં ખૂબ મદદ કરે છે, એટલું જ નહિ પણ ઉપવાસ દરમ્યાન શરીરની શક્તિ ટકાવી રાખે છે અને ઉપવાસની મુદત ટૂંકી કરે છે.

ઉપવાસના લાભ ૭૨ કલાક પછી જ દેખાવા માંડે છે. ઉપવાસ દરમિયાન આંતરડાં સાફ કરવા માટે દરરોજ એકથી બે એનીમા લેવાની જરૂર છે.

પાણીનો પૂરતો ઉપયોગ કરવો જોઇએ, જેથી શરીર ઝડપથી અંદરનો કચરો બહાર ફેંકી દઇ શકે.

ચામડીનાં છિદ્રો ખુલ્લાં રાખવા તરફ પૂરતું ધ્યાન અપાવું જોઇએ, જેથી શરીરનાં ઝેરી દ્રવ્યોની નિકાસમાં ચામડી પોતાનો નિયત ભાગ ભજવી શકે.

હવાસ્નાન, સૂર્યસ્નાન, ઘર્ષણસ્નાન, વરાળસ્નાન અને ઉષ્ણોદકસ્નાન વડે ચામડીને જોઇતું ઉત્તેજન આપી શકાય.

ઉપવાસ દરમિયાન શરીરને હમેશાં અસુખ લાગ્યા કરે છે, કારણકે કોષોમાં સમાએલો કચરો લોહીમાં આવે છે, અને ત્યાંથી પેશાબ અને પસીના વાટે શરીર બહાર ચાલ્યો જાય છે. આ ઝેરી લોહીને લીધે ઝીણો તાવ, માથાનો દુખાવો, મોઢામાં મોળ અને શરીરમાં ભાર લાગ્યા કરે છે. આવે વખતે બની શકે એટલાં ઊંઘ અને આરામ લેવાં જોઇએ, એટલું જ નહિ પણ શરીરના એકેએક સ્નાયુને ઢીલા રાખવા જોઇએ જેથી શરીરની બધી શક્તિઓ શરીર સાફ કરવા પાછળ વપરાય.

ઉપવાસ પછી શરીર ઘણું હલકું, સ્ફૂર્તિભર્યું અને નિર્મળ બની જશે. મન પ્રસન્ન અને પ્રફુલ્લિત રહેશે. વધારાનું વજન ચાલ્યું જઇ, શરીરનો એકેએક અવયવ નિયમિત કામ આપવા લાગશે. આંખ, કાન, જીભ અને નાકની શક્તિની તીક્ષ્ણતા વધી જશે ને પાચન અવયવોને નવું જીવન મળી ભૂખ નાના બાળક જેવી તીવ્ર બનશે.

બહુ નબળા, પાતળા કે બુઢ્ઢાએ અને બહુ નાનાં બાળકોએ ઉપવાસ ન કરવા જોઇએ. હૃદયના રોગીઓએ જાણકારની સલાહ સિવાય ઉપવાસ કરવાની હિંમત ન ભીડવી. ઉપરના અપવાદો બાદ કરતાં દરેકેદરેક માણસ ઉપવાસના અગણિત લાભ માણી શકે એમ છે.

ઉપવાસ કરવામાં જેટલા મનોબળની જરૂર છે એથી અનેકગણા વધારે મનોબળની જરૂર ઉપવાસ ભાંગવામાં છે. પછી ભૂખ ખૂબ ઊઘડે છે. તે વખતે ભૂખને અંકુશમાં રાખતાં ને યોગ્ય ખોરાક લેતાં આવડવું જોઇએ. નહિ તો લાભને બદલે નુકસાન થાય છે.

ઉપવાસ લીલોતરીના રસ કે સંત્રાં–મોસંબી જેવાં મધુર ફળોથી તોડવા જોઇએ. ત્યાર પછી દૂધનો ખોરાક શાસ્ત્રીય રીતે લેવાનો શરૂ કરવો જોઇએ. સામાન્ય નિયમ તરીકે એમ કહી શકાય કે જેટલા દિવસના ઉપવાસ હોય, એથી બમણા દિવસ દૂધ ઉપર રહેવું. દૂધ ગાય કે બકરીનું વાપરવું.

પછીથી ધીમેધીમે પથ્ય ખોરાક શરૂ કરવો. ઉપવાસથી સાફ થએલા શરીરમાં કચરો ના ભરાઇ જાય એટલા માટે ખોરાકની બાબતમાં પૂરતી કાળજી રાખવી. ઘઉં, દૂધ, સોયાબીન, તાજાં શાક, લીલોતરી, મધુર ફળો અને મધ, એ ખોરાકની મુખ્ય વસ્તુઓ હોવી જોઇએ.

શરીરની શુદ્ધિ, જીવનશક્તિની વૃદ્ધિ, મનના ઉલ્લાસ અને શ્રદ્ધાના પુનર્જન્મ માટે પણ ઉપવાસ આવશ્યક છે.

રમણલાલ એન્જિનિયર

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ વખતે આવેલાં ચિત્રોમાં વિષયની વિવિધતા છે તેના હિસાબે રચના અને વસ્તુગૂંથણીની મોટી ઉણપ છે. છતાં પહેલા ઇનામને પાત્ર ઠરેલું ભાઈ જગન્નાથ યાદવ (કરાંચી)નું 'ઉઘડતા પ્રભાતે' નામનું ચિત્ર કલા અને કૌશલ્યનો સુંદર નમૂનો છે. રોજના જીવનમાં નજરે પડતાં મામૂલી લાગતાં પાત્રો ચિત્ર-સંયોજનામાં કેટલું મહત્ત્વ પૂરી શકે છે તેનું આ એક દૃષ્ટાંત છે વાતાવરણ, સમય અને સૃષ્ટિસૌન્દર્યની એકરૂપતા સાચવવી મુશ્કેલ છે; પણ આ ચિત્રમાં ભાઇ યાદવ બધાં તત્ત્વોનો મેળ રાખી શક્યા છે તે માટે શાબાશી ઘટે છે.

ભાઇ ડી.બી ખોપકરનું ફોટો-ચિત્ર 'વાંદરાંને નીસરણી' બીજા ઇનામને પાત્ર ઠરે છે. જીવનમાંથી ઉલ્લાસ ને આનંદ પ્રગટ કરતાં ચિત્રો પાડનારા જગતની ખરી સેવા કરે છે. થાકેલા અને નિરાશ જીવોને એવાં ચિત્રોથી તાજગી મળે છે. ભાઇ ખોપકરે વિષય પસંદ કરવામાં નવું ક્ષેત્ર પકડ્યું છે, પણ તેનો પૂરો લાભ લેવાને એ જ વિષય પર એમણ વધુ પ્રયોગ કરી હજુ અનેક રીતે એ ચિત્ર સુધારી શકાય તેમ છે. બીજાઓને પણ તેમાં અવકાશ છે.

ત્રીજું ઇનામ લેનાર બી. એમ. મિસ્ત્રીના 'Dancer of the Temple' એ નાનકડા ચિત્રમાં મનોહરતા છે પણ નામની સાર્થકતા નથી સુંદર સ્થિર છાયાચિત્રમાં નૃત્યનો ભાવ દેખાતો નથી, પણ શાંત ધ્યાન કે પ્રાર્થનાનું સ્વરૂપ લાગે છે. ફોટોગ્રાફરે પોતાનું તેમ જ ચિત્રનું નામ અંગ્રેજીમાં આપ્યું છે એ રીત બીજા ઘણા ઉમેદવારો પણ ચલાવે છે તે અમને યોગ્ય લાગતું નથી. અંગ્રેજી એકાક્ષરોથી કે માત્ર અટકથી ઓળખાવાની રીત આપણા દેશમાં પરદેશના અનુકરણ રૂપે આવી છે; પણ એક જ અટકની ઘણી વ્યક્તિઓને ઓળખવાને આસામીનું જ નામ આખું આપવાની જરૂર છે. વળી જો ચિત્રને પણ ગુજરાતી નામ આપવાનો આગ્રહ કે ઇચ્છા ન હોય તો તેમાં સ્વદેશની સંસ્કૃતિ અને વસ્તુની કદરદાનીનો અભાવ જ ગણાવો જોઇએ. આ ટીકાનું સૂચન બીજા ઘણાઓને ધ્યાનમાં રાખવા વિજ્ઞપ્તિ છે

બીજી થોડી સૂચનાઓ

તમારાં ચિત્રો અતિ નાનાં હોય તો ન મોકલતા. તેમાંની સારી બાબતો યોગ્ય માપમાં મોટી કરી બતાવો તો જ તમારામાં ચિત્ર ઓળખવાની શક્તિ છે એમ સમજાય.

હરીફાઇમાં ચિત્રો મોકલતાં પહેલાં આગળની હરીફાઇઓ જોઇ જજો, જેથી તમારૂં કામ પ્રગતિ બતાવે છે કે પાછું પડે છે તે સમજશો.

પોતાનું આખું નામ અને અટક બરાબર સરનામા સાથે ફોટોગ્રાફ પાછળ જ લખજો.

ચિત્ર માટે યથાર્થ નામ શોધવામાં તમારી કદરદાની ઓળખાશે

બલવન્ત ભટ્ટ

આ અંકના પૂઠા ઉપરની શિલ્પકૃતિ

ભૂતકાળના પ્રસંગોથી શાપિત થઇને અદૃશ્ય બની ગએલી કેઇ સૃષ્ટિમાં તપથી કે જાદુના ચમત્કારથી પ્રાણ મૂકી, સજીવ જગતને સ્વપ્નાં સાચાં કરી બતાવવાનું કાર્ય કરનારને પ્રાચીન કળાની કથામાં તો એ ભૂમિનું રાજ્યાસન પ્રાપ્ત થતું; પણ આજે તો એવું કાર્ય કરનારાનાં સ્મરણો સાચવવા જેટલી કદરદાની પણ નજરે પડતી નથી. હિંદુસ્તાન આખામાં પ્રાચીન અવશેષો પર અજવાળું પાડનાર અને ઇતિહાસની અનેક સાંકળો મેળવી આપનાર સ્વ. ભગવાનલાલ ઇંદ્રજી એકલા જ પોતે મોટા શોધખોળખાતા સમાન હતા, છતાં ગુજરાતમાં ક્યાં યે તેમનું નામસ્મરણ થાય એવું પ્રતીક છે ખરૂં?

આજે એ જ માર્ગે પ્રયાણ કરીને, પોતાના વ્યવસાયનો ભાર સાચવતાં, ફુરસદની ક્ષણોમાં પહાડો અને પત્થરો, નદી અને નાળાં ધૂમી શ્રી પંઢરીનાથ ઇનામદારે ઇડરની ભૂમિ ઉપર એક અદ્ભુત પ્રાચીન સૃષ્ટિના અવશેષો શોધી આપી ગુજરાતના સમૃદ્ધિકાળના ઇતિહાસનું નવું જ પાનું રજુ કર્યું છે. બાવાઓ અને પૂજારીઓએ અંધપરંપરા અને જડ રૂઢિના દાસત્વથી કેટલા યે પત્થરો અને મૂર્તિઓની અવગણના કરેલી, તે આ રસિક વિદ્વાનને હાથે ચડતાં તે હિંદની ઉત્કૃષ્ટ કળાકૃતિઓ તરીકે કદર અને સન્માન પામી છે, એટલું જ નહિ પણ ઇડરના સુજ્ઞ રાજ્યનાયકે કે કાર્યની જરૂરિયાત અને યોગ્યતા પિછાની પ્રાચીન સંસ્કૃતિ ને કળાનું રક્ષણ કરનારૂં ખાતું ઉઘાડ્યું છે, એ ગુજરાતનું અહોભાગ્ય છે. એ ભાગ્યના વિધાતા શ્રી પંઢરીનાથ ઇનામદાર, જેઓ ઇડર રાજ્યના વિદ્યાધિકારી છે એમણે, પોતાની એ શોધોનું સચિત્ર પ્રકાશન ગુજરાત સમક્ષ મૂકવાનું નિરધાર્યું છે. તે પૈકીની એક સુંદર શિલ્પમૂર્તિ આ અંકના પૂઠા ઉપર મેળવીને, ગુજરાતે પણ પ્રથમ પંક્તિનું કલાશિલ્પ સરજાવ્યું છે એ વિચારનો આનંદ આપણે લઇએ.



શ્રી પંઢરીનાથ ઈનામદાર

જીવનનું પરોઢ જેમાં ખરો આરંભ પામે છે અને ફીનિક્સ વસાહતની ઘરગથ્થુ હકીકતો, કૌટુંબિક જીવન તથા સત્યાગ્રહના બીજારોપણ રૂપ પ્રસંગોનું વાસ્તવદર્શન જેમાં શરૂ થાય છે તે હપતો



વાનરટોળી

ઘડો જેમ ટીપાય અને શેકાય તેમ પાકો થાય. મારૂં પણ એવું જ થયું. વારંવાર પડતા મારે મને રીઢો કરી મૂક્યો. ગુનો કરતી વખતે મને મારનો ભય જરાયે મનમાં ન રહેતો. 'માર ખાવો પડશે તો ખાઇ લઇશ, જરા હાડકાં દુખશે એટલું જ ને? પણ બનતાં સુધી હું મારો ગુનો પકડાવા નહિ જ દઉં' એવી શ્રદ્ધાઓ ગુના કરતી વખતે મને રહેતી. મનના રીઢાપણાએ શરીરની સહનશક્તિ પણ ઠીકઠીક વધારી હતી. ચામડીમાં મોટા ઊંડા ઊઝરડા પડે, પગમાં કાંટા સડે, કડકડતી ઠંડીમાં પત્થરની ધાર વાગી પગમાંથી લોહી વહે, બહુ ઊંચેથી પડી જતાં પછાટ વાગે તેની આળપંપાળ ભાગ્યે જ સૂઝતી. અપમાનિત થઈ ખાવા પડતા તમાચા કરતાં હાથે કરી વગાડી લીધેલા ઘાની વેદના દસમા ભાગની યે ન જણાતી. ટૂંકમાં હું ટેવાએલો ગુનેગાર થતો ચાલ્યો.

ટેવાએલો ગુનેગાર છતાં બહાદુર ગુનેગાર હતો એમ નહિ. મોટેરાંઓની બીક મનમાં એટલી રહેતી કે તેમની હાજરી હોય ત્યારે બહુ જ ડાહ્યો અને ભારેખમ થઇ બેસતો. તેમના દેખતાં રમવાની યે મને ગભરામણ થતી. પણ જેવો પિતા, કાકા, બા વગેરેની નજરમાંથી છૂટવાનો લાગ મળતો કે દબાઇ રહેલું મન હરખથી ઊભરાઇ જતું ને જાતજાતનાં અડપલાં સૂઝતાં અને અટકચાળાંની પરંપરા ચાલતી. એ જાતજાતના અટકચાળાંનું અત્યારે સ્મરણ નથી અને હોય તો યે તે બધાં અહીં વર્ણવવામાં સાર પણ નથી; છતાં બેપાંચ નમૂના આપું.

સાઇકલનો પંપ ઘરમાં ગમે એટલે ઊંચે મૂક્યો હોય તો યે તે ઉતારી પાણીની ડોલ ભરી પંપ વડે દૂરદૂર પિચકારીઓ મારવી; અસ્ત્રાથી સાબુ કાપવો; સીવવાના સંચા પર જાતજાતના પ્રયોગો કરી તેને ખોટકા નાખવો; ઘડિયાળ ખોલીને જોવી; ખરે બપોરે મીણબત્તીઓ સળગાવી તેના રેલા ઊતરતા જોવા; પીવાના પાણીના સંગ્રહની ટાંકીમાંથી ફૂવારા છોડી પાણી ઘટાડવું; મગનકાકા શહેરમાંથી જે કંઇ નવી વસ્તુ લાવે તે તેઓ ખોલીને જુએ તે પહેલાં જ ખોલીને જોવી અને રંગ હોય તો જ્યાંત્યાં ચોપડીને અજમાવી જોવો ઇત્યાદિ અટકચાળાં હજુ ગઇ કાલે જ કર્યાં હોય એવાં સાંભરે છે. માર અને ધમકીની સતત પ્રસાદી ગળવા છતાં આવાં અડપલાંની મારી ટેવ જરા યે ઓછી થઇ ન હતી. જે કંઇ નવી ચીજ જોઉં તે શા માટે આવી અને એનો ઉપયોગ શો છે એ જાણવાની દાબી ન દબાય એવી જિજ્ઞાસા મને થતી. એ જિજ્ઞાસાનું સમાધાન વિહિત રીતે હું ન કરી શકતો. મારી જીભના ટુકડા થઇ જાય તો યે મારાથી એમ ન પૂછી શકાતું કે 'કાકા, આમાં શું છે ને શા માટે લાવ્યા છો?' જ્યારે આટલો સવાલ કરવાની હિંમત ન હતી ત્યારે એ ચીજનો ઉપયોગ કરી જોવાની રજા મેળવવાની હિંમત ક્યાંથી હોય? પરિણામે ચોરીછુપીથી દરેક ચીજનો મનમાન્યો ઉપયોગ કરી જોતો અને હાથેપગે વગાડી બેસતો. જેમકે એકવાર અણીદાર નવું ચપ્પુ લઇ સ્લેટપેનની અણી પેન્સીલની જેમ કાઢવા બેઠો. અણી સરસ નીકળી પણ ડાબા અંગૂઠાનો નખ મૂળસોતો ઉખડી ગયો. લોહી ખૂબ વહ્યું, પણ હાથે કરીને વગાડેલું એટલે ઉંકારો કરવાપણું હતું જ નહિ. પાએક કલાક સુધી કપડેથી લોહી દાબતો રહ્યો પણ એ વહેતું ન અટક્યું. છેવટે મારી બા ત્યાં આવી ચડતાં તેમણે પાટો બાંધ્યો.

આવાં તોફાનો હું એકલોએકલો ઘરને ખૂણે કર્યાં કરતો. પણ જ્યારે અમારી ટોળી જામી ત્યારે અમે ફીનિક્સ આખું ખૂંદી વળવા લાગ્યા. જેનાતેના ઘરમાં જઇ ભાંગફોડ કરવા માંડી. પ્રત્યેક બાગનાં તાજામાં તાજાં ફળોના ભોક્તા અમે બન્યા. કોઇકોઇવાર તો

વાંદરાં પણ જેટલું નુકસાન ન પહોંચાડે તેટલું નુકસાન દરેક ઘરમાલિકને અને બાગરક્ષકને અમારે લીધે વેઠવું પડતું. અમારી આ ટોળીમાં ચાર જણ હતા.

પૂજ્ય બાએ ફીનિક્સમાં ઘર વસાવ્યું ત્યાર પછી દેવદાસ કાકા અને રામદાસ કાકાને ગુજરાતી ભણવાની વ્યવસ્થા મારી બા પાસે થઇ. મારી બા છઠ્ઠી ગુજરાતી સુધી ભણેલાં. બ્હેનોમાં બીજું કોઇ એટલું ભણેલું ત્યાં નહિ. રામદાસકાકા–દેવદાસકાકાનો વર્ગ અમારે ઘેર શરૂ થયો ત્યારે મારે નસીબે હજુ પાટીમાં માથું નાખી કક્કો ઘૂંટવાનું જ હતું. પણ દે૦ કાકા ને રા૦ કાકા તો રંગીન ચિત્રોવાળી કેરી, કુહાડી, દણુ આદિની વાર્તાઓ વાંચતા ને મજાની કવિતા બોલતા. અનેક થપાટો અને ભર્ત્સનાથી મને ભણવાની હોંશ નહોતી આવી, પણ જ્યારે મેં જોયું કે રા૦ કાકા ને દે૦ કાકા વગર માર ખાધે, વગર ઠપકાએ સારૂંસારૂં ભણે છે અને તેઓ ભણે છે તેથી એમની સાથે બધાં હસીને વાત કરે છે ત્યારે મને સમજાયું કે હું યે ભણીશ તો મારો ભાવ પૂછાશે. વાર્તા વાંચવાની હોંશે અને રા૦ કાકા દે૦ કાકાની અનુકરણવૃત્તિએ મારૂં ધ્યાન ભણવામાં પરોવ્યું. બારાખડી પૂરી કરી પહેલીના પાઠો ક્યારે વાંચતો થયો તેની ખબર પણ ન પડી. જેમ ભણવામાં એમ દુનિયાના બીજા અનુભવોમાં પણ એમને લીધે મારા મગજમાં પ્રકાશ આવ્યો. ખાવું, પીવું, ઊંઘવું, ઘરમાં ભાંગફોડ કરવી ને અવારનવાર હાડકાં રંગાવવાં એની બહાર દુનિયા ઘણી વિશાળ છે, ઘણું જાણવાનું ને શીખવાનું છે એ મને સમજાયું ને એ રીતે રામદાસ કાકા અને દેવદાસ કાકા મારા સૌ પહેલા માર્ગદર્શક બન્યા. માર્ગદર્શક બન્યા તેમાં યે દેવદાસ કાકા ઉંમરમાં લગભગ મારા જેવડા અને ખૂબ હોશિયાર હોવાથી નાનીમોટી બધી વાતમાં તેઓ જ મારા કર્ણધાર થઇ પડ્યા.

તે વેળા મારી ઉમર આશરે પાંચેક વર્ષની, દેવ-દાસ કાકાની સાડા છ વર્ષની ને રામદાસ કાકાની સાડા આઠ વર્ષ જેટલી હતી. થોડા દિવસ પછી ચોથો છોકરો વિલી અમારી સાથે ભળ્યો. એ મિ. કોર્ડિસનો દીકરો હતો. મિ. કોર્ડિસ છાપખાનામાં કામ કરવા આવનાર બીજાઓની જેમ ફીનિક્સ આવી વસેલા. તેઓ જાતે જર્મન હતા પણ તેમનો દીકરો ગોરો ન હતો. તે ત્યાંના ઝૂલૂઓ જેવો ઠીંગણો ને કાળો હતો, કારણ તેની મા ઝૂલૂ હતી. એનામાં દોડવાની, ઝાડ પર ચડવાની અને તોફાન કરવાની બીજી શક્તિ અમારા કરતાં ઘણી વધારે હતી. બપોરથી સાંજ સુધી મગનકાકા, મિ. કોર્ડિસ અને બીજા બધા પ્રેસમાં જઇ કામ કરતા ત્યારે અમારી આ ચોકડી ઘરમાંથી છટકી આખી ફીનિક્સને એક છેડેથી બીજે છેડે ફરી વળતી.

ફીનિક્સમાં મોટા ઘરની પાછળ રમવાનું ટેનિસનું મેદાન મૂકયા બાદ પશ્ચિમે એક મોટો બગીચો હતો. મોટું ઘર એટલે બાપુજીનું ઘર; પણ મોટો બગીચો એટલે બાપુજીનો બગીચો નહિ. ફીનિક્સના જૂના નિવાસીએ એક બગીચો બનાવેલો હતો. તેનાં ઘણાંખરાં ઝાડ ઘરડાં થઇ ગએલાં તેથી તે મોટો બગીચો કહેવાતો. તેમાં ફળ ખૂબ આવતાં. આ બગીચાના રખેવાળ આણંદલાલ કાકા હતા. એક પણ ફળ કોઇ ન લઇ જાય એની એમને બહુ ચીવટ રહેતી. અમને થતું કે ફળ પાક્યાં છે તે ખાવાને હોય કે સોડવવાને? એટલાં બધાં ફળ આણંદલાલ કાકા એકલા થોડા જ ખાઇ જવાના હતા? પણ આણંદલાલ કાકા અમને કદી ફળ આપતા નહિ. અમને બગીચામાં જોતાં જ ખૂબ દબડાવતા, ધમકાવતા અને અમારી ફરિયાદ કરતા. તેથી એમને થાપ આપી એમનો બગીચો ઉજાડવાની અમને બહુ મજા પડતી. બપોરે પ્રેસનું કામ છોડીને પણ વારેવારે તેઓ આખો ટેકરો ચડઊતર કરતા અને બગીચામાં કોઇ છે કે કેમ તે તપાસી જતા. આથી અમે પાકો બંદોબસ્ત રાખ્યો હતો. હું નાનો, ઝાડ પર ચડીઊતરી ન શકું, એટલે મારૂં કામ ચોરીની જગ્યાએથી થોડે દૂર ઊભા રહી કોઇ આવે છે કે કેમ તે જોતા રહેવાનું અને ખબર કરવાનું હતું. રામદાસ કાકા સૌથી મોટા એટલે તેમનું કામ ખૂબ ઊંચાં ઝાડ પર ચડી ફળો તોડવાનું હતું અને દેવદાસ કાકા ઉપરથી પડતાં ફળો ભેગાં કરવાનું કામ કરતા. એક શેતુરનું ઝાડ ૬૦થી ૭૦ ફૂટ ઊંચું અને એક પોપૈયાનું ત્રીસેક ફૂટ ઊંચું હતું. આ બંને વૃદ્ધ વૃક્ષોનાં ફળ બહુ મીઠાં ઊતરતાં. ભલા રામદાસ કાકા ઉપરથી ફળ પાડી નીચે ઊતરીને આવે ત્યાં સુધીમાં પોપૈયાનો મીઠામાં મીઠો ભાગ અને કાળાં મધુરાં શેતૂરનો ભાગ અમે ઓહિયાં કરી જતા. જેમની ખરી મહેનત એમને ઓછું પહોંચતું.

છતાં રા૦ કાકા ઉદાર દિલના એટલે અમારે કજીઓ ન થતો. ફળ ખવાતાં હોય ત્યાં કોઇનો પગરવ સંભળાય તો ભાગવામાં આડો રસ્તો કે કાંટાની વાડ વટાવતાં યે અચકાતા નહિ. ભાગી જઇ, મોટા ઘરની નહાવાની ઓરડીમાં હાથ ધોઇને શાણા બની મુખ્ય રસ્તા પર ટહેલવા લાગતા અને વગર પકડાયે ચોરી પૂરી કર્યાનો આનંદ માણતા.

રહેતે રહેતે મોટા બગીચાની ચોરી અમારો નિત્યક્રમ થઇ પડચો. ભાગ્યે જ એકાદ વાર અમે કોઇની નજરે પડચા હોઇશું. સંતરાંની મોસમમાં એક ઝપાટે સો બસો સારામાં સારાં સંતરાં ભરખી જવા જેટલા અમે કુશળ બની ગયા હતા. બાગમાં બેચાર ઝીણાં લવીંગિયાં મરચાંના છોડ હતા. એ લવીંગિયાં મરચાં સાધારણ મરચાંથી આઠદસ ગણાં વધારે તીખાં હતાં. અર્ધો પોણો ઇંચ લાંબું અને પા ઇંચથી પણ પાતળું એ મરચું મોંમાં મૂકતાં મોઢું જ નહિ, શરીરનું અંગેઅંગ સસરી ઊઠતું. કેટલા યે દિવસો સુધી અમારી વચ્ચે હોડ ચાલી કે કોણ એ મરચાં સૌથી વધારે ખાય છે. એક કે બે સંતરાં છોલીને તૈયાર રાખીએ, પછી મોંમાં મરચું મૂકી ઉપર સંતરૂં આખું ને આખું કે અરધું ખાઇ જઇએ. સંતરાંથી બળતરા ઓછી થાય કે ફરી પાછું બીજું મરચું મોંમાં મૂકી સંતરૂં ખાઇ જઇએ. આમ ઉપરાઉપર દસપંદર મરચાં ચાવી જઇએ. આંખમાંથી પાણી ટપકે, નાક બળુંબળું થાય, પણ પરાક્રમ કરવામાં હાર કોણ કબૂલ કરે? ત્રણે જણા જરા પણ મચક આપ્યા વિના સરખી સંખ્યામાં આ દિવ્ય કરતા. કેટલાક જુવાનો પોતાનો અનુભવ સંભળાવતાં જ્યારે કહે છે કે પહેલી વાર દારૂ પીધો ત્યારે છાતી બળુંબળું થતી હતી અથવા બીડીની પહેલી ફૂંક લેતાં ઉલટી આવી હતી છતાં તેઓ વ્યસનમાં ગરક દેખાય છે ત્યારે મને આ લવીંગિયાં મરચાંવાળો કિસ્સો યાદ આવે છે. એ મરચાં ભરખતી વખતે અમને જો કોઇ એમ સમજાવનારૂં હોત કે 'જેને તમે બહાદુરી માનો છો એ ઊંધી બહાદુરી છે; મરચાં ખાવાના પરાક્રમથી તમારી માણસાઇ વધવાની નથી'; તો એ લવીંગિયાં મરચાં ખાવાની અમે જે ટેવ પાડી લીધી હતી અને જે દિવસે બપોરે એ ન ખાધાં હોય તે દિવસ ખોયા જેવું લાગતું, તે ન લાગત.

ધીમે ધીમે ફીનિક્સના નવા બગીચા તૈયાર થવા લાગ્યા. આણંદલાલ કાકાએ પોતાના ઘરની બાજુમાં ધોળી ને કાળી દ્રાક્ષનો માંડવો કર્યો હતો. દ૦ આ૦ માં ધોળી દ્રાક્ષ તો રોજ મળે. પણ કાળી દ્રાક્ષની શોભા અમને બહુ લલચાવતી. પોતાની વાડીના ઉછેર અને રક્ષા માટે એક ભૈયાને એમણે માળી તરીકે રાખ્યો હતો. એ અમને દેખે ત્યાંથી લાઠી, પાવડો કે જે હાથમાં આવે તે લઇ અમારી પાછળ દોડે અને હાથમાં આવીએ તો સારીપેઠે ઝૂડી પણ નાખે. પરંતુ હાડકાં રંગાવાને જોખમે પણ અમે આણંદલાલ કાકાની કાળી દ્રાક્ષ પાકવા ન દેતા. એ જ પ્રમાણે એમણે ઉછેરેલાં અનેનાસ પાકયા પહેલાં, આમલી કરતાં યે ખાટાં છતાં, અમે તોડી ખાતા. મગનકાકાએ બહુ મહેનતે આંબા ઉછેરેલા. દ૦ આ૦ માં તો આંબા નવાઇ જેવા. પહેલી વારનો પાક મગનકાકાએ ઉતારી અમારી નહાવાની ઓરડીમાં કરંડિયામાં પકવવા મૂકયો કે બીજે દિવસે સાંજે અમે ચટ કરી ગયા! તે દિવસે સારીપેઠે જૂઠું બોલીને હું મગનકાકાના કોપમાંથી બચ્યો.

ફળની ચોરી કે કાચી મકાઇ, ઊગતી ડુંગળી, લીલાં શાક એ બધાંનો નાશ કરતાં અમે ધરાતા જ નહિ. ગમે એટલું ખાવા છતાં અમને ઓડકાર ન આવતો. પણ અમે એટલે જ ન અટકયા. અમારે ત્યાંના છાપખાનામાં માંસાહારી ભાઇઓ હતા તેમના અમે શિક્ષક બન્યા. એક ભાઇ મૂળે મદ્રાસી. વગર કુટુંબે રહેતા. તે કામે જાય કે જેમતેમ કરી અમે એની ઓરડીમાં ઘુસીએ. તેમને એકાસાથે ડબ્બો ભરીને ઇંડાં રાખવાની ટેવ હતી. એક એક ઇંડું લઈ પત્થર પર પછાડી ફોડવાનો ને પીળા રસથી હાથ ખરડવાનો અમને આનંદ આવતો. તેના માછલીના ડબ્બા ફીંદીને ફેંકવામાં મજા આવતી. અને જો તે અમને દબડાવે તો અમે સામા દબડાવતા કે શું કામ તમે આવું ગંદું ગંદું ખાઓ છો?!

પણ આવી રમતોથી અમારા સંસ્કાર બગડચા. બીજાને વિષે કહેવું દુષ્કર છે, પણ મારે વિષે કહું કે મને શિકારી રસ જાગ્યો. દેશકાળની અસર બાળકોના સંસ્કાર પર કોઇ અજબ રીતે પડે છે. ગુજરાતી વૈષ્ણવ કુટુંબનો હું બાળક, નિત્ય શુદ્ધ આહાર કરનારો અને રાત દિવસ વૈષ્ણવ માબાપને ખોળે ઉછરનારો, છતાં ફીનિક્સના વાતાવરણે મને હિંસા જોવાનો રસિયો

બનાવી મૂકયો. જો કે દેશમાં આવ્યા પછી પંદરેક વરસની ઉમર બાદ મને લોહીની સુગ અને તરફડતા જીવને જોઇ ગ્લાનિ ઉપજવા લાગી. પણ તે પહેલાં, આંકડામાં માછલીનું તાળવું ફસાઇ જતાં અને પાણીની બહાર તેને તરફડતી જોતાં મને પ્રસન્નતા ઉપજતી અને કલાકો સુધી મચ્છીમાર પાસે રસપૂર્વક ઉભો રહેતો. કોઇ ઝૂલૂ અમારા નાળામાંથી આડે ખૂણે ભાગતા કરચલાને પકડી તેનું પેટ ફોડી નાખે, એકાદ સુંદર નાજુક પક્ષીને પકડી એક જ આંચકે તેની પાંખો ઉખેડી નાખે એ જોવાની મજા પડતી, ને 'હાં, બરાબરનો ઘા થયો—સરસ શિકાર થયો' એવું શૂર ચડતું.

આપણાથી ખવાય નહિ, મારવામાં પાપ લાગે એ જાતની ભાવનાને લીધે જાતે કોઇ જીવની હાનિ તો ન કરી પણ શિકારીની પેઠે પક્ષીઓને જાળમાં સપડાવવાની, માથોડા ઘાસમાં જઇ તેના માળા શોધી કાઢવાની, ઇંડાં તપાસવાની, ઇંડાં ફૂટયા પછી બચ્ચાંનો કલબલાટ સાંભળવાની, તેમને ડરાવવાની ને એવી રમતોમાં ખૂબ વખત ગાળતો. આ ક્રૂર રમત સાથે અવલોકન વધ્યું. કયાં પક્ષીનાં કેવાં ને કેટલાં ઈંડાં, કેવો માળો, કેવું ગીત હોય તેનો ખ્યાલ આવ્યો અને પક્ષીને ખબર ન પડે તેવી રીતે ધીમે પગલે તેની પાસે પહોંચી જવાની કળા મેળવી. શિકારી જીવનની એ બધી સારી બાજુ વૈષ્ણવ બાળકને સામાન્યરીતે અલભ્ય ગણાય.

આપણા દેશથી સાવ ભિન્ન દેશના એ અવનવા વાતાવરણમાં અને વિશેષે એકાંત જંગલની વાડીઓમાં અમારી રમતો, તોફાનો અને બાળ જીવનનો આનંદ અનેરો હતો. દિવસ રાત ઉલ્લાસ અને આનંદ ઉભરાતો. એ બધી વાત વર્ણનમાં કેમ કરી ઉતારાય? વિશાળ બીડમાંનાં રંગબેરંગી ફૂલ, ફૂલોની આછી મીઠી સુગંધ, ઝાકળનાં અને આછા વરસાદનાં મોતી, એ બધાંનો આનંદ બચપણમાં જેણે માણ્યો હોય તે વગર વર્ણને એ રસની કલ્પનાએ રાચશે અને જેણે નહિ અનુભવ્યું હોય તે શાબ્દિક વર્ણનથી કંટાળશે. એટલે એ સુગંધી આસમાની ફૂલ, અનેક ટપકી વાળાં ઇંડાં વગેરેની વાત છોડી પાછો અમારી વાનર ટોળીની વાત પર આવું.

મને કેટલીક વાર બહુ ભયાનક અખતરા સુઝતા. અમારા ઘરથી થોડે દૂર એક કૂવો હતો. ઊંડો તો સાત આઠ હાથ જ હશે. પાણી સુકાઇ જઇ તળીએ



ડાબી તરફ: ઊભેલા–મગનલાલ ગાંધી: ખુરશીમાં–સંતોકબેન ગાંધી; ખોળામાં–કેશુ; જમણી તરફ: ઊભેલા–છગનલાલ ગાંધી; ખુરશીમાં–કાશીબેન ગાંધી; ખોળામાં કૃષ્ણદાસ. વચ્ચે ઊભેલા: પ્રભુદાસ ગાંધી (લેખક)

કીચડ જામ્યો હતો. તેમાં ઊતરવાની એક ભાંગીતૂટી નીસરણી હતી. એમાં ઊતરી અમે એ કીચડમાંથી જાત જાતનાં રમકડાં બનાવતા. એક વાર એ કુવાની ધારે ઊભા રહી અમે અંદરનો કાદવ તપાસતા હતા. મને કલ્પના આવી કે 'અહીંથી કૂદી પડીએ તો વાગે ખરૂં?' વાગે કે નહિ તેનો અખતરો જાતે કરવાની મને હિંમત ન હતી, છતાં અખતરો થવો તો જોઇએ જ. મેં સ્હેજ પાછળ હટી, દેવદાસ કાકા જરા નીચા વળીને જોતા હતા તેમને હડસેલો માર્યો! તેઓએ ચપળતાથી પોતાનું તોલ સંભાળી લીધું અને ઊભા ને ઊભા અંદર કૂદી પડયા. તેમને વાગ્યું નહિ, પણ કાદવના છાંટાથી તેમનાં કપડાં બગડયાં. કપડાં બગડયાનો તેમને વધુ ગુસ્સો આવ્યો. સીડીએથી ઉપર આવી તેઓ સીધા છાપખાનામાં મગનકાકા પાસે દોડી ગયા ને મારી રાવ ખાધી. હું પણ તેમની પાછળ પહોંચ્યો,—રાવ ખાતા અટકે તો અટકાવવા. તેઓને હું ફરિયાદ કરતા રોકી ન શકયો, પણ મારૂં સદ્‌ભાગ્ય કે છાપખાનું હોવાથી મગનકાકાના મારથી બચી ગયો. ઘેર હોત તો મારો બરડો ઠીક ઓખરો થાત. પરંતુ છાપખાનાના બધા

મોટા માણસોએ મારી જે ઠેકડી અને નિંદા કરી એ માર પડવા કરતાં યે મને આકરી સજા થઇ ને ઘણા દિવસ સુધી મને ઘરની બહાર નીકળવાની હિંમત નચાલી.

આવો જ વિકટ બીજો એક અખતરો મેં કર્યો હતો. મારી કાકીને રસોઇ કરવા જવું હોય ત્યારે કેશુને—મારા નાના પિતરાઇ ભાઇને —હિંચકાવવાનું મને સોંપી જતાં. દેવદાસ કાકા, રામદાસ કાકા, વિલી બધા યે ખૂબ રમે રખડે ને મારે એકલાને ઘરમાં બેઠાબેઠા ઘોડિયાની દોરી ખેંચ્યા કરવી પડે. આથી મનમાં ને મનમાં મને બહુ દાઝ ચડતી. પણ એટલી હિંમત નહોતી કે મારી કાકીની સામે થઇ હિંચોળવાની ના પાડી રમવા જઈ શકું. એક વાર વિચાર કરતાં મને એક ઉપાય જડી આવ્યો. મને થયું કે કેશુને એટલો રડાવું કે તે છાનો રહે જ નહિ; એટલે કાકીને આવવું પડશે અને મને છુટ્ટી મળશે. દીવાળીના દિવસો હતા. મારી પાસે લીલા પીળા રંગનાં બપોરિયાંની દીવાસળીની પેટી હતી. મેં એક દિવાસળી સળગાવી તેનો અંગાર કેશુના પડખામાં ચાંપી દીધો અને બપોરિયું બહાર ફેંકી દીધું. કેશુ ચીસેચીસ પાડી ઊઠ્યો. મારી કાકી દોડી આવ્યાં. મને ખૂબ પૂછ્યું, પણ હું શાનો જવાબ આપું? ઘોડિયું ખંખેર્યું, ચોતરફ તપાસ્યું અને છેવટે કેશુનાં લૂગડાં કાઢ્યાં ત્યારે દાઝ્યાનો ડાઘ દેખાયો. કાકા આવ્યા ત્યારે એમની પાસે ફરિયાદ પહોંચી. એક દીવાસળી ચાંપ્યાના બદલામાં અનેક દીવાસળીઓના ડામ જેટલી શારીરિક પીડા મારે ઝીલવી પડી, અને તે પછી લાગલાગટ બેચાર દિવસ સુધી નાના ભાઇ ઉપર પ્રેમ કરવાની ફરજ વિષે મને મુરબ્બીઓએ શીખામણ આપી. પરિણામે, ત્યાર પછી નાના ભાઇઓને હિંચકાવવા સાચવવાનો મને કદી કંટાળો ન આવ્યો; અને આવ્યો તો યે તેમને છોડી રમવા જવાની હિંમત ન થઇ.

મારા આવા જ અખતરાઓને પરિણામે એક વાર ઘર સળગી ઊઠ્યું અને મારી કાકીની સમયસૂચકતાને લીધે ભારે હાણ થતી બચી. ફીનિક્સમાં દીવાનું કામ ઘણુંખરૂં મીણબત્તીથી જ ચાલતું. મને એ સળગાવવાનું બહુ મન થાય, પણ મને કોઇ દીવાસળીને હાથ ન અડાડવા દે. મીણબત્તીને અડું તો યે ધમકાવી કાઢે. રાત્રે મીણબત્તી સળગાવવા ન મળે એટલે મેં દિવસે લાગ સાધ્યો. પિતાશ્રી જમીને છાપખાને જાય અને બા જમવા બેસે ત્યારે અર્ધો કલાક અમારા ઓરડામાં કોઇ ન આવતું. એ તકનો લાભ લઇ હું ઓરડામાં પહોંચતો અને મીણબત્તી સળગાવી તેના રેલા ઉતારી તે પર મીણબત્તી જમાવી તેને ક્ષીણ થતી જોવાનો આનંદ પાંચ મિનિટ સુધી લેતો અને પછી તેને ઓલવી નાખી મારા ભણવાના પાઠ કરતો. આવો ક્રમ વીસેક દિવસ સુધી ચાલ્યો હશે, ત્યાં એક દિવસ મેં મીણ-બત્તી સળગાવી કે કામસર મારી બા આવી ચડ્યાં. મેં ઝડપ મારી મીણબત્તી પાડી નાખી. લાકડાના થાંભલા પાછળ તે ભરાઇ ગઇ. મારી બાએ આવા અટક-ચાળા માટે અને ન ભણવા માટે મને સ્હેજ ધમકાવ્યો અને અમે બે ય ઓરડાની બહાર નીકળી ગયાં. બંનેએ માની લીધું કે મીણબત્તી ઠરી ગઇ છે. પણ દસેક મિનિટ પછી અમારા ઓરડામાંથી ધુમાડો નીકળવા માંડ્યો. આખું ઘર લાકડાનું હતું. મીણબત્તીવડે થાંભલો સળગી ઊઠ્યો હતો અને ઉપર છાપરા સુધી ઝાળ પહોંચી હતી. મારી કાકીનું ધ્યાન એ તરફ સૌ પહેલાં ગયું અને રસોડામાંની પાણીભરેલી ડોલ લઇ તેઓ દોડ્યાં. મારી બા અને પૂજ્ય બા પણ પછી પહોંચ્યાં અને ઘર બળતું ઠાર્યું. આમ ઘર સળગાવવા માટે અને મીણબત્તીને અડવા માટે મને મહિનાઓ સુધી સૌએ ટોંક ટોંક કર્યું. પણ મને એ મારી ખોટી વગોવણી લાગતી. વાંક હતો તો મારી બાનો હતો. તેઓએ કેમ ન તપાસ્યું કે મીણબત્તી ઠરી ગઇ છે કે નહિ? મને ચમકાવીને ધમકાવ્યો ન હોત તો કંઇ એવું થાત? મેં તો તે પહેલાં યે દિવસો સુધી મીણબત્તી સળગાવેલી, ત્યારે તો કંઇ નહોતું બગડ્યું. મીણબત્તીને વાપરવાની રીત બતાવવાને બદલે મીણબત્તીથી મને દૂર રાખવાની નીતિને પરિણામે જ આવું થયું ને?

મારાં અટકચાળાં કરતાં દેવદાસકાકાનાં તોફાનો એક રીતે સારાં હતાં. તેઓ આવી ભાંગફોડ ઓછી કરતા, પણ સાહસ અને કળા ભરેલી રમતો તેઓ વધુ રમતા. નવીનવી રમતોની શરૂઆત તો તેઓ જ કરતા રામદાસકાકા તેમાં કોઇ વાર ભળે અને કોઇવાર દેવદાસ કાકા એકલા જ રમે. હું ઘરમાંથી છુટ્ટી મેળવી શકું તો તો હું જઇ તેમને અનુસરૂં. મને તેમની પેઠે ઝાડ ઉપર ઝડપથી ચડઊતર કરતાં, પતંગ બનાવી તે ઉડાડતાં, કાગળનાં રમકડાં બનાવતાં, એમના જેટલી ઝડપથી

દોડતાં, સીધે નિશાને પથરા ફેંકતાં વગેરે આવડતું નહિ. છતાં એમના ગુરુપણા નીચે હું ધીમેધીમે શીખતો. છાપખાના પાસેના નાળામાં અમે ડૂબી જઇએ એટલું ઊંડું પાણી ઘણી જગ્યાએ હતું. કોઇ મોટેરાની સામે અમે નાળામાં ઊતરતા તો અમારો કાન ઝાલી અમને પાણીની બહાર કાઢવામાં આવતા. પણ અમે બંને, કાંઠે ગીચ ઝાડીવાળી જગ્યાએ જઇ, કપડાં કાંઠા પર ફેંકી પાણીમાં કૂદી પડતા અને કલાકો સુધી તરવાની મોજ માણતા મને થોડું થોડું તરવાનું દેવદાસકાકાને પ્રતાપે જ આવડ્યું હતું.

દર રવિવારે મગનકાકા અને ફીનિક્સના મોટા માણસો આમલી પીપળી અને બીજી મરદાની રમતો રમતા. તેમણે એક બહુ ઊંચા ઝાડની મજબૂત ડાળીએ જાડા દોરડાનો હીંચકો બાંધ્યો હતો. જમીનથી એ ડાળી સાઠ ફૂટથી ઓછી ઊંચાઇએ નહિ હોય. મગનકાકા એ હીંચકો ચગાવતા ત્યારે ડાળીની સીધાણથી યે ઉંચે ચઢી જતા. મને એ જોતાં ડર લાગતો કે હમણાં કાકા ઊંધે માથે થઇ જવાના, પણ સદ્ભાગ્યે કદી અકસ્માત થયો ન હતો. એ જ હીંચકા પર દેવદાસકાકા ચડતા. મને પોતાની સામે ઊભો રાખતા અને મગનકાકા જેટલે ઊંચે નહિ, તો યે સારી પેઠે તેઓ ઊંચે ચડતા. દેવદાસકાકાની ગેરહાજરીમાં હું એકલો એ હીંચકે ચડવાની હિંમત ન કરી શકતો.

ત્યાં પવન બહુ જોરથી ફુંકાયા કરતો. અહીં જેવા પાતળા કાગળના પતંગો ત્યાંના પવનમાં ચૂંથાઇ જ જાય. ત્યાં જાડા બ્રાઉનપેપરના પતંગો બનતા. દેવદાસકાકાએ એકવાર પૂરા માણસ જેટલો ઊંચો પતંગ બનાવ્યો. તેને ઉડાડવાને ભમરડાની જાળી જેટલી જાડી દોરી મેળવી અને દૂર ઊંચે ટેકરી ઉપર મને સાથે લઇ ગયા. પતંગનું પૂછડું બહુ લાંબું અને ઘાસનું ગૂંથેલું હતું, છતાં પતંગ ગોથાં મારતો હતો; એટલે તેને છેડે ભારે ભારે ત્રણ નાના પત્થરોથી બાંધ્યું અને મને પતંગ હાથમાં આપી પોતે દોર લઇ દૂર ગયા. પતંગ સરસ ચડ્યો પણ હજુ તેનું લાંબું પૂછડું લગભગ જમીન પર હતું. તડ તડ તડ મારા માથા પર પૂછડામાંના પત્થર વાગ્યા. હું ભાગ્યો તો ફરી પત્થર વાગ્યા. હું રોવા જેવો થઇ ગયો એટલે દેવદાસકાકા જોરથી હસી પડ્યા અને પતગ ઉપર ચડાવી દીધો. ત્યારે જ મને ખબર પડી કે તેઓએ જાણી જોઇને પતંગનું પૂછડું મારે માથે મારવાનો વિનોદ કર્યો હતો. એવા જ એક પતંગ પર રાત્રે દીવો બાંધી તેમણે ઊંચે ચડાવેલો.

ટાંકીમાં ગબડવાનું એમનું સાહસ તો ભારે હતું. ફીનકસની ડુંગરાળ જમીન પર કૂવા ખોદવા પોસાય એમ ન હતું. પીવાના પાણી માટે દરેક ઘેર છાપરાં નીચે પતરાંની બેત્રણ માથોડાં ઊંચી ટાંકીઓ મૂકી હતી વરસાદ વરસ આખું વરસ્યા કરતો એટલે વારે વારે એ ટાંકીઓ ભરાતી અને પીવા તથા રાંધવા પૂરતું પાણી મળી રહેતું. આ ટાંકીઓ ડરબનથી બનીને આવતી અને છાપખાના પાસે ગાડામાંથી નીચે ઊતરતી. ત્યાંનાં ચાર પૈડાવાળાં અને છબ્બચર જોડેલાં એ ગાડાં અમારા રહેવાના ટેકરા ઉપર ન ચડી શકતાં, એથી ટાંકીને ગબડાવતા ગબડાવતા પંદર વીસ જણ પાએક માઇલ ઉપર જ્યાં ટાંકીનો ઓટલો હોય ત્યાં સુધી લઇ જતા. એકવાર આવી ટાંકી ગબડાવવાને માણસો ભેગા થવાનો વખત થયો કે લાગ જોઇ દેવદાસકાકા અંદર ઘૂસી ગયા અને ઢાંકણું બંધ કરી દીધું, જેથી કોઇને ખબર ન પડે કે અંદર કોઈ છે. દસેક ફૂટ વ્યાસની એ ટાંકીમાં ગબડતા અને ઉપર નીચે પછડાતા તેઓ ઉપર પહોંચ્યા અને ટાંકી ઊભી કરવાનો વખત આવ્યો કે ઢાંકણું ઠેલી બહાર કૂદી પડ્યા. બધાને બહુ નવાઈ લાગી! ત્યાર પછી જેટલી ટાંકીઓ આવી એ બધીમાં દેવદાસકાકા સાથે ગબડવાનો આનંદ મેં પણ લીધો. અંદર ચુપચુપ વાતો કર્યા વિના કલાકેક પડી રહેવાનો સંયમ કઠણ હતો, પણ ટાંકીમાં પોટકાં પેઠે અફળાવાની મજા લેવા માટે એ સંયમ અને ત્યાર બાદ મળતી ધમકીઓ અમે સહેજે સહી લેતા.

દેવદાસકાકાની સરદારી નીચે આમ ટાંકીમાં અફળાવાના સાહસની જેમ છ સાત ફૂટ ઊંચે છાપરેથી કૂદકા મારવાની હિંમત પણ મેં કેળવી. ટૂંકમાં નિશાળ વિનાના ફીનિક્સમાં અમારૂં ભણતર નહિ જેવું થયું, પણ રખડીરખડીને બીજી તાલીમ અમે ઠીકઠીક મેળવી. અમારા હાથપગ કસાયા, માથે આવતાં વિઘ્નો ટાળતાં અમને આવડ્યું અને નવુંનવું સરજવાની હોંસ જાગી.

ઉંમર વધતી ચાલી તેમ આપોઆપ અમારૂં વલણ બદલાયું. ચોરીચોરીને ખાવાનો રસ ઓસરતો ચાલ્યો અને પાવડા કોદાળી લઇ ખોદવાનું, ક્યારા કરી મેથી

મૂળા વાવવાનું, તેને પાણી પાવાનું વગેરે કરવા માંડ્યું. એ કરતાં કંટાળીએ એટલે કુહાડી લઇ વગડામાંથી બકાનના છોડ વાઢી લાવી કોઈ વિશાળ વૃક્ષ નીચે જમીન સાફ કરી ઝૂંપડી બનાવીએ. નાની ત્રણચાર આંગળ જાડી લાકડીઓના થાંભલા ખોડી તેના ઉપર મોભ, વળી બધું નાખીએ અને પછી પાંદડાં ને ઘાસથી છાઇ દઇએ. પવન, તડકો, વરસાદ, કશું ન નડે તે સારૂ બુદ્ધિ ચાલે તેટલી ગોઠવણી કરીએ. ત્યાં અમે લીંપણ જોએલું જ નહિ, એટલે જમીન સરસ કરવાને લીંપવા ગૂંપવાનું અમને ન સૂઝતું; પણ છાપખાનામાંથી મોટા-મોટા નકામા કાગળો લાવી જમીન પર પાથરી સરસ આસન જમાવીએ અને ચારે જણ એમાં બેસીએ. સૂવાનું મન થાય તો વારાફરતી સૂઇએ. વળી નવા ઘરમાં બેઠે ધંધો કરવો જોઇએ એટલે છાપખાનામાં જઇ પરબીડિયાં ઉપાડી લાવીએ અને તેમાંથી જુદી જુદી જાતની ટિકિટો ભેગી કરીએ. આવી રીતે ત્રણ ત્રણ હજાર ટિકિટો ભેગી કરેલી મને યાદ છે.

બાપુજી એકવાર ફીનિક્સ આવવાના હતા ત્યારે અમે એક સુંદર ઝૂંપડી કરી હતી અને કાગળના ખડીઆ બનાવી તેમાં મીણબત્તીના દીવા કરી અમારા નાના ઘરમાં દીવાળી કરી હતી. બાપુજી તો રાતના મોડા આવવાના હતા એટલે મને તેમના આવતાં પહેલાં ઊંઘ આવી ગઈ. સવારે સૂરજ ઊગ્યા પહેલાં ઊઠી નહાઇ ધોઇ સાફ કપડાં પહેરીને હું બાપુજીને ઘેર ગયો. બાપુજી હરીઆળી ઉપર બેઠા દાતણ કરતા હતા. હરીઆળી ઘરના ઊંચા ઓટલાથી જમીન સુધી ઢાળમાં સુંદર વાવી હતી. અમે ચારપાંચ બાળકો ભેગાં થઇ ગયાં એટલે બાપુજીએ એકને આંગળીએ, બીજાને ખભે, ત્રીજાને ઓચ્ચા પર એમ વળગાડ્યાં. થોડીવારે મોટાઓ સાથેની વાતમાંથી ને દાતણમાંથી બાપુજી પરવાર્યા કે તેઓએ રમત માંડી. અમને એકએકને પોતાના માથા પરથી હરીઆળીના ઢાળ ઉપર ગબડાવી દેવા માંડ્યા. અમે દોડતા દોડતા તેમના ખભા પર ચડી બેસીએ; તેઓ ફરી પાછા ગબડાવી મૂકે. આમ અર્ધોએક કલાક રમત ચાલી અને ખૂબ હસાહસ થઇ રહી.

નવદસ વાગ્યા જેટલો દિવસ ચડ્યો કે બાપુજી બધાં ફીનિક્સવાસીઓનાં ઘરોમાં આંટો મારવા અને સૌને કુશળ સમાચાર પૂછવા માટે નીકળ્યા. તેઓ સાધારણ રીતે પૂછડીવાળી પાઘડી, કૉલર ટાઇ અને ગીન કોટપાટલૂન પહેરતા, પણ ફીનિક્સમાં તેઓ એવાં ભારે કપડાં ન પહેરતા. અમને સાથે લઇ ફરવા નીકળ્યા ત્યારે તેમણે મચ્છરદાની જેવા જાળીદાર કપડાનું બાંડીઉં અને ધોળું પાટલૂન પહેર્યું હતું. એમનું એ જાળીદાર પહેરણ મને એટલું રૂપાળું લાગ્યું કે ઘણી વાર સુધી હું એકી ટશે એને જોઇ જ રહ્યો અને મનમાં થયું કે મને પણ આવું પહેરણ મળે તો કેવું સારૂં? પણ હું કોની પાસે માગું? મેં મનમાં સમાધાન માન્યું કે સોનાના દાંત અને જાળીદાર પહેરણ તો બાપુજી જેવા મોટા માણસથી જ પહેરાય. બાપુજીની પાછળ પાછળ અમે બાળકો પણ એમની આંગળી પકડી ચાલ્યા. હું એમનું જાળીદાર પહેરણ જોવામાંથી પરવાર્યો ને આજુબાજુ જોયું તો અમારી ટોળીમાં રામદાસકાકા ન દેખાયા; એટલે મેં બૂમ મારીઃ 'લામદાશકાકા એ લામદાશકાકા!' બાપુજીએ તુરત મને ભોંઠો પાડતાં કહ્યું 'લામદાશ શું કહે છે, રામદાસ બોલ!' મેં ફરી કહ્યું 'લામદાશ.' એટલે બાપુજીએ અમને બધાંને કહ્યું 'છોકરાઓ બોલો. હિપ્ હિપ્ હુર્‌રૂરૂરે.' બધાએ બાપુજીથી પણ ઊંચે સાદે સાદ મેળવ્યો, 'હિપ્ હિપ્ હુર્‌રૂરૂરે'. બાપુજીએ ફરી ફરી ઊંચે સાદે અમને એ બોલાવ્યું. આખું ફીનિક્સ ગાજી ઉઠ્યું. પાંચ છ વાર હુર્‌રૂરૂરે બોલાવી લીધા પછી બીજાને બધ કરી મને એકલાને બોલાવ્યું. હું બરાબર બોલ્યો એટલે પછી મને કહે બોલ 'હર્‌ર્‌ર્‌ર્ રામદાસકાકા'. હું બોલ્યો 'હર્‌ર્‌ર્ રામદાસકાકા'. અનેકવાર એ રીતે કરાવ્યા પછી મારો લનો ર થયો અને ત્યારે જ હર્‌ર્‌ર્‌ર્ રામ-દાસકાકા કહેવાના ત્રાસમાંથી હું છૂટ્યો લ નો ર એ બાપુજી પાસેથી મને મળેલો પહેલો પાઠ હતો. તે દિવસ પછી આજ સુધીના જે અસંખ્ય પાઠ તેમણે મને આપ્યા તે એટલા જ વાત્સલ્યથી અને સહૃદયતાથી આપ્યા અને એમનું શીખવેલું હમેશાં તાજું રહ્યું.

બાપુજી ફીનિક્સમાં અવારનવાર આવ્યા કરતા, પણ દરેક વખતના તેમના આગમનના પ્રસંગો મને સ્પષ્ટ યાદ નથી. આજે એમની સાથેની રમતની વાત કહી એ એક વેળાનીયે હોય અથવા બે જુદેજુદે વખતે યે એ બન્યું હોય, પણ એ હરીઆળી ઉપરથી ગબડવું તેમની સાથે સાથે બધે ફરવું, તેમનું જાળીદાર પહેરણ વગેરે દૃશ્ય મને ચિત્રવત્ પ્રત્યક્ષ સાંભરે છે. એકવાર

તેઓ આવ્યા ત્યારે ગુમડાંથી અને વારંવાર ત્રેત્રણ અઠવાડિયે તાવ આવી જવાથી હું નબળો રહેતો એટલે લોહી સુધારવા, રાંધ્યા વગરનાં કાચાં (લાલ નહિ પણ લીલાં–પાકયા વગરનાં) ટમાટાં મને તેમણે ખવડાવવા માંડયાં. એ બહુ કડછાં લાગતાં અને મોઢું બગડી જતું, પણ બાપુજીએ મને એવો ચડસ ચડાવ્યો હતો કે પેલાં લવીંગિયાં મરચાંની માફક હોંસેહોંસે એ હું ખાઇ જતો.

બાપુજી આવે ત્યારે રમવાની મજા સાથે ખાવાની પણ ખૂબ મજા આવતી. તેઓ હોય ત્યારે દર શનિ-રવિવારે આખું ફીનિક્સ એક પંકિતએ જમતું. કેટલીયે વાનીઓ થતી. કોઇ વાર બાપુજીને ઘેર સૌ જમે અને કોઇવાર અમારે ત્યાં બાપુજી અને બીજાઓ જમે. બાપુજીને પૂરણપોળી અને ફરસાણ ખૂબ ભાવતાં, એટલે મારી બા અતિશય મહેનત લઈ સરસમાં સરસ પૂરણ-પોળી, ઢોકળાં વગેરે બનાવતાં. બાપુજી જમવા આવવાના હોય તે દિવસે મારાથી રમવાને બહાર ન નીકળી શકાતું. મારે મારા નાના ભાઇ કૃષ્ણને સાચવવાનું કામ કરવું પડતું. એ કામના બદલામાં કલાકે કલાકે મને નવી નવી ચીજ ચાખવા મળતી, એટલે તે દિવસે ઘોડિયાની દોરી ખેંચ્યે રાખવી મને કડવી ન લાગતી. બાપુજીને ખાવા ખવડાવવાનો શૉખ અસાધારણ હતો. કેટલીકવાર તો તેઓ છાપખાનામાં પણ ખીર વગેરે કરાવતા. શનિવારની ટપાલમાં છાપું પહોંચવું જ જોઇએ. શુક્રવારે છાપવાનું કામ સાંજે મોડું મોડું શરૂ થાય અને છપાયા પછી છાપાં વાળવાં, તેને પૂઠાં ચડાવવાં, શીવવાં, કાપવાં અને બીડવાં વગેરે કામ જરાયે અટકયા વિના આખી રાત ચાલતાં અને સવારે આઠ વાગ્યે સૌને છુટ્ટી મળતી. રાત્રે ઊંઘવાની કે પડખું વાળવાની તો શું ખાવાનીયે છુટ્ટી કોઇને ન મળતી. સૌને છાપખાનામાં જ ખાવાનું પહોંચતું. એ કામમાં અને એ ખીર ખાવામાં ચોમેર એટલો આનંદ રેલાતો કે શુક્રવારની રાતે અમારી ટોળી પણ છાપખાનામાં પહોંચી જતી અને મધરાત સુધી–ખીર મળે ત્યાંસુધી અમે જાગતા, કાગળના ઢગલાઓમાં રમતા અને નાનુંસૂનું કામ પણ કરી આપતા.

પણ આવી મજાઓ શરૂશરૂના વર્ષોમાં રહી. પછી તો બાપુજીએ ભારે પરિવર્તન માંડયાં. એ પરિવર્તનોનો પ્રત્યક્ષ અનુભવ મને નથી પણ અમારા ઘરમાં એકદમ ફેરફારો થવા માંડયા તે ઉપરથી એનું અનુમાન થાય એમ છે. તીક્ષ્ણ મસાલાવાળાં અને બહુ મરચાંવાળાં શાક-ભજિયાં ખાવાનું મગનકાકાએ બંધ કર્યું. જમતી વખતે રસોઇના સ્વાદમાં જરા ફેરફાર થાય તો તેમનાં ભવાં ચડી જતાં એ બંધ થયું. ઘરમાં અંગ્રેજી ઢબ ઘૂસવા લાગી હતી અને નિત્ય નવાં સાધનો ને ફરનિચરો આવતાં તે અટકયું. ટેબલ ખુરસીપર ધોએલા ઓછાડ પાથરી, તે પર તપેલાંની મેશ ન લાગે તે સારૂ મેશ ઝીલનાર વિલાયતી પાટિયાં વાપરવાની તથા કાંટા ચમચાથી ખાવાની પૂરી અંગ્રેજી રીત ઘટી. મારે માથેથી સાદડીવણાટની અંગ્રેજી ટોપી, બૂટમોજાં અને તૈયાર વિલાયતી સૂટ ગયા અને ઘરમાં બા કાકીએ સીવેલાં પહેરણ અને પાટલૂન જ રહ્યાં. અઠવાડિયે અઠવાડિયે મિષ્ટાન્નના ભોજનને બદલે સાદું ખાવાનું લઇ વનભોજન કરવાની રીત આવી.

એ મોજમજાભર્યું વાતાવરણ હવે એકાએક ગંભીર બનવા લાગ્યું. હસાહસ અને રમતોને બદલે ઉદાસી અને પોતપોતાના કામમાં ઊંધે માથે મંડયા રહેવાની વૃત્તિ આવી. મોટેરાઓના ચહેરાનાં અને વર્તનનાં પરિવર્તનો મને દેખાતાં હતાં, પણ એનું કારણ કંઇ સમજાતું ન હતું. લોકોની વાતો અને ચર્ચા પરથી એટલું સમજાતું કે 'મોહનદાસકાકા કંઇક સંકટમાં છે'. પછી કંઈક એવું સાંભળ્યું કે 'બોથા' કરીને કોઈ ગોરાએ બાપુજીને, હરિલાલકાકાને અને બીજાઓને જેલમાં પૂરી દીધા છે અને ત્યાં એમને ખાવાને ઘેંશ જ મળે છે, લાકડાના ચમચાથી ખાવું પડે છે, પૂરાં કપડાં યે પહેરવા નથી મળતાં ઇત્યાદિ.

વળી મહિનાઓના મહિના સુધી બાપુજી ફીનિક્સ આવતા નહિ તેથી પણ કંઇક વિકટ વસ્તુ સ્થિતિ ચાલી રહ્યાની મને અટકળ આવતી. ટૂંકમાં હું કંઇક સમજવા લાગ્યો, કેવળ ધીંગામસ્તીની ઉમર વીતી ત્યાં સુધીમાં સત્યાગ્રહનો દુનિયાના ઇતિહાસમાં એક રીતે સાવ નવો અખતરો આરંભાઇ ચૂકયો હતો.

એ આરંભની સાથેસાથે જ અમારા ફીનિક્સમાં બાળકો વધવા લાગ્યાં. માણિકયમ્, ઇબ્રાહીમ અને બીજા એવા કેટલાયે નાના મોટા અને અમને બધી વાતમાં હરાવી દે એવા છોકરાઓ આવી પહોંચ્યા અને રીતસરની નિશાળનો આરંભ થયો.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**



લાઇબ્રેરી

કવિને

હૈયે તારે ઝગે દીવડો એનાં તેજ ભલે જગ રાજે, અમારો માર્ગમાં દીવડો થાજે
જોતાં અચેતન જીરણ તેહના હાથ દોડી તું સ્હાજે, એની ટેકણ લાકડી થાજે;
દુઃખ દારિદ્રયનાં ધારણ ભેદવા તું તારી બંસરી વાજે, કાળની આગળ આગળ થાજે;
બોલે પ્રજાના પ્રાણ અભિનવ બોલ તેના સહુ સ્હાજે, એને ઉર ઘૂંટી ઘૂંટી ગાજે,
આકાશ,સાગર,અદ્રિના અંકમાં જ્યાં જવું હોય ત્યાં જાજે, ગીત તો ગાનવબાલનાં ગાજે,
લોભ મ રાખતો થોભ મ રાખતો નિત નવુંનવું ગાજે, તારાં અંતર ઠાલવી જાજે.

'બાદરાયણ'

(પ્રસ્થાન)

ફળોનો વિશ્વકર્મા મિચૂરિન

'બદમાશ! પાજી! લુંટારી! ડાકૂ!'

રશિયામાં કૉસ્લોવના એક નાના કસબામાં પોતાના બાગનાં ફળો પર જમા થતી ચકલીઓને આ શબ્દો સંભળાવતો, હાથમાં ડંડા સાથે સૂકે ચહેરે ફરતો એ બુઢ્ઢો પોતાનાં ઢીલાં ઢીલાં કપડાં ને દીન દુનિયાની બેખબરીથી બાવા આદમના જમાનાનો જ લાગે; પણ આજ એનો શુમાર સંસારના મહાન વિજ્ઞાનવેત્તાઓમાં થઇ રહ્યો છે. પોતાના કાર્યથી વનસ્પતિ જગતના અનેક નિયમોમાં ઉથલપાથલ કરી, તેણે પ્રકૃતિની પુરાણી પ્રણાલિમાં ક્રાન્તિ પેદા કરી છે.

એ બુઢ્ઢાનું નામ મિચૂરિન આજથી સાઠ વર્ષ પર તેને એક ધૂન પેદા થએલી. શૂન્યથી યે ચાલીશ ડિગ્રી જ્યાં પારો નીચે રહે છે એવા ઉત્તર રશિયામાંના પોતાના કૉસ્લોવ પ્રાંતમાં એ ધૂનના ઉદય સાથે ભૂમધ્ય સમુદ્રની શીતોષ્ણ હવામાં નીપજતાં ફળો ઉપજાવી શકાય કે નહિ? એ તો પ્રયોગો પર મંડ્યો. દેશપરદેશથી તેણે બી ને કલમો મગાવી કૉસ્લોવમાં તે ઉગાડવાની કોશિષ કરી. વર્ષોના અથાક પરિશ્રમ છતાં યે તેમાંથી પરિણામની નિષ્ફળતા જોઇ લોકો એને 'દિવાનો' કહેવા લાગ્યા, ને આજ પણ ત્યાં તેને માટે એ જ નામ વાપરવામાં આવે છે.

પરંતુ મિચૂરિન નિષ્ફળતાથી હારી જાય તેમ ન હતો. ઉત્તરનાં સહિષ્ણુ વૃક્ષો પર તેણે ભૌગોલિક સ્થિતિમાં તદ્દન ભિન્ન એવાં દક્ષિણનાં ફળઝાડોની કલમો બાંધવા માંડી. એમાં યે પ્રયોગ કરતાં દસ વર્ષ ગુમાવવાં પડ્યાં, પણ અંતે તો સફળતા મેળવી ને નવાં ફળ દેવાવાળાં સેંકડો વૃક્ષો તેણે ઊભાં કર્યાં.

આ આઇવન મિચૂરિન ૧૮૫૪માં મધ્ય રશિયામાં જન્મેલો. બાપના મૃત્યુથી નાની વયે જ તેને ગુજરાનનો બોજો ઉઠાવવો પડ્યો. ૧૮૭૫માં એકવીસ વર્ષની વયે તે કૉસ્લોવ આવ્યો ને રિયાઝન-યૂરલ રેલવેમાં સાડા બાર રૂબલના પગારે નોકરી રહ્યો.

અહીં જ એને એ ધૂન જાગી ને તેણે જમીનનો એક નાનો ટુકડો ભાડે રાખી પ્રયોગ કરવા માંડ્યા. ૧૮૮૮માં છ એકર જમીનનો એક બીજો પટ તેણે ખરીદ્યો. જમીન ખૂબ કસદાર હતી, છતાં ચાર ચાર વર્ષ ઉછેરેલા છોડ, ઝાડ પણ તેમાં કોઇ પ્રત્યક્ષ કારણ વિના એકદમ મરી જવા લાગ્યાં.

આથી તેણે વનસ્પતિવિજ્ઞાન પર જેટલાં મળી શકે એટલાં પુસ્તકોનું પારાયણ શરૂ કર્યું. પ્રસિદ્ધ બાગો જોવા ઉત્તર રશિયાની લાંબી મુસાફરી યે તેણે કરી પણ એથી પોતાના પ્રયોગોમાં તો કોઇ જાતની સહાય તે મેળવી શક્યો નહિ ફક્ત એટલું તે જાણી શક્યો કે સારા યે રશિયામાં એક પણ બાગ વૈજ્ઞાનિક રીતિએ ચલાવાતો નથી. મિચૂરિનની એ મુસાફરી પહેલી અને છેલ્લી જ હતી. ત્યારબાદ કદી તેણે કૉસ્લોવ બહાર પગ નથી મૂક્યો.

આ મુસાફરી પછી પોતાની સ્ત્રી સાથે એ એવા પ્રયોગોમાં રોકાયો કે કપરામાં કપરી આબોહવા પણ એ પ્રયોગજન્ય વૃક્ષો પર અસર ન કરી શકે. પોતાની બાગવાનીની તરફેણમાં મિચૂરિને ત્યારે થોડાક લેખો પણ લખેલા, પણ એ બધા પાછા ફરેલા. 'રશિયન બગીચા'ના તંત્રીએ તો લખેલું કે, 'અમે કેવળ સાચી જ વાતો છાપીએ છીએ!' થોડીક સરકારી સહાયતા ઝારના કૃષિમંત્રીને આપવા પણ તેણે રિપોર્ટ લખી જોયો, પણ તેનો યે કશો જવાબ ન આવ્યો.

મિચૂરિનનું ધૈર્ય આથી ડગમગવા લાગ્યું. એને ખાત્રી હતી કે પોતે સાચે રસ્તે છે. પણ શહેરવાળાઓની નજરમાં તે 'દિવાનો'

ને વિજ્ઞાનીઓની નજરમાં 'જૂઠો' ઠર્યો હતો! એવામાં એક જુદી જ તરકીબ લડાવવાનું તેને મન થઇ આવ્યું. અમેરિકાના કૃષિવિભાગને તેણે પોતાના પ્રયોગોનો રિપોર્ટ મોકલ્યો એનો ઉત્તર આવ્યો: તે જો અમેરિકા જાય તો તેને સારો જેવો દરમાયો આપી, પોતાના પ્રયોગક્ષેત્રોનો તેને અધ્યક્ષ બનાવવા સુધી અમેરિકાની સરકાર તૈયાર હતી!

છતાં, રશિયાની સરકાર હજુ યે કંઇ સગવડ કરી આપે એ આશાએ મિચૂરિને કૃષિવિભાગમાં ફરી રિપોર્ટ મોકલ્યો રિપોર્ટ વંચાયો ને દમામદાર કપડાં ને સેંટની ખુશબૂથી ભરપૂર, ઝારના કૃષિવિભાગનો અફસર મિચૂરિનને ઝૂંપડે આવી પહોંચ્યો. પોતાનો બધો રોષ ઠાલવતો એ બોલ્યો, 'તને અમેરિકા જવું છે? રશિયા છોડવું છે? હું તને ક્યાં પણ જવાની મનાઇ ફરમાવું છું.' એટલું કહેતો દમામભેર એ પાછો ચાલ્યો ગયો.

ભલે પોતાને રશિયા છોડવાની મનાઈ થએલી પણ રશિયા બહાર તો પોતાની કદર થઇ જ હતી; આ પ્રોત્સાહને મિચૂરિને ઉલટભેર પોતાના પ્રયોગો ચાલુ રાખ્યા. ને તેમાં એ એટલો રત બન્યો કે ૧૯૧૪માં મહાયુદ્ધ જાગ્યું તેની યે દૂરને ખૂણે પડેલા મિચૂરિનને કંઇ ખોજખબર ન હતી. એ તો ફળો સાથે ઠંડી ગરમીના યુદ્ધમાં ગુંચવાએલો હતો.

ને રશિયામાં મહાન ક્રાન્તિ થઇ ગઇ, તેથી યે મિચૂરિન તો અણવાકેફ જ રહેલો. નવી ક્રાન્તિકારી સરકાર તેના પ્રયોગ-ક્ષેત્રોની જમીન લઇ, તેમાં બટાટાની ખેતી કરવા માગે છે એમ લોકોએ જ્યારે તેને કહ્યું ત્યારે જ આ ક્રાન્તિની તેને ખબર પડી.

આ સમાચાર મળતાં વેંત પોતાનો પુરાણો કોટ પહેરી, હાથમાં લાકડી સાથે તે અધિકારીઓને મળવા ઊપડ્યો. 'હું તમારી સાથે રહી કામ કરીશ, પણ મહેરબાની કરી મારી જિંદગી ભરની મહેનત બરબાદ ન કરો.' એની આજીજી-ઓએ આખરે અધિકારીઓને પીગળાવ્યા ને તેના ઉદ્યાનોમાં કશી દસ્તનદાજી કરવામાં ન આવી.

ઑક્ટોબરની લાલ ક્રાન્તિ બાદ જાગેલા ગૃહયુદ્ધમાં ટ્રૉટ્સ્કીએ ઝાર પક્ષને નેસ્તનાબૂદ કર્યો ને મોસ્કોના ક્રેમલિનમાં બોલ્શેવિક સત્તાની જમાવટ થઇ ગઇ ત્યારે લેનિને દેશના પુનર્નિર્માણનું કાર્ય હાથ ધર્યું ઇ. ૧૯૨૧માં રશિયન વિજ્ઞાની વાવીલોવને લ્યૂથર બરબૅંકના બાગો જોવા કૅલિફૉર્નિયા મોકલવામાં આવ્યો.

વાવીલોવ આ બાગોનું નિરીક્ષણ કરી રહ્યો હતો ત્યાં જ તેના અધ્યક્ષે તેને સવાલ કર્યો; 'હાં, એ તો કહો કે મિચૂરિનનું સ્વાસ્થ્ય તો બરાબર છે ને? એના પ્રયોગો કેમ ચાલે છે?'

વાવીલોવ શો ઉત્તર આપે? આશ્ચર્યચકિત આંખે એણે તો પૂછ્યું, 'કયો મિચૂરિન?'

'આઇવન મિચૂરિન, વનસ્પતિશાસ્ત્રનો મહાન રશિયન વૈજ્ઞાનિક!'

'મેં તો એનું નામ પણ નથી સાંભળ્યું!'

'હેં, મિચૂરિનનું નામ પણ નથી સાંભળ્યું? ફળોના વિશ્વકર્મા મિચૂરિનનું!! આ સામે છોડ દેખાય છે એ મિચૂરિનનું જ છે. તદ્દન જંગલી અવસ્થામાંથી એને તે આ સ્થિતિ પર લાવ્યો છે. અમારાં અખતરાઓમાં એ અમૂલ્ય મદદ આપી રહ્યો છે.'

વાવીલોવે એ જ દિવસે આ રિપોર્ટ મોસ્કો મોકલ્યો. ક્રેમલિનમાં બેઠેલા લેનિને કૉસ્લોવના બોલ્શેવિક અધિકારીઓ ઉપર તારો પર તારો કર્યા, 'મિચૂરિનને જોઇએ તેટલી જમીન ફોરન આપી દો. એ જેટલા પૈસા માગે એટલા પૈસા આપી દો. જેટલાં ઓજારો જોઇએ એટલાં ઓજારો, જેટલા મજૂરો જોઇએ એટલા મજૂરો તેને આપો. તેણે જે કંઇ લખ્યું હોય તે પ્રકાશિત કરો.'

આ રીતે આખરે મિચૂરિનની રશિયાએ કદર કરી. પણ ક્યારે? સડતાળીસ વર્ષના તેના સતત પરિશ્રમ બાદ! અડસઠ વર્ષની વયે! પણ એટલી કદરસનાશી યે મિચૂરિનને નવું બળ આપવા પૂરતી હતી. નવા સહકારીઓ સાથે ઉલટભેર તે પોતાના પ્રયોગો પર મંડી પડ્યો. સિત્તેર વર્ષનો એ થયો ત્યારે બોલ્શેવિક સરકારની આજ્ઞાથી તેની જયંતી ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવી. રશિયાભરની વૈજ્ઞાનિક સંસ્થાઓએ તેને અભિનંદવા પોતપોતાનું ડેપ્યુટેશન ત્યારે તેની પાસે મોકલ્યું હતું.

હવે તો મિચૂરિન ઉત્તર રશિયાના બર્ફિસ્તાનમાં રાસબરી નાસપતિ, અંગૂર વગેરે અનેક રસીલાં ફળો ઊછેરે છે. એ વૃક્ષોની ઉત્પત્તિ ખૂબ જટિલ છે. એક જ ઝાડની કલમ એક એક કરીને કેટલા યે ઝાડો પર લગાવ્યા બાદ જ ત્યાંની ઠંડીમાં ફળ આપવા યોગ્ય બને છે. હજુ સુધી તે ત્યાં લીંબુ પેદા નથી કરી શક્યો, પણ કહે છે કે, 'હજી જો હું પચીસ વર્ષ જીવતો રહું તો કૉસ્લોવમાં લીંબુ પણ પેદા કરી દઇશ.'

મિચૂરિનના પરિશ્રમે જ પશ્ચિમ સાઈબીરિયામાં બદામની પેદાશ થઇ શકી છે. ઉત્તર અમેરિકા અને મંગોલિયાની બદામના મિશ્રણથી તેણે તે ઉપજાવી છે. વળી એનાં 'ઉત્તરી સૌન્દર્ય' નામનાં ફળો તો ઇર્કુટસ્કની બરફમાં યે ઉત્પન્ન થાય છે ને ચીનના જંગલનું બીજું એક ફળ 'એક્ટીનીડિયા' ઉગાડવા સારૂ તો તેને જુદાજુદા ચાલીસહજાર વૃક્ષો પર કલમ બાંધવી પડી હતી!

આજ મિચૂરિનનું વય બ્યાસી વર્ષનું છે. હજુ એ પ્રયોગો કરે છે. કાનની શક્તિ કમી થઇ છે, પણ નજર જેવી ને તેવી તેજ છે.

— બ્રજમોહન વર્મા (વિશાલ ભારત)

બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી

તા. ૧૫મી સપ્ટેમ્બર ૧૮૮૩. મુંબાઈમાં એક વેપારીની પેઢીમાં આઠ ઉત્સાહી યુવાનો એકઠા થયા. છ અંગ્રેજ, બે હિંદુ, બેએક વેપારી, થોડા સરકારી નોકર, એક મીઠાનો ઈન્સ્પેક્ટર, ત્રણ દાકતર. ભેગા મળી એમણે સંકલ્પ કર્યો કે

આજથી આપણે નવરાશના વખતે, મહિનામાં એક વાર એક સ્થળે મળવું. પ્રાણીજીવનના આપણા અભ્યાસ અને અનુભવની આપલે કરવી. આવો શૉખ જેને હોય તેવાને આપણા મંડળમાં ભેળવવા. આમ આપણો ઉત્સાહ વધશે હિંદુસ્તાનનાં પ્રાણીઓ વિષેનું જ્ઞાન પણ વિશાળ થતું જશે. ફી નામની.

આ નિશ્ચય તો કર્યો, પણ ભેગા ક્યાં થવું? થોડો વખત તો રાણીના બાગમાં બધા મળ્યા. પણ એમ કંઇ રોજ નભે? ભાડે સ્થળ લે, પણ પાસે પૈસા પૂરતા ન મળે. ભારે મૂંઝવણ. ત્યાં મંડળના અદમ્ય ઉત્સાહવાળા મંત્રીએ કહ્યું કે ચાલો મારી પેઢી પર. મારા કારકુનો બેસે છે તે વિશાળ ઓરડો તમને સોંપું છું. દહાડે મારો ધંધો ચાલશે સાંજે આપણે મળીશું.

ગાડું આગળ ચાલ્યું. સભ્યો વધવા લાગ્યા. એકે આ પુસ્તક આપ્યું: બીજાએ બીજું આપ્યું. લાગવગથી મુંબાઇ સરકાર પાસેથી પણ થોડાં પુસ્તક પડાવ્યાં. હવે નવા સ્થળની જરૂર પડી. તપાસ કરતાં ક્યાંયે અનુકૂળ ન પડે. ફરી પેલા મંત્રી તરફ નજર ગઇ. એની ઑફિસનો જ અરધો ભાગ આપણને ભાડે મળે તો? દરખાસ્ત મુકાઇ. ભલા મંત્રીએ નામનું ભાડું લઇ મકાન આપ્યું.

આજ સુધી ભાષણો થતાં. વાતો કરી બધા વીખરાઇ જતા. અભ્યાસને ઝાઝો અવકાશ ન હતો. એટલે એ તરફ ધ્યાન દોરાયું. મંડળની પ્રવૃત્તિઓ વ્યવસ્થિત થવા લાગી. વ્યાખ્યાનો બંધ થયાં. એકને સ્થળે હવે દરેક મહિને પાંચ મીટિંગો થવા લાગી. દરેકની અંતરંગ વ્યવસ્થા જુદી. એકમાં માત્ર સ્તનપાયી પ્રાણીજીવનની જ ચર્ચા; બીજીમાં જંતુઓ; એકમાં સરીસૃપ અને માછલાં; ચોથી પક્ષીજીવનનું સંશોધન કરે. વનસ્પતિના અભ્યાસ માટે પણ એક વિભાગ હતો. જેનો જે પ્રિય વિષય તે વિભાગમાં તે ભાગ લે. આને અંગે નમૂનાનો પણ સંગ્રહ વધ્યો.

હવે જરૂર પડી મુખપત્રની. મંડળની વિવિધ પ્રવૃત્તિઓને અંગે પ્રાણીજીવન વિષેની અત્યંત મહત્ત્વની શોધો મંડળના ચોપડે નોંધાતી. પણ એના જ્ઞાનનો ફેલાવો કરવો શી રીતે? એટલે નવું સાહસ ઉઠાવ્યું. તા. ૧ જાન્યુઆરી ૧૮૮૬ને રોજ મંડળ સ્થપાયાને બે વર્ષ થયા પછી, મુખપત્રનો પહેલો અંક છપાઇ બહાર પડ્યો.

આ મંડળ તે બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી.

એની કચેરી ૬ ઍપોલો સ્ટ્રીટ, શરૂઆતથી આજ સુધી એક જ સ્થળે છે.

એ મુખપત્ર તે સોસાએટીનું જર્નલ. ૫૦ વર્ષ ઉપર એનો પહેલો અંક નીકળ્યો હતો: એના ૩૮મા વૉલ્યુમનો છેલ્લો અંક મને ગયે મહિને જ મળ્યો. પહેલા અંકમાં ૩૦ પાનાં હતાં: આજે એ બાર પંદર મહિનાના ગાળામાં ૧૦૦૦--૧૫૦૦ પાનાનું વાચન આપે છે.

ભારતવર્ષના અશેષ પ્રાણીજીવનનો અભ્યાસ કરવાનો એનો પ્રધાન હેતુ. ભેગી વનસ્પતી પણ હોય. એ હેતુ સિદ્ધ કરવા એના સભ્યો દેશના ખૂણેખાચરેથી શોધીશોધીને અનુભવમાં આવેલી પ્રાણીજીવનની હકીકતો મંડળને મોકલે છે. હજારો રૂપિયા ખરચીને મંડળે ભારતવર્ષનાં સ્તનપાયી પ્રાણીઓની સમગ્ર યોનિઓનો અભ્યાસ (Mammal Survey) કર્યો છે. વિવિધ સ્થળનાં પંખીઓ, એમના માળા વગેરેની માહિતી એકઠી કરી છે. એક પણ સાપ, એક પણ પતંગિયું, એક પણ હડીલો વાણિયો એવો નથી કે જેનું અસ્તિત્વ જાણવામાં હોય છતાં મંડળના ત્રૈમાસિકમાં તે ન નોંધાયો હોય. એના ત્રૈમાસિકના અંકો ભારતવર્ષના પ્રાણીજીવનની સર્વોત્તમ એન્સાઈક્લોપીડીઆ છે.

એની પ્રવૃત્તિઓ સર્વતોમુખી છે. મુંબાઇમાં કાળાઘોડા પાસેનું મ્યૂઝિયમ તમે જોયું છે? એમાંનો અદ્વિતીય પ્રાણીસંગ્રહ આ સોસાએટીની જ બક્ષિશ. આજે પણ એની વ્યવસ્થા સોસાએટીના હાથમાં છે.

વળી એ કેવળ વિદ્વાનો કે તદ્વિદોનું મંડળ નથી એમાં કેવળ અભ્યાસીને પણ સ્થાન છે. આઠ ઉત્સાહી સજ્જનોએ એનો આરંભ કર્યો: આજે આ સંસ્થાના હજારો સભ્યો છે. વાઇસરૉય, ગવર્નરો, રાજા મહારાજાઓ, પ્રોફેસરો, નિષ્ણાતો અને મારા-તમારા જેવા અભ્યાસીઓ તેમ યુરોપ અમેરિકાના વિદ્વાનો પણ એના સભ્ય થવામાં ગૌરવ માને છે. યુરોપ અમેરિકાનાં અનેક મ્યૂઝિયમ, સોસાએટીઓ પણ એનાં સભાસદ છે. એના ત્રૈમાસિકમાં દર્શાવેલા અભિપ્રાયની ખૂબ પ્રતિષ્ઠા ગનાય છે.

પણ ગુજરાતનું શું?

બૉ૦ નૅ૦ હિ૦ સોસાએટી તો સમગ્ર ભારતવર્ષની સંસ્થા. એની વિશાળ દૃષ્ટિમાં ગુજરાત જેવા નાના પ્રદેશના પ્રાણીજીવનના સમગ્ર અવલોકનને સ્થાન ન જ હોય. એ અર્થે તો આપણે ગુજરાતીઓએ જ પ્રયત્ન કરવો રહ્યો.

આપણે જાણીએ છીએ પણ કેટલું? ગુજરાતમાં માત્ર પંખીઓની જ યાદીઓ થઇ છે,—બે ત્રણ અંગ્રેજોના હાથે. તેમાં યે છેલ્લી યાદી છપાયે ૪૦-૪૫ વર્ષ થયાં. સ્તનપાયી વર્ગનો અભ્યાસ સોસાએટીની 'મૅમલ સર્વે'એ કર્યો છે: પણ અધૂરો, ઉપરચોટિયો જ. બીજાં બધાં પ્રાણીઓ તો હજુ અંધારામાં જ છે. આપણા સાપ, આપણાં જંતુઓ આ બધાંનો અભ્યાસ થયો નથી. સમગ્ર ભારતવર્ષમાં પહેલે સ્થાને મુકાય એવાં મીઠા પાણીનાં માછલાંથી આપણી સાબરમતી અને વાત્રક જેવી નદીઓ ઊભરાય છે. પણ એની કોણે શોધ કરી?

પ્રાણીજીવનનો અભ્યાસ કરનારા આપણે ત્યાં છે: થોડા ઉત્સાહી યુવાનો. પણ બધા છૂટાછવાયા. એ બધા એકઠા થાય, એમના પ્રયત્નોનો સમન્વય થાય, એમની વિયતગામિની પ્રવૃત્તિઓ કેન્દ્રસ્થ બને તો ગુજરાતના પ્રાણીજીવનનો અભ્યાસ કેટલો આગળ વધે? પાંચેક વર્ષમાં તો આપણે આખા

ગુજરાતની 'સર્વે' કરી શકીએ.

ઑ૦નૅ૦હિ૦ સોસાએટીના આદ્ય સ્થાપકોમાંના એક, એના અવૈતનિક મંત્રી અને પોતાની ઑફિસમાં સોસાએટીની મીટિંગો વગર ભાડે ભરવા દેનાર સજ્જન મિ. ફિપ્સને આ સોસાએટી સ્થાપવાનો ઉદ્દેશ જણાવ્યો હતો કે "ઇંગ્લંડથી આ દેશમાં આવનાર પ્રત્યેક યુવાનને કંઇ ને કંઇ 'હૉબી' હોવી જ જોઇએ, એમ હું માનું છું પ્રકૃતિનો અભ્યાસ અને તેને અંગે વન-વગડામાં રખડવા જેવી ઉત્તમ 'હૉબી' બીજી નથી એવી પણ મારી માન્યતા છે.' દર વરસે સ્કૂલો અને કૉલેજો છોડી વ્યવહારમાં પ્રવેશ કરતા યુવાન ગુજરાતીઓની 'હૉબી'નું શું? એનો વિચાર કરવાનો વખત હજુ નથી આવ્યો ? 'વનેચર'

ઓલિમ્પિકના અનુભવ

(ત્યાં જઇ આવેલા ગુજરાતી ખેલાડી તરફથી)

ઓલિમ્પિક રમતોનો મહોત્સવ વિશ્વમાં મોટામાં મોટો છે. પહેલાં તે દર ચાર વર્ષે રમાતી, તેમાં માત્ર હરીફાઇઓ થતી ને દેશદેશના લોકોના હરીફ પ્રતિનિધિઓ તેમાં એકત્ર થતા; પણ જર્મન લોકોએ આ પ્રથા ફેરવી ને હરીફાઇઓ સાથે દેશદેશની રમતો ને કસરતોનો પણ એમાં સમાવેશ કર્યો. આ રીતે તેમણે આ વખતે દરેક દેશના પ્રતિનિધિઓ માટે નિમંત્રણો કાઢ્યાં હતાં. હિંદમાં કોઇ એવી વ્યાયામની મધ્યસ્થ સંસ્થા નથી, માત્ર અમરાવતી વ્યાયામ મંડળ એક એવી સંસ્થા છે કે જેના મારફતે ગુજરાત, દખ્ખણ ને સી.પી.માં વ્યાયામની દિશામાં ફળદાયી પ્રવૃત્તિ થઇ છે. એ સંસ્થાને આમંત્રણ મળતાં તેણે તૈયારી કરી, પણ પૈસાનો પ્રશ્ન મોટો હતો. તેમણે તે માટે ગોઠવણ કરી લીધી. ગુજરાતને બે પ્રતિનિધિઓ મોકલવાના હતા ને તે માટે રૂ. ૨૪૦૦ જોઇતા હતા. ડૉ. ચંદુભાઇએ એ કામ માથે લીધું ને છેલ્લી ઘડીએ હિંદથી ગએલી પચીસની ટુકડીમાં અમે જોડાયા હતા.

અમે તા. ૯મી જુલાઇએ ઊપડ્યા ને તા. ૨૨મીએ બર્લિન પહોંચ્યા. તા. ૨૪મીથી ત્યાં દેશદેશની રમતોનાં ડેમોન્સ્ટ્રેશનો શરૂ થયાં. દરેક દેશના ૨૫-૨૫ પ્રતિનિધિ આવ્યા હતા. અમે ૨૫મી જુલાઇએ અમારો કાર્યક્રમ બતાવ્યો તેમાં લેઝીમ, ભાલા, મગદળ વગેરે સંઘવ્યાયામનો સમાવેશ હતો; ત્યાંના લોકોને લેઝીમ ખૂબ ગમી ગઇ. તેમને માટે એ નવી વસ્તુ હતી. એ પ્રયોગ પૂરો થતાં કેટલાયે લોકો લેઝીમ જોવા આવ્યા. મલખમ પણ એ લોકોના જોવામાં જ નહિ આવેલું એના પ્રયોગોથી તો તે લોકોને ઘણી અજાયબી થઇ ને તેમણે જાતજાતના ફોટા લીધા. લકડીપટા, લાઠી, ઝુલતો મલખમ, ખોખો, હુતુતુ, અગરપાટા વગેરેના પણ પ્રયોગો અમે કર્યા હતા. ત્યાંના લોકોને હુતુતુની રમત ખૂબ જ પસંદ પડી; જરા પણ આવડે નહિ એવા લોકો અમારી સાથે રમવા આવતા. અમે તેમને રમતોનું સાહિત્ય આપી આપણી રમતોની માહિતી પૂરી પાડી હતી. આ પ્રયોગો થતા ત્યારે ફિલ્મો લેવાતી હતી. અમારા કામ માટે અમને દુનિયાની પ્રજાઓમાં બીજો નંબર મળ્યો એથી અમને આનંદ થયો. પહેલી વખતે જઈ આવું સ્થાન મેળવવા માટે અમને કંઇક ગર્વ પણ થયો. પહેલો નંબર ઑસ્ટ્રિયનો લઈ ગયા. આપણી વ્યાયામ-પ્રવૃત્તિનું જગતની પ્રજા સમક્ષ આ પહેલું પ્રદર્શન હતું. ને મને કહેતાં આનંદ થાય છે કે એ પ્રવૃત્તિ ઘણાને પસંદ પડી છે.

એની પાછળ આ વખતે જર્મનીએ દસ કરોડનો ખર્ચ કર્યો છે. જાણે એક મહાન ઉત્સવ ઉજવાતો હોય, તે રીતે આખી જર્મન પ્રજા આ પ્રસંગમાં ફુલટથી ભાગ લેતી હતી. ઘેરઘેર ઓલિમ્પિકના વાવટા ઊડતા. ઉત્સવ દરમિયાન આવા કરોડો વાવટા ખપ્યા હશે

આ રમતોમાં બધા દેશો ભાગ લઇ શકે છે. એમાં બધી રમતોને સ્થાન છે-માત્ર ક્રિકેટ નહિ. આપણે ત્યાં ક્રિકેટને માટે માન દેખાય છે, પણ કૉન્ટીનન્ટની પ્રજાઓ એ રમત પ્રત્યે ચીઢાય છે. ઓલિમ્પિકમાં એને સ્થાન નથી. આ વખતની રમતોમાં દુનિયાની ૪૮ પ્રજાઓએ ભાગ લીધો હતો. કુલ ૩૫૦૦ હરીફો આ રમતોમાં ઉતર્યા હતા.

રમતો ત્યાં ઇનામો માટે રમાતી નથી. આપણે ત્યાં ઇનામની દૃષ્ટિ છે, ત્યારે ત્યાં જુસ્સો ખીલવવાનો આદર્શ રખાય છે. પહેલાં તો ચાંદ પણ આપતા નહિ, પણ હવે અપાય છે. આ ચાંદ આપવાની વિધિ બે લાખ માણસોના ભવ્ય મેળાવડા સમક્ષ થઈ હતી. સલામીનો એ દેખાવ અદ્ભુત હતો. હિટલર જેવા માણસો ઊભા થઇ જીતનારને માન આપતા.

બર્લિનના સ્ટેડિયમ વિષે મારા વર્ણનથી કંઈ ખરો ખ્યાલ આવે નહિ, એ માટે તો પ્રત્યક્ષ અનુભવ જ જોઇએ. લાખ માણસ એક સાથે બેસી શકે એવું એ ભવ્ય હતું. સ્વીમિંગ સ્ટેડિયમ બે કરોડને ખર્ચે બંધાયું હતું. તે ૫૦ મીટર લાંબું અને ૩૦ મીટર પહોળું હતું. તરનારા તેમાં નક્કી કરેલી લાઇનોમાં રાઉન્ડ લેતા હતા. એમાં ત્રીસ હજાર માણસ બેસી શકે એવું સ્ટેડિયમ હતું. હૉકી માટેનું સ્ટેડિયમ ચાલીસ હજાર માણસો બેસી શકે એવડું મોટું હતું. રેસલિંગ માટેનો હૉલ ત્રીસ હજાર માણસ બેસે એવો હતો. એવા ભવ્ય સ્ટેડિયમમાં એક પણ થાંભલો નહિ એ ખાસ વિશેષતા હતી જર્મન ઇજનેરીનો એ અદ્ભુત નમૂનો કહી શકાય. આ ઉપરાંત એક સાઇકલ સ્ટેડિયમ પણ હતું ત્યાં સાઇકલની હરીફાઇઓ રસ્તા પર થતી નથી. ત્યાં શરતમાં ઊતરનારા પહેલાં ખૂબ ધીમે ધીમે સાઇકલ ચલાવે છે ને પાછળથી એકદમ ફાસ્ટ દોડાવે છે. આ રીતે રેકૉર્ડ કેમ થઇ શકે એ મને સમજાયું નથી.

આ વખતની ઓલિમ્પિક રમતોમાં જે સી. ઓવન નામનો એક હબસી જુવાન જગતના ખેલાડીઓના મોખરે આવ્યો છે. ત્રણ રમતોમાં બધાને હરાવીને એ પ્રથમ આવ્યો છે. ૨૬ાા ફૂટ કૂદી, લૉંગ જંપમાં આજ સુધીમાં દુનિયાનો ૨૬ ફૂટ ૨ ઇંચનો રેકૉર્ડ એણે તોડ્યો છે. ૧૦૦ મીટર રનિંગમાં

પણ એ પહેલો આવ્યો. હરીફો તો એનાથી કેટલા દૂર રહી ગયા હતા. આ માણસે ભારે નામના મેળવી છે અને જગત એની ફત્તેહથી તાજ્જુબ થઇ ગયું છે એને જર્મનીમાં તેમજ અન્યત્ર ભારે માન મળ્યું છે. હૉબસ્ટેપ જંપમાં પણ પરા ફૂટનો એણે રેકૉર્ડ કર્યો છે. એની કૂદવાની ગ્રેઇસ ને ઝડપ આશ્ચર્યે પમાડે એવી હતી. હરણની માફક એ છલંગ મારતો. ૨૬ માઈલ ને ૩૮૫ યાર્ડ દોડવાની શરત હતી, તેમાં આપણે ત્યાંનો સ્વામી નામનો ખેલાડી ઉતર્યો હતો.. એ રમતમાં પણ પેલો હબસી ૨ કલાક ૨૯ મિનિટમાં દોડી પ્રથમ આવ્યો. ખૂબી તો એ કે જાણે દોડયો જ નથી એવો એ લાગતો હતો, જ્યારે બીજાઓ લથડી પડયા હતા, બેહોશ થયા હતા ને ઘણાને તો ઊંચકીને લઇ જવા પડયા હતા. સ્વામીનો નંબર ૨૨મો કે ૨૩મો આવ્યો હતો. એ રમતમાં બીજે નંબરે બ્રિટન અને ત્રીજે નંબરે જાપાન આવ્યું–પોલજંપમાં અમેરિકા પ્રથમ ને જાપાન બીજું આવ્યું; પણ જાપાને બહુ ભારે પ્રગતિ કરી છે. ત્યાંના ટૂંકા લોકો યુરોપના લોકો સાથે બધી રમતોમાં ભારે ટક્કર લે છે. એમની એ પ્રગતિ જોતાં પૌર્વાત્ય પ્રજાઓ ગર્વ લઈ શકે એવું છે. હિંદને હજુ આવી તક નથી મળી.

સૌથી માનપ્રદ ને હિંદનું ગૌરવ કરનારી રમત તો ત્યાં હૉકીની થઈ. આપણા લોકો બીજી કોઇ રમતમાં જીત્યા નથી. આ રમતમાં આપણે ચૅમ્પિયન થયા. ૧૯૨૮થી હિંદ હૉકીનું ચૅમ્પિયન છે અને તે આજ સુધી અજીત રહ્યું છે. હૉકીને લીધે ત્યાં હિંદનું બહુમાન થયું હિંદીઓ એટલે હૉકીવાળા તરીકે ત્યાં ઝટ ઓળખાતા. આ વખતે જર્મન લોકોએ હૉકી-માં નંબર મારી જવા ભારે તૈયારીઓ કરી હતી અને ખૂબ તાલીમ મેળવી હતી. હિંદી ટીમ જતાં જ ત્યાં હૉકીની મૅચ રમાઇ તેમાં થાક ને ગ્રાઉન્ડને કારણે હિંદીઓ છ ગોલે હાર્યા હતા, તેથી અમને ભારે નિરાશા થઇ હતી. પણ તે પછી તો હિંદથી વિમાનમાં બે ખેલાડીઓ આવ્યા, તેમને આરામ પણ મળ્યો અને રમવાના સ્થળની પણ સુગમતા થઇ એટલે તો પછી કોઇનો ગજ ન વાગ્યો. આપણા હૉકીવાળાઓની ચપળતા અજબ હતી. બીજાઓને તેઓ બચ્ચાંની માફક રમાડતા. આમ આપણી હૉકી ટીમ જગતમાં અજોડ અને અજીત રહી હતી. તેણે હિંદનો વાવટો જર્મનીમાં ફરકાવ્યો. બીજાનો એક પણ ગોલ તેણે થવા દીધો નહિ.

બ્રિટને ત્યાં કંઇ ખાસ કર્યું છે એમ કહી શકાય નહિ. એના હરીફોમાં ખાસ દૈવત ન હતું. ૧૯૨૮માં તેઓ હતા તે કરતાં ૧૯૩૨ ને ૧૯૩૬માં તેઓ ઘણા નબળા જણાયા છે. આ માટે ઇંગ્લંડમાં ખૂબ ઉહાપોહ થઈ રહ્યો છે અને ૧૯૪૦માં થનારી ઑલિમ્પિક રમતો માટે કડીતોડ તૈયારીઓ થવા માંડી છે.

(ઑલિમ્પિક ક્રીડાંગણમાં ભાગ લઇ પાછા ફરેલા શ્રી હરિસિંહ ઠાકોરે સુરતમાં આર્યસમાજ હૉલમાં આપેલા ભાષણમાંથી)

સોનું–એક નિરુપયોગી ધાતુ

* * * તમને લાગશે કે કેવી ગાંડા જેવી વાત છે? પણ એમ નથી. ભલે એના ઓછાપણાને કારણે દુનિયાના નાણા-વ્યવહારમાં સોનાને ઊંચું સ્થાન હોય; પણ ઉપયોગ અને વિજ્ઞાનની દષ્ટિએ તો એ નિરુપયોગી જ છે એમ તમને આ લેખ કહેશે.

વૉશિંગ્ટનમાં થોડા વખત પહેલાં ડૉ. ફ્રાંક થોને કહ્યું હતું કે દુનિયામાં કીમતી ગણાતી ધાતુ સોનું, બીજી ધાતુઓના પ્રમાણમાં તદ્દન બીનઉપયોગી છે.

માણસને જે સૌથી જૂની ધાતુઓ જડી તેમાં સોનાનું સ્થાન છે. લોઢાનો ઉપયોગ તો માણસને મોડો સૂઝયો, પણ લોકો સોનું તો ત્યાર પહેલાંથી દાગીનામાં વાપરતા આવ્યા છે. પરંતુ અલંકાર માટે ઉપયોગી લાગ્યું તેટલું તે વ્યવહાર ઉપયોગ માટે તેમને તદ્દન નકામું લાગ્યું. ત્રાંબા જેટલું કઠણ અને મજબૂત ન હોવાથી ભલે તે ગમે તેટલા મોટા જથામાં મળી શકે તેમ હોય, પણ ઓજાર કે હથિયાર માટે તે તદ્દન નકામું જ છે. અને જ્યારે કાંસું શોધાયું તેમ જ લોઢા અને પોલાદની બનાવટમાં પ્રગતિ થઈ ત્યાર પછી તો સોનું તેની નરમાશને લીધે માત્ર શોભાના ગાંઠિયા તરીકે અવ્યવહારુ કાર્યમાં જ વપરાવા લાગ્યું.

સોનાની ખાસ ખાસિયત ફક્ત એટલી જ કે તે કટાતું નથી, અને અત્યારના હુન્નર ઉદ્યોગોમાં વપરાતા કડકમાં કડક તેજાબની સામે પણ ટકી શકે છે. આથી કદાચ કોઇ ખાસ પ્રસંગે રાસાયણિક પ્રયોગ કરતી વખતે કામ લાગે ખરું. પરંતુ સોના કરતાં પણ ઓછા પ્રમાણમાં અને વધુ કીમતે મળી શકતી પ્લૅટિનમ ધાતુ હવે આવાં કામોમાં વપરાય છે એટલે એમાં પણ સોનાનો ઉપયોગ નથી રહ્યો.

હા; વ્યવહારમાં તેનો કોઇ ખાસ ઉપયોગ હોય તો તે વરખ તરીકે, ઢોળ ચઢાવવા માટે અથવા તો પતરાં મઢવા માટે. એને ટીપીટીપીને એવું પાતળું પતરું બનાવાય કે થોડાક ઔંસ સોનામાંથી મોટામોટા ઘુમ્મટો ઢાંકી દઇ શકાય. એથી યે વધુ ટીપીને વરખ બનાવીએ તો વળી વધારે ઉપયોગમાં લઈ શકાય. આ સિવાય બીજા ઉપયોગોમાં તે કાંઈ કામનું નથી.

(લિટરરી ડાઇજેસ્ટમાંથી)

દુનિયાનું અમૃત–દહીં

સભ્યતા અને કૃત્રિમતાના આ યુગમાં માણસને કેટલીક એવી વ્યાધિઓએ જકડી લીધો છે કે શરીર એ રોગોના ઘર જેવું બની ગયું છે. આજકાલ સેંકડે નેવુ ટકા તો પેટની વ્યાધિઓથી જ પીડાતા હોય છે. એટલે એમના આહારમાં કોઇ એવું તત્ત્વ ઉમેરાવું જોઇએ જે આમાંથી થોડોઘણો યે છુટકારો આપી શકતું હોય. આસામની એક સ્ત્રી કેવળ દહીં પર ૧૫ વર્ષો થયાં રહે છે. બલગારિયાવાસીઓનો યે દહીં એ મુખ્ય ખોરાક છે. ડૉકટર મૅકનિકોફ તો દહીંને દુનિયાનું

અમૃત કહે છે. એના જેવું બલપ્રદ ભોજન બીજું નથી. દૂધ કરતાં તે સારું છે, કારણ દૂધમાં કીટાણુઓ જલદી પડે છે જ્યારે દહીંમાં હાઇડ્રોક્લોરિક અને લૅક્ટિક ઍસિડ હોઇ તેનો એટલો પ્રભાવ પડતો નથી, એટલું જ નહિ પણ બીજા પદાર્થો તેની સાથે મળતાં તેમાંના કીટાણુઓ પણ નાશ પામે છે. એટલા માટે જ હિંદુશાસ્ત્રોમાં દૂધ પીને પ્રયાણ કરવાની મનાઇ કરી છે. ને પ્રયાણ વખતે દહીંને શુકનમાં ગણ્યું છે. બીજી ખટાશ શુષ્કકીટાણુઓને નષ્ટ કરે છે, પણ દહીં આમ્લ અને મધુર હોઇ, તે પુષ્ટ કરે છે અરધો શેર દૂધ જો બરાબર પચી રસમાં પરિવર્તીત થઇ જાય તો તેનું પોણો ઔંસ માંસ બને છે. દૂધમાં દહીં કરતાં ઉપયોગી તત્ત્વો છે. પણ તે સંપૂર્ણ પચાવી શકાય ત્યારે જ. આજ તો શુદ્ધ દૂધ પણ કયાં મળે છે? અશુદ્ધ દૂધ ક્ષય જેવી વ્યાધિઓ યે ઉત્પન્ન કરે છે જ્યારે દહીંને એવું કશું નથી.

દહીં એકલા સ્વાસ્થ્યની જ રક્ષા નથી કરતું. પરંતુ કેટલી યે વ્યાધિઓમાં ઔષધિ પણ બને છે. મૅકનિકોફ તો અપચો, કબજિયાત, અજીર્ણ, કલેજામાં આગ, શરીરનું પીળું પડવું, આળસ વગેરે જે રોગો જલદી બુઢાપો લાવે છે તે સામે દહીં વાપરવાની ખાસ સલાહ આપે છે. એનાથી દાંત સાફ થાય છે ને તેમાં તાકાત આવે છે. શરીર પર મસળી નાખવાથી ચામડીના કુમાશ ને ગોરાશ વધે છે. શરીરમાંના વિષને તે જલદીથી બહાર આણે છે. દહીંમાં મધ નાખી દિવસમાં બે વાર પીવાથી શરીરનું બળ ને કાન્તિ અનેકગણી વધી જાય છે. (આયુર્વેદ વિજ્ઞાન)

ફેઇસ પાઉડર

* * * જે અનેક પરદેશી વસ્તુઓના આંધળા અનુકરણથી આપણે આપણી મૂર્ખાઇનું પ્રદર્શન કરીએ છીએ તેમાં આ ફેઇસ પાઉડરને પણ સ્થાન છે. પશ્ચિમના દેશોમાં જ્યાં અતિશય ઠંડી પડે છે ત્યાં ચહેરાની ચામડીના રક્ષણને અર્થે એ પદ્ધતિની કદાચ જરૂર પડતી હશે. (આપણે ત્યાં બાવાઓ નિત્ય પ્રભાતે સ્નાન પછી ભભૂત–રાખ–ને પાણીમાં ભીંજવી શરીરે લગાવે છે તે પણ આ ચામડીના રક્ષણના ઉદ્દેશથી) જો કે આજે તો પશ્ચિમમાં પણ આરોગ્યના નવા વિચારોને લીધે આ કૃત્રિમતા સામે પોકાર ઊઠ્યો છે; પણ આપણા હવામાનમાં તો એ વસ્તુને બીલકુલ જ સ્થાન નથી. તેને લીધે કેટલું નુકસાન થાય છે એ આ નીચેના લખાણથી જાણ્યા પછી યે આપણે કંઇ સમજીશું?

દસ પંદર વર્ષ પહેલાં પાઉડરથી રંગેલા ચહેરા માત્ર નાટકો ને ભવાઇઓમાં જ નજરે ચડતા. પણ આજ તો એની ચમકથી ચમકતાં મુખો ડગલે ને પગલે દેખાય છે. એની મદદથી કૃત્રિમ રીતે સૌન્દર્ય પ્રાપ્તિ કરવા ઇચ્છનારાઓ પોતાના સ્વાસ્થ્યને એથી પહોંચતી હાનિનો કંઇ વિચાર કરતા હશે ખરા?

વિદેશોથી આવતા પાઉડરોનો મોટો ભાગ ખડી માટીનો બનેલો હોય છે, જે ચામડીને ખરાબ કર્યા વિના નથી રહેતા. આપણી ચામડીમાં નાનાં નાનાં અસંખ્ય છિદ્રો હોય છે જે બે કાર્ય કરે છે એક તો અમુક અંશે પ્રાણવાયુ ખેંચવાનું ને બીજું દૂષિત વાયુને બહાર કાઢવાનું. પાઉડર એ છિદ્રોને રૂંધી મૂકે છે એટલું જ નહિ, એમને સંકુચિત પણ બનાવી મૂકે છે ને પરિણામે રહ્યાસહ્યા કુદરતી સૌન્દર્યનો પણ સહેજે નાશ થવા પામે છે.

આપણા ચહેરાની ચામડી નીચે અમુક એવી ગ્રન્થીઓ રહેલી છે કે જે ક્રમ મુજબ કામ કરતી રહેતી હોવાથી ચહેરા પર એક જાતની સ્નિગ્ધતા છવાઇ રહે છે. પાઉડરથી એ ગ્રન્થીઓ શિથિલ પડી જાય છે, ચહેરા પર શુષ્કતા આવી જાય છે, ને અકાળે કરચલીઓ યે પડી જાય છે ડૉ સ્ટૅનલી તો જણાવે છે કે આપણી ત્વચા નીચે શરીરનું કીટાણુઓથી રક્ષણ કરતું એક જાતનું અમ્લતત્ત્વ (acidity) આવેલું છે જેનો પાઉડરના પ્રયોગથી સમૂળગો નાશ થાય છે. (આયુર્વેદ વિજ્ઞાન)

ચન્નો પડવો

બળેવનો તહેવાર બીજે બધે શ્રાવણની પૂનમે ઉજવાય છે, પણ સુરતમાં શ્રાવણ વદ પડવાને દિવસે બળેવનો તહેવાર ઉજવાય છે, ને મેળો ભરાય છે સુરતની આ એક વિશિષ્ટતા છે.

સુરત તૂટીને મુંબાઇ થયું છે. સુરતના ઘણા લોકો ત્યાં વસે છે. અગાઉ પણ સુરતના વેપારીઓ મુંબાઇમાં વસતા અને શ્રાવણ સુદ પૂનમે દરિયાની પૂજા કરી નાળિયેર ચઢાવી પોતાને વતન સુરત આવતા ને સુરતમાં પણ બીજે દિવસે તહેવાર ઊજવી તાપીનું પૂજન કરી નાળિયેર ચઢાવતા. આમ એક દિવસ મુંબાઇમાં ને બીજે દિવસ સુરતમાં, એમ બે દિવસ બળેવનો તહેવાર પાળતા; ત્યારથી સુરતમાં બળેવને બીજે દિવસે જ મેળો ભરાય છે અને બીજે દિવસે જ બળેવનો તહેવાર ઉજવાય છે.

પણ આવા ઘણા તહેવાર આપણા શહેરમાં હેતુ વિના માત્ર મોજમજા માટે ઉજવાય છે, જેમકે વાસી ઉતરાણ, કનકવાની વરસી, વાસી ચંદની પડવો વગેરે. શરદ પૂર્ણિમાને દિવસે ચંદ્રનાં અમૃતમય કિરણો ઝીલવા ગામેગામના લોકો ચાંદનીમાં રાત્રે ફરે છે, જ્યારે સુરતમાં બીજે દિવસે એટલે પડવાને દિવસે એ ઉત્સવ ઉજવે છે; ઘારી–ભૂસા (ફરસાણ)ની ઉજાણીઓ પડવાને દિવસે થાય છે અને એટલેથી ન ધરાતાં વાસી ચંદની પડવો પણ ઊજવે છે. એ દિવસે સ્ત્રીઓ અને બાળકો સિવાય કિશોરથી માંડીને અતિવૃદ્ધ સુધીના પુરુષો 'ચન્નો પરવો આઇવો' એમ કહી તેના હરખમાં ઘારીભુસું કડાવવા માટે દાંત સાફ કરે છે, ને પૈસાની જોગવાઇ કરવા માંડે છે. (પ્રતાપ)

ઢોળ ચઢાવવાની નવી ધાતુ

મોટરગાડીના કેટલાક ભાગો (રેડીએટરની કળ, બંપર,

હેન્ડલ વગેરે) ઉપર હમણાં હમણાં ક્રોમિયમ નામની નવી ધાતુનો ઢોળ ચઢાવવામાં આવે છે. પહેલાં જ્યાં નિકલ ધાતુનો ઉપયોગ થતો ત્યાં હવે ક્રોમિયમનો ઉપયોગ થવા લાગ્યો છે. ક્રોમિયમ નિકલની માફક જલદી ઝાંખી નથી પડતી, એટલું જ નહિ પણ તેમાં પ્રકાશનાં કિરણોનું શોષણ ઘણું જ ઓછું થાય છે. આથી હવે મોટરની બત્તીની પાછળના ચંદા (રીફલેક્ટર) ઉપર પણ એજ ધાતુ ચઢાવેલી હોય છે. એ જરા મોંઘી પડે, પણ તેના ગુણને લીધે તેનો પ્રચાર ઝડપથી થાય છે અને ટૂંક વખતમાં જ ઘરમાં વપરાતી વાસણો તથા ઘર વખરીની ઘણી ચીજો 'નિકલ પ્લેટેડ'ને બદલે 'ક્રોમિયમ પ્લેટેડ' જ આવવા લાગશે.

મધમાખીની ચતુરાઈ

*** આ નીચેનું વાંચીને તમને થશે કે મધમાખી વળી કઇ યુનિવર્સિટીમાં ગણિત કે ભૂમિતિ ભણવા ગઇ'તી?

પણ આનું નામ જ નિસર્ગદત્ત અજબ પ્રેરણાશક્તિ. મધપૂડો બનાવનાર મધમાખીને મધ અને પૂડો તૈયાર કરવામાં અતિશય મહેનત પડે છે. એક તો પૂડા માટે મીણ બનાવવાનું અને બીજું સંગ્રહ માટે મધ બનાવવું. આથી વધારે મધ સંગ્રહ થાય એટલા માટે પૂડો બનાવવામાં એ મીણની કરકસર કરે એ સ્વાભાવિક છે. બની શકે તેટલા ઓછા મીણથી પૂડો બનાવી તેમાં વધારેમાં વધારે મધ તે સંઘરવા ઇચ્છે છે. આ માટે મધમાખીએ એવી એક આકૃતિ પૂડા માટે યોજી છે કે જેમાં આજસુધી સહેજ પણ ફેરફાર કે સુધારો કોઇપણ ગણિતશાસ્ત્રી નથી કરી શકતો.

પૂડાની ષટ્કોણ આકૃતિના ઉપરના બે ખૂણા મારાલ્ડીએ માપી જોયા તો ૧૦૯ અંશ ૨૮ કલા અને ૭૦ અંશ ૩૨ કલા જણાયા. બની શકે તેટલું ઓછું મધ વાપરીને વધારેમાં વધારે મધ સંઘરી શકાય એ માટે જ એવી આકૃતિની યોજના થઇ હશે એમ સ્વીકારીને રોમર નામના વિજ્ઞાનીએ એક વિદ્વાન ગણિતશાસ્ત્રીને ગણતરી કરીને આ બાબત ચોક્કસ નિર્ણય કરવા કહ્યું. આ ગણતરી કરનારનું નામ મિ. કોનીંગ. ગણતરી કરી જોતાં રોમરની માન્યતા સાચી જણાઇ. અનેક વિદ્વાનોએ વારંવાર જુદીજુદી રીતે ગણતરી કરી જોઇ તો પરિણામે તેમને મધમાખીની સ્વાભાવિક ચતુરાઈ ભારે અજબ પ્રકારની છે એમ દેખાયું છે. (સૃષ્ટિજ્ઞાન)

દુનિયાભરનું સૌથી મોટું ઘડિયાળ

લંડનનું 'બિગ બેન' ઘડિયાળ દુનિયાના સૌથી મોટા ઘડિયાળોમાંનું એક છે, પણ કૅનેડાના મૉન્ટ્રીઅલ શહેરના એક વિશાળ મકાન પરના જંગી પોલાદી ટાવર પર આવેલું રાક્ષસી ઘડિયાળ 'બિગ બેન'ને પણ મહાત કરે છે. તેના યંત્રોનું વજન છ ટન છે અને તેના ચંદા (Dial)નો ઘેરાવો 'બિગ બેન'ના ચંદા કરતાં સાતઘણો વધારે છે. ટાવરની ત્રણ બાજુએ આવા ત્રણ ચંદા ગોઠવેલા છે. દરેક ચંદાનો ઘેરાવો ૧૮૮ ફૂટ છે. આ ઘડિયાળે લોકોને ખૂબ રાહત આપી છે. મૉન્ટ્રીઅલ શહેરના લોકો તો ગમે ત્યાંથી એ ઘડિયાળમાં સમય જોઇ શકે છે. આજુબાજુ દસદસ માઇલ દૂર આવેલાં ગામડાંઓમાંથી પણ એ ઘડિયાળ જોઇ શકાય છે. વળી અંદરના વિદ્યુત્ પ્રકાશની ગોઠવણીને લઇ રાત્રે પણ સમય જોવાની મુશ્કેલી નડતી નથી. મૉન્ટ્રીઅલની મૅકગીલ યુનિવર્સિટીની વેધશાળા (Observatory) સાથે વિજળીના તારથી તેનું જોડાણ હોતાં ટાઇમમાં પૂરતી ચોક્કસાઇ જળવાય છે.

આ ઘડિયાળના ચંદામાં દરેક મિનિટના આંકા વચ્ચે ૩·૧૪ ફૂટનું અંતર છે અને દરેક કલાકના આંકા વચ્ચે ૧૫ ફૂટનું છેટું છે. મિનિટ કાંટાની લંબાઇ ત્રીસ ફૂટ અને વજન ૨૫૦૦ પૌંડ છે. કલાક કાંટો પણ એથી ઓછો ઊતરે તેવો નથી. તેની લંબાઇ ૨૦ ફૂટ અને વજન ૧૫૦૦ પૌંડ છે. મિનિટ કાંટો ચંદા પર એક પરિક્રમા દરમિયાન ૧૮૮ ફૂટની મુસાફરી કરે છે. તેની વર્ષભરની મુસાફરીનો અંદાજ કરીએ તો ૩૧૨ માઇલ આવે! કાંટા પર માણસ બેસે તોપણ તેની ગતિમાં લેશ પણ ફેર પડે નહિ! જાણે હાથી પર માખી બેઠી!

આ ઘડિયાળની બનાવટમાં પરદેશી વસ્તુઓનો સદંતર બહિષ્કાર કરવામાં આવ્યો છે. બધું સાંચાકામ સ્વદેશી છે અને તેની ગોઠવણી પણ કૅનેડાના કારીગરોને હાથે થએલ છે. કૅનેડાના લોકો ગૌરવ લઇ શકે એવું જબરદસ્ત આ ઘડિયાળ છે. —રાયસિંહજી કાનજી રાઠોડ

ફેફસાંની મજબૂતી

તમારાં ફેફસાંની મજબૂતી તપાસવી હોય તો તે માટે સારામાં સારો આ ઉપાય છે. જેટલો લઇ શકાય એટલો ઊંડો શ્વાસ લો અને તેને ખૂબ રોકી રાખી પછી છોડતી વેળા ધીમે સાદે ગણવાનું શરૂ કરો. શ્વાસ પાછો બહાર કાઢતાં સુધીમાં તમે જેટલી સંખ્યાએ પહોંચો એ તમારાં ફેફસાંની મજબૂતીનો પૂરાવો. ક્ષયવાળો માણસ ભાગ્યે જ દસ સુધી ગણી શકે છે. ન્યૂમોનિયાવાળો માણસ ચારથી નવ સેકન્ડ શ્વાસ રોકી શકે છે. તદ્દન તદુરસ્ત હાલતમાં તે વીસથી ત્રીસ સેકંડ સહેજે ચાલી શકે છે.

સુજાનસિંહ વસુલાતખાતાના અધિકારી થયા ત્યારે તેમનો એક નાલાયક સગો તેમની પાસે નોકરી માગવા ગયો અને અડી પડ્યો. તેનાથી કંટાળી બાપુએ કહ્યું, 'ભાઇ, મારી ઑફિસમાં નોકરી ખાલી નથી, પણ હજુરમાં થોડા વખતમાં એક જગ્યા ખાલી પડવાની છે. પણ તમારાથી ત્યાં કામ નહિ થઇ શકે.'

સગો: એમ તે હોય બાપુ, હું ગમે તેવું કામ કરી શકીશ.

બાપુ: ત્યારે જુઓ, દિવાન સાહેબ હવે વૃદ્ધ થયા છે અને થોડા વખતમાં તેમની જગ્યા ખાલી પડવાની છે. કહો, તમે એમનું કામ કરી શકશો?

સગો મૂગે મોએ ઑફિસમાંથી બહાર નીકળી ગયો.

ઑસ્ટ્રિયાના પરદેશમંત્રી પ્રિન્સ મેટરનિકે એક વખત લૉર્ડ ડડલેને કહ્યું, 'અમારા વીએનાના સાધારણ લોકો પણ સારા ભણેલા અંગ્રેજો કરતાં વધુ સારું ફ્રેન્ચ બોલે છે.' ડડલેએ જવાબ દીધો: 'કારણ, નેપોલિયને બબ્બે વાર તોપને ગોળે તમને એ શીખવી છે; પણ ઇંગ્લંડમાં એ તેમ કરી શકયો નથી!'


અનેકાર્થી શબ્દ: **વેધ**=છિદ્ર, વેહ; દોષ, બાધ; જખમ; વેધન; ગ્રહો વગેરે આકાશીય પદાર્થોની ગતિ, સમય વગેરેનું નિરીક્ષણ; ખોડ; સગવડ; સૂર્યગ્રહણ પૂર્વે ચાર પ્રહર અને ચન્દ્રગ્રહણ પૂર્વે ત્રણ પ્રહરનો સૂતકનો સમય; ખાર, દ્વેષ; સુતાર કે કડિયાના કામમાં શાસ્ત્રીય દોષ; ગણિતની પરિભાષામાં 'કોઑર્ડીનેટ ઑફ ઝેડ.'

કહેવતોના અર્થ: 'બાંધી મૂઠી લાખની' એટલે કોઇ જાતનો ભરમ જ્યાં સુધી ઉઘાડો ન પડ્યો હોય ત્યાંસુધી એ વાતની કીમત. ભરમ ફૂટતાં એની કીમત કોડીના યે નથી રહેતી એટલે કહેવાય છે કે, 'બાંધી મૂઠી લાખની, ઊઘાડી વા ખાય.' 'પાંદડાનો પણ પડદો સારો', 'ભરમ ગયો તેનું ભૂષણ ગયું' વગેરે એ અર્થની જ કહેવતો છે.

ગણિતગમ્મત

કોઇ પણ એક રકમ ધારો; તેને છએ ગુણો; ફરી છએ ગુણો; હવે કોઇ પણ સંખ્યા વડે ગુણો; તેમાં સાત ઉમેરો; ફરીથી છ વડે ગુણો; હવે ઉત્તરમાં જે રકમ આવી તેના અંકોનો, એક જ અંક આવે ત્યાં સુધી સરવાળો કર્યે જાઓ. જવાબ ૬ જ આવશે!

અમેરિકાના ન્યુ હૅમ્પશાયર ગામડાંમાં માત્ર છ જ જણા વસે છે ને એ બધાંની વય નેવું ઉપર છે.



ડાબેથી જમણે જતી આ બે કમાનો પર તાકી રહો. થોડી જ વારે તેનો ક્રમ બદલાએલો જણાશે અને તે જમણેથી ડાબે નીચે ઊતરતી જતી લાગશે.

નેવું રતલ પારાની છલોછલ ભરેલી બરણી કોઇ માણસ ધારે તો કદાચ સહેલાઇથી ઊંચકી જઇ શકે; પણ એ જ બરણીમાં જો એના ત્રીજા ભાગનો એટલે કે ૩૦ રતલ જ પારો ભરેલો હોય તો તે ઊંચકી લઇ જવી અશકય છે; કેમકે ચાલવાથી પારો હાલે, અને પારાનો છલકાટ એટલો જબ્બર હોય છે કે ભલા બલવાનને પણ ભોંયભેગો કરીદે.


કાચના બૂચવાળી શીશીનો બૂચ સજ્જડ થઇ ગયો હોય તો તેના ગળાની આસપાસ મજબૂત દોરીના બે આંટા લઇને કોઇ પાસે શીશી પકડાવી શારડીની દોરી માફક ઝડપથી તે દોરીને ફેરવજો. એથી શીશીના ગળાને પહોંચેલી ગરમીને લીધે બૂચ ઢીલો પડી જશે.

પવનની વધુમાં વધુ ઝડપ કલાકે ૫૦૦ માઇલની નોંધાઇ છે.

ઠંડી, ભય, પીડા કે ઉશ્કેરાટની જેમ જ કર્કશ અવાજ સાંભળતાં પણ આપણી રકતવાહિનીઓ સંકોચ પામે છે.

એક શેર રેશમ બનાવવા શેતુરના ૨૩૦૦ કીડા જોઇએ ને એટલાજ વજનની જાળ બનાવવા કરોળિયા ૨૭,૬૦૦!

કાદવના ડાઘ પર મેથીલેટેડ સ્પિરિટ અજમાવી જોજો.



કોઇપણ ગોળ વસ્તુની આસપાસ દોરી વીંટાળીને તેના પકડમાં લઇ એને ગોળ ફેરવી શકાય છે એ કલ્પના અને શોધે આજના યંત્રશાસ્ત્રમાં મોટો ફાળો આપ્યો છે. એ યુક્તિના જે વિવિધ ઉપયોગો માનવજાતે આજસુધીમાં સાધ્યા છે તેમાંના થોડાક બાજુનાં ચિત્રોમાં અનુક્રમે બતાવ્યા છે. પહેલેથી: પ્રાથમિક માનવે ધનુષની દોરી વીંટીને ઉપજાવેલું આજની શારડીનું સ્વરૂપ; કાષ્ઠ ઘસીને અગ્નિ પ્રકટાવવાની બે જુદીજુદી રીતો; વિવિધ જાતના હાથેથી ચલાવાતા સંઘેડા, અને છેવટે આજનો યાંત્રિક સંઘેડો—લેથ.